શ્રીકૃષ્ણાય નમઃ

શ્રીપુષ્ટિમાર્ગીય વચનામૃતો.

શુદ્ધાદ્વૈતબ્રહ્મજ્ઞાન, શુદ્ધ નિર્ગુણ ભક્તિ, પુષ્ટિમાર્ગ તેમ જ ભાગવતધર્મના સિદ્ધાન્તોથી ભરપૂર ગ્રંથ.

(વેદ, ઉપનિષદ, વગેરેના સારરૂપ શ્રીમદ્‌ભાગવત, શ્રીસુબોધિનીજી, તત્ત્વાર્થદીપ નિબંધ, તેમ જ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીપુરુષોત્તમજી વગેરે આચાર્યશ્રીઓના ગ્રંથોના આધારે)

સંશોધક: શ્રીવૈષ્ણવસેવામંડલ–મુંબઈ.

વિજ્ઞપ્તિ.

આ પુસ્તક શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયોની યોજના મુજબ પુસ્તકાલયોના ઉપયોગ માટે અગર શ્રીનામસેવાપ્રીત્યર્થે ભેટ તરીકે વહેંચવા ખરીદ કરવા ઈચ્છનારને ખાસ ઓછે ભાવે આપવામાં આવશે. લખો અગર રૂબરૂ મળો.

લી૦
શ્રીવૈષ્ણવસેવામંડલ.
ઑ. સે. ચુનીલાલ પરીખ.

છુટક નકલનું નોછાવર ૦–૪–૦

સંવત ૧૯૮૫ કારતક સુદી ૧૧. પ્રકાશકો: શ્રીવૈષ્ણવસેવામંડલ.
પહેલી આવૃત્તિ પ્રત ૧૦૦૦. …, સેન્ડ રોડ, કોટ, મુંબઈ.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧ જગત્ સત્ય છે.

૨ જગત્, જીવ, અન્તર્યામી, અક્ષર, ઇત્યાદિનું નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ **શ્રીકૃષ્ણ પરમાત્મા જ છે.**

૩ જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.

૪ જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે. સ્વતઃ વ્યાપક નથી.

૫ પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૬ સર્વોપરિ વેદાદિ શાસ્ત્ર પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.

૭ શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે. અર્થાત વસ્તુતઃ સ્વધર્મ **શ્રીકૃષ્ણની સેવા** જ છે.

૮ આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ–શરણ વિના અન્ય વિશ્વધર્મ હોઈ શકે જ નહિ.

વૈષ્ણવોની ઉન્નતિ માટે આવશ્યકતા.

૧ હવા અને પાણીની માફક છુટથી કોઈપણ જાતના પ્રતિબંધ સિવાય સ્વમાર્ગીય સિદ્ધાન્તનાં તેમ જ નીતિ, દયા, અહિંસા, વિ૦ ધર્મો ઉપદેશતાં પુસ્તકો જીજ્ઞાસુઓને વાચવા મલી શકે અને પુસ્તકોનો વાચવા ઉપયોગ થાય તેવાં પુસ્તકાલયો રાખો અગર તેમને મદદ કરો.

૨ બાલકોને નાનપણથી જ ધાર્મિક જ્ઞાન મલે તેવી સગવડવાલી પાઠશાલાઓ સ્થાપો.

૩ ભણવા ભણાવવા માટે શુદ્ધ અને સરલ પુસ્તકો જેમ બને તેમ સસ્તી કિંમતે વેચાય તેવી ગોઠવણ કરો.

૪ વૈષ્ણવ વોલન્ટીઅર કોરો સ્થાપો.

श्रीकृष्णाय नमः

વેદ કલ્પવૃક્ષરૂપ છે, અને વેદરૂપી કલ્પવૃક્ષના ફલરૂપ શ્રીમદ્ભાગવત છે, તેના રસરૂપ અનુભવૈકગમ્ય પરમતત્ત્વરૂપ પરબ્રહ્મ સ્વરૂપ તે શ્રીનાથજી



વ્રજભક્તો સર્વ સાધનનો ત્યાગ કરી કૃષ્ણને જ શરણે ગયા, જેમને કૃપા કરી પ્રભુએ હૃદયમાં તેમ જ બહાર પ્રકટ દર્શન આપ્યાં તે ભાવાત્મક આધિદૈવિક સ્વરૂપ તે શ્રીનાથજી.

યહ મેરે અભિલાષ હૈ પૂરો નંદકુમાર;
યહ છબીપે કોટિક વારને, તન મન પ્રાણ આધાર.
કહા કહોં રસના એક હૈ નાહિ લક્ષ કરોડ,
કૈસે કરકે બરનવોં દાસ સદા કર જોડ.

सत्यव्रतं सत्यपरं त्रिसत्यं सत्यस्य योनिं निहितं च सत्ये ।
सत्यस्य सत्यं ऋतसत्यनेत्रं सत्यात्मकं त्वां शरणं प्रपन्नाः ॥

સત્યવ્રત.[1] સત્યપર,[2] ત્રિસત્ય,[3] સત્યનું કારણ, સત્યના રક્ષક સત્યનુ સત્ય,[4] ઋતસત્યનેત્ર,[5] સત્યાત્મક[6] એવા તમારે શરણે આવ્યા છીએ.

૧ ભગવાન્ સત્ય છે અને સત્ય વ્રતવાળા છે ૨. સત્ય, તપ, દમ, શમ વગેરે બાર પ્રકારનાં પર કહેવાય છે તે સર્વ ભગવાન્માં સત્ય છે ૩. ત્રણ લોક ત્રણ આત્મા, ભૂઃઆદિ સર્ગ ભગવાન્માં સત્ય છે ૪ સત્યના આધિદૈવિકરૂપ સત્ય તે **સત્યનું સત્ય** ૫. ઋત અને સત્ય છે નેત્ર વા પ્રાપક જેનાં એવા કાલરૂપ ऋतसत्यनेत्र. ૬. ક્રિયાજ્ઞાનશક્તિરૂપ પંચદશવિધ સત્યમાં જ છે આત્મા વા સ્વરૂપ જેનું તે सत्यात्मक શ્રીકૃષ્ણ.

શ્રીપુષ્ટિમાર્ગીય પરમતત્ત્વરૂપ સેવ્યસ્વરૂપ **શ્રીકૃષ્ણ** જેને વેદ **પરબ્રહ્મ** સ્મૃતિ **પરમાત્મા** અને શ્રીમદ્ભાગવત **ભગવાન** શબ્દથી વર્ણવે છે.

જુદા જુદા ભક્તની જુદી જુદી સ્વરૂપમાન્યતાઃ-

પૂર્ણપુરુષોત્તમ આનંદ-રસાત્મક કૃષ્ણ *

ભક્તગમ્ય અક્ષરસ્વરૂપ.	જ્ઞાનીગમ્ય અક્ષરસ્વરૂપ.	અન્તર્યામિસ્વરૂપ.
(ભગવદ્ ગૃહરૂપ)	(કેવલ નિર્ધર્મક)	(સર્વ અવતારમૂલ)

ભગવાનનાં આધિદૈવિક, આધ્યાત્મિક, આધિભૌતિક સ્વરૂપની સમજઃ-

પરબ્રહ્મ-પરમાત્મા-પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણ.*

આધિભૌતિકસ્વરૂપ.	આધ્યાત્મિકસ્વરૂપ.	આધિદૈવિકસ્વરૂપ.
(લક્ષ્મીપતિનારાયણ)	(અક્ષરબ્રહ્મ)	(પુરુષોત્તમ, સચ્ચિદાનંદ)
પૂજામાર્ગીયને મળતું	મર્યાદામાર્ગના જ્ઞાનથી	પુષ્ટિમાર્ગીયને મલતું
સાયુજ્ય સ્થાન.	મલતું સાયુજ્ય સ્થાન.	સાયુજ્ય સ્થાન.

સર્વાન્તર સ્વરૂપની સમજઃ-

સર્વાન્તર લોકવેદાતીત [4]
કેવલ ભાવાત્મક વિપ્રયોગાત્મક
ધર્મીપુરુષોત્તમનું સ્થાયિસ્વરૂપ તે જ કૃષ્ણ.*

સંયોગરસાત્મક, લોકવેદપ્રસિદ્ધ
પુરુષોત્તમ, ક્રિયાત્મક શ્રીકૃષ્ણ.[3]

સચ્ચિદાનંદક, અવ્યક્ત, કૂટસ્થ અક્ષરબ્રહ્મસ્વરૂપ.[2]

ભગવદ્રૂપ સર્વ જડજીવાત્મક પ્રપંચાત્મક સ્વરૂપ[1]

*પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું બ્રહ્મસંબંધ આ રસાત્મક પૂર્ણપુરુષોત્તમ-**સર્વાન્તર** સ્થાયિસ્વરૂપ કૃષ્ણ સાથે જ છે ને માટે તે સ્વરૂપનું નિરૂપણ કરી શ્રીહરિરાયજી કહે છે 'तदर्थं ब्रह्मसम्बन्धो भावसेवाधिकारकृत् ।' ભાવાત્મક જે સેવા તેનો અધિકાર સંપાદન કરાવી આપનાર આ બ્રહ્મસંબંધ છે.

૧. વેદાદિ શાસ્ત્રપ્રતિપાદ્ય ક્ષરસ્વરૂપ. ૨. વેદાદિશાસ્ત્રપ્રતિપાદ્ય **અક્ષરસ્વરૂપ**. ૩. વેદાદિશાસ્ત્રપ્રતિપાદ્ય **પુરુષોત્તમ સ્વરૂપ**. ૪. વેદનો ગતિ જે સ્વરૂપને માટે નેતિ નેતિ કહી અટકી જાય છે તે કેવલ અનુભવૈકગમ્ય કવેદાતીત સ્વરૂપ.

શ્રીનાથજી-શ્રીકૃષ્ણના સ્વરૂપનો વિચાર:-

'रसो वै सः। रसश्ह्येवायं लब्ध्वानन्दी भवति। (तै. उ. २-७) તે પુરુષોત્તમ (બ્રહ્મ-આત્મા-પરમાત્મા) નિશ્ચયે રસ છે, આ જીવ (ભક્ત) રસને જ પામીને આનંદી થાય છે આ શ્રુતિપ્રતિપાદ્ય રસાત્મકસ્વરૂપ તે જ **શ્રીકૃષ્ણ.**

'ब्रह्मविदाप्नोति परम्' બ્રહ્મને જાણે તે પરને પામે 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म। योवेद निहितं गुहायां परमे व्योमन्। सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता॥' (तै. उ. २-१)બ્રહ્મ સત્ય,જ્ઞાન અને **અનન્ત** છે, પરમાકાશ (હૃદય)માં રહેલા તે બ્રહ્મને જે જાણે છે તે વિવિધ રસભોગ કરવામાં ચતુર બ્રહ્મની સાથે સર્વ કામનો-મનોરથોનો ભોગ કરે છે આ શ્રુતિમાં દર્શાવેલ ભાવાત્મક શ્રીકૃષ્ણનો અનુભવ શ્રીગોપીજનો કરે છે તે જ **શ્રીનાથજીનું સ્વરૂપ.**

यतो वाचो निवर्तन्ते। अप्राप्य मनसा सह। आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कदाचन॥ (तै. उ २-४) જેને પ્રાપ્ત કર્યા વિના જ્યાંથી મનસહિત વાચા નિવૃત્ત થાય છે-પાછી ફરે છે. બ્રહ્મના આનન્દને જાણનાર કદાપિ ભય પામતો નથી. આ શ્રુતિમાં જે નિર્ગુણ બ્રહ્મ દર્શાવેલ છે કે જેના આનન્દને જાણનાર ભય પામતો નથી તે બ્રહ્મસ્વરૂપ જ **શ્રીનાથજી-શ્રીકૃષ્ણનું મૂલસ્વરૂપ.**

ઋગ્વેદમાં પણ જ્યાં ફલ સંબંધી વર્ણન છે ત્યાં 'ता वां वास्तून्युश्मसि गमध्यै यत्र गावो भूरिशृंगा अयासः अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमवभाति भूरि। ભાવાર્થ (તે પરના ભાષ્યને આધારે) કૃષ્ણ બલરામનાં, અથવા ગોપીમાધવનાં, તે સ્થાન અમે પ્રાપ્ત કરવાની ઇચ્છા કરીએ છીએ કે જ્યાં ગોકુલમાં મોટાં શીંગડાંવાલી સુંદર ગાયો છે, અહિં ભૂમિને વિષે તે પ્રસિદ્ધ યશસ્વી કામ વર્ષાવનાર ભગવાનનું પરમસ્થાન વૈકુંઠથી પણ અધિક સુંદર વિરાજી રહ્યું છે. આ જ શ્લોકનો અનુવાદ તૈત્તિરીય ઉપનિષદ્‌માં પણ છે. આ પરમપદ ગોકુલ અને તેમાં બિરાજતા શ્રીકૃષ્ણ તે જ પુષ્ટિમાર્ગમાં સેવાતા **શ્રીકૃષ્ણ-શ્રીનાથજી.**

છાન્દોગ્ય ઉપનિષદ્‌માં અધ્યાય ૭ ખંડ ૨ માં 'सदेव सोम्य इदमग्र आसीदेकमेवाद्वितीयम्' આ એક જ અદ્વિતીય બ્રહ્મ પહેલાં હતું, તે જ 'एकोहं बहु स्याम् प्रजायेय' પ્રજાની કામનાથી, હું એક છું તે બહુરૂપ થયો. આ શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે બહુરૂપ થવા છતાં પણ તે વિરુદ્ધસર્વધર્માશ્રયી, સર્વશક્તિમાન્ હોવાથી અવિકૃત રહે છે, જે 'पूर्णमदः पूर्णमिदं' શ્રુતિમાં દર્શાવેલ છે તે જ અદ્વિતીય બ્રહ્મ જ્યારે ભક્ત નિર્ગુણતાને પ્રાપ્ત કરે છે અને તેને ફલનું દાન થાય છે ત્યારે શ્રીકૃષ્ણસ્વરૂપે અનુભવ કરીને વર્ણવે છે અને તેથી જ શ્રીમહાચાર્યજી નિઃશંક કથે છે જે શ્રીકૃષ્ણથી બીજું પર કોઇ નથી, અને આજ્ઞા કરે છે જે સાયુજ્યની કામનાવાલાઓએ આદિમૂર્તિ કૃષ્ણની જ સેવા કરવી 'आदिमूर्तिः कृष्ण एव सेव्यः सायुज्य काम्यया।' (निबंध)

ઉપનિષદો જે સ્વરૂપને સમજાવતાં 'તે રસરૂપ છે' એમ કથે છે એવા તે રસસ્વરૂપ **શ્રીગોવર્ધનનાથજીનું** હું સેવન કરું છું. શ્રીગોવર્ધનનાથજી કેવા છે? શ્રીગોપીજનના નવીન સુંદરતાથી ભરપૂર એવા યૌવનરૂપની અતિ મધુરતાની પ્રાપ્તિ માટે શ્રીનાથજી અતિ ઉત્કંઠાવાલા છે, વલી શ્રીનાથજી શ્રીવૃન્દાવનમાં પોતાની જ ઇચ્છાથી ઉજ્જ્વલ રાસોત્સવ કરે છે અને વલી શ્રીનાથજી દૈવી જીવોના ઉદ્ધાર માટે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીરૂપે શુદ્ધપુષ્ટિભક્તિ પ્રકટ કરે છે, એવા **શ્રીગોવર્ધનનાથજીનું હું સેવન કરું છું.** શ્રીબાલકૃષ્ણભટ્ટજી (લાલુભટ્ટજી).

જેવી રીતે શ્રીગંગાજીના પ્રવાહરૂપી જલમાં તે તીર્થ છે એવી માન્યતાથી તેને તીર્થસ્વરૂપ જાણી સેવીએ છીએ તે શ્રીગંગાજીનું આધ્યાત્મિકજ્ઞાનસ્વરૂપ–તેવી રીતે શ્રીનાથજીના સ્વરૂપ અગર છબીજીમાં શ્રીનાથજીના આધિદૈવિક સ્વરૂપની ભાવના તે તેમનું **આધ્યાત્મિક સ્વરૂપ.**

આધિભૌતિક–દૃષ્ટિએ દેખાતા સ્વરૂપ માટે નિર્વિવાદ છે જે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદી આ સર્વ જગતને ભગવન્મય માને છે 'सर्वं खल्विदं ब्रह्म' 'આ સર્વ બ્રહ્મ છે' એ શ્રુતિમાં જણાવ્યા પ્રમાણે તે શ્રીનાથજીના દૃશ્યમાન્ સ્વરૂપને પૂર્ણપુરુષોત્તમત્વે સેવે છે. અત્રે શંકા થાય જે સ્વરૂપ તો જડ છે અને ભગવાન્ તો નિર્ગુણ છે, આનંદ સ્વરૂપ છે, તે જડની સેવાથી કેવી રીતે પ્રાપ્ત થાય?–તો તે શંકા જ અસ્થાને છે કારણ વસ્તુતઃ સર્વ જગત્ પ્રભુના સત્, ચિત્, આનંદાંશથી જ ઓતપ્રોત છે, ફક્ત લૌકિક ચક્ષુથી જે સત્ પ્રધાન છે તે જડાત્મક, ચિત્ પ્રધાન છે તે જીવાત્મક અને આનંદાંશ પ્રધાન છે તે ઈશ્વરાત્મક કહેવાય છે, અને જડાત્મકમાં જ જે આનંદાત્મક અંશ ગુપ્ત છે તેનો સાક્ષાત્કાર કરવો એ જ સેવાનું **મુખ્ય ફલ છે.** આ ફલ ફક્ત નિર્ગુણતા પ્રાપ્ત કરેલ ભક્તોને જ ભગવાન્ કૃપા કરે ત્યારે પ્રાપ્ત થાય છે, આ આનંદાંશને પ્રાપ્ત કરવો એ જ ખરો પુરુષાર્થ છે. આ જ દૃશ્યમાન્ સ્વરૂપની જ્ઞાનીભક્તો માહાત્મ્યજ્ઞાનપૂર્વક પૂર્ણ શ્રદ્ધાથી પ્રભુના તરફથી તેમને ફલ પ્રાપ્ત થવાની શ્રદ્ધા હોવાથી જ્ઞાનપૂર્વક સેવે છે અને તેમનું વરણ થતાં તે પણ સાક્ષાત્કાર કરે છે. પ્રાકૃત–પ્રારંભ દશાવાન્ ભક્તો નિર્ગુણ અને જ્ઞાનીનું અવલોકન કરી શ્રદ્ધાયુક્ત ઈશ્વરત્વે તેમની સેવા કરે છે.

શ્રીનાથજીનું સ્વરૂપ જે હાલ શ્રીનાથદ્વારા (મેવાડ)માં બિરાજે છે તે જ સ્વરૂપે મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણનાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી વગેરે આચાર્યશ્રીઓ તેમ જ દામોદરદાસજી વગેરે અન્ય માહાનુભાવીઓને કૃપા કરી પ્રકટ દર્શન આપ્યાં છે અને હાલ પણ જે નિર્ગુણ ભક્ત હોય છે તેમને અવશ્ય દર્શનનો લાભ થાય છે આથી જ સર્વ વૈષ્ણવો આ **શ્રીનાથજીના સ્વરૂપને** પૂર્ણપુરુષોત્તમ માની સેવા કરી રહેલ છે, અને જો શ્રીમદાચાર્યજીની કૃપા થાય અને તેમના ગ્રંથોનું અધ્યયન થાય તો **અવશ્ય શ્રીનાથજી** પ્રકટદર્શન આપશે જ તે નિઃસન્દિગ્ધ છે.(પ્ર)

તા. ક. **શ્રીનાથજી–શ્રીકૃષ્ણના** મૂલસ્વરૂપ માટે સામ્પ્રદાયિક ઘણું સાહિત્ય છે, અને આ લખાણ જે ફક્ત ઘણા જ ટૂંકાણમાં લખવામાં આવેલ છે તે વાચતાં વધુ જાણવાની જિજ્ઞાસા થાય તો સામ્પ્રદાયિક ગ્રંથો વાચી પૂર્ણ કરવી. (પ્રકાશકો.)

પ્રસ્તાવના.

પરમકૃપાલુ પરમાત્મા શ્રીકૃષ્ણ-પરબ્રહ્મની ક્રીડા કરવાની ઇચ્છા થતાં તેમણે પોતાના જ સ્વરૂપમાંથી આ સદાત્મક જગતની ઉત્પત્તિ કરી, અને તેની સાથે તે તે ક્રીડાર્થે વ્યુચ્ચરણ પામેલા અંશભૂત જીવોને સ્વસ્વરૂપની પ્રાપ્તિ માટે વેદાદિ સચ્છાસ્ત્રો પ્રકટ કર્યાં આ શાસ્ત્રોમાં મુમુક્ષુ અને ભગવદીયોને પરમ-તત્ત્વરૂપ સ્વસ્વરૂપાનંદરૂપી ફલની પ્રાપ્તિ માટે તેમાં બે માર્ગ દર્શાવેલા છે. **૧. મર્યાદામાર્ગ, ૨. સ્વતંત્ર ભક્તિમાર્ગ, (પ્રપત્તિ વા શરણમાર્ગ).**

૧. **મર્યાદામાર્ગનું** વેદદ્વારા સ્થાપન કર્યું અને વેદ અને વેદાનુકુલ શાસ્ત્રોમાં તે માર્ગમાં દર્શાવેલ સાધનદ્વારા મલતા ફલનું નિરૂપણ કર્યું અને તે માર્ગે ફક્ત ત્રૈવર્ણિક (બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય) જ જઇ શકે અને તેઓ પણ ક્રમે ક્રમે તે તે શાસ્ત્રોમાં જણાવેલ **કર્મ**, તેમાં બતાવેલ **દેશમાં જ**, તેમાં નિશ્ચિત કરેલ **કાલમાં જ**, તેમાં જણાવેલ **શુદ્ધમંત્ર**પૂર્વક, તેટલા જ અને તેવા **દ્રવ્યથી**, **કર્તા અને કરાવનાર શુદ્ધ અને અધિકારી હોય તો જ** તે માર્ગદર્શક શાસ્ત્રોમાં નિશ્ચિત કરેલ **વિધિ પ્રમાણે નિયમ**પૂર્વક સાધન કરતાં **ફલ** મેલવી શકે તેવી મર્યાદા દર્શાવવામાં આવેલી છે. જુદા જુદા આચાર્યોએ તે તે શાસ્ત્રોના અર્થ સમજાવતાં તેનાં સાધનો માટે ભિન્ન ભિન્ન ઉપદેશ આપેલ છે કોઇએ **કર્મ-યજ્ઞ** ને મુખ્ય અને જ્ઞાન તથા **ભક્તિ** તેનું અંગ કોઇએ **જ્ઞાન** મુખ્ય અને કર્મ તથા ભક્તિ તેનું અંગ ત્યારે કોઇએ **ભક્તિ** મુખ્ય અને કર્મ તથા જ્ઞાન તેનું અંગ એવી રીતે સમજાવેલ છે. જેમાં **કર્મ-યજ્ઞ** દર્શાવેલ છે તે શાસ્ત્રને પૂર્વમીમાંસા કહે છે, જેમાં **જ્ઞાન** મુખ્ય છે તેને ઉત્તર મીમાંસા કહે છે, અને જેમાં **ભક્તિ** મુખ્ય છે તેને ભાગવત શાસ્ત્ર કહે છે. આ શાસ્ત્રોનો અર્થ સમજાવતાં શ્રીમહાપ્રભુજી નિર્ણય આપે છે જે કર્મ-યજ્ઞ જે પૂર્વમીમાંસામાં બતાવેલ છે એ એક જ બ્રહ્મની **ક્રિયાશક્તિનું** વર્ણન છે અને તે જ બ્રહ્મની-**જ્ઞાનશક્તિનું** વર્ણન ઉત્તરમીમાંસામાં બતાવેલ છે અને જ્ઞાનયુક્ત થઇ-પ્રભુનું માહાત્મ્ય જાણી, યથાવિધિ નિયમપૂર્વક સાધન કરી સ્નેહપૂર્વક ભક્તિ કરવામાં આવે તો હૃદય શુદ્ધ થઈ પ્રભુને બિરાજવા લાયક બને તે ભક્તિમાર્ગીય ગ્રંથોમાં બતાવેલ છે અને આ મર્યાદામાર્ગે ફલપ્રાપ્તિ કરનારને કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણેની આવશ્યકતા છે અને તે ત્રણે બરાબર શુદ્ધ હોય તો જ હૃદય શુદ્ધ થઇ અક્ષરબ્રહ્મ પર્યંતના આનંદની પ્રાપ્તિ કરી શકે ત્યારબાદ તો પ્રભુનો **અનુગ્રહ હોય ને તે કૃપા કરે તો જ તેના સ્વરૂપાનંદના આનંદનો લાભ મલી શકે.**

૨. **સ્વતંત્ર ભક્તિમાર્ગ (પ્રપત્તિ–શરણમાર્ગ)** આ માર્ગનું સ્થાપન **ભગવાને** સ્વમુખારવિંદથી વેણુનાદદ્વારા કરેલું છે આ માર્ગમાં **જીવમાત્ર** **અધિકારી છે**, ફક્ત શુદ્ધપ્રેમ અને શુદ્ધભાવનાથી **પ્રભુનું શરણ** જ મુખ્ય છે અને તે શરણદ્વારા જ પ્રભુમાં ચિત્તની તન્મયતા થતાં પણ અનુગ્રહ કરી સ્વરૂપાનંદનું દાન કરે છે એટલે આ માર્ગમાં શરણ અને **પ્રભુનો અનુગ્રહ** એ જ મુખ્ય છે અને તે એવો તો **રાજમાર્ગ** છે કે તે માર્ગે નિઃસાધન **જીવમાત્ર અધિકારી** છે એટલે આ માર્ગ સ્ત્રી, શૂદ્ર, ચાંડાલ આદિ સર્વ તેમ જ દ્વિજ (બ્રાહ્મણ ક્ષત્રીય, વૈશ્ય) પણ ક્રમેક્રમે **નહિ પણ આ જ જન્મમાં** **પરમાત્મા-પરબ્રહ્મ-ભગવાનના સ્વરૂપાનંદનો લાભ મેલવી શકે છે.** આ માર્ગ પણ સૃષ્ટિની શરૂઆતથી જ એટલે વેદકાલથી જ પ્રચલિત હતો પણ તેના શુદ્ધજ્ઞાનના અભાવે લોપ થઈ ગયેલ હતો તેને ભગવન્મુખારવિંદ-રૂપ **શ્રીમહાપ્રભુજીએ** ફરી પ્રકટ કર્યો અને દૈવી જીવો પર કૃપા કરી **આ માર્ગ વેદથી કોઈપણ રીતે વિરુદ્ધ છે જ નહિ** છતાં તે **સ્વતંત્ર** અને તેનાં **પ્રમાણ પ્રમેય સાધન** અને **ફલ** વેદમાર્ગ કરતાં **વિલક્ષણ** છે આ માર્ગમાં ખાસ **ભગવદનુગ્રહ** મુખ્ય હોવાથી તે થતાં જ ભગવત્સ્વરૂપાનન્દનો લાભ મલે છે અને ભગવત્સાયુજ્યના બલથી જ ભક્ત પરમપ્રાપ્તિરૂપ ફલ મેલવી શકે છે.

આ બન્ને માર્ગદર્શક શાસ્ત્રોનો શુદ્ધ અર્થ સમજાવી વેદોક્ત કર્મમાર્ગ શુદ્ધ જ્ઞાનમાર્ગ અને શુદ્ધ ભક્તિમાર્ગનો શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસૂત્ર પરના અણુભાષ્યમાં તથા તત્ત્વાર્થદીપ નિબંધ વગેરે સ્વતંત્ર ગ્રંથોમાં નિર્દેશ કરેલ છે અને શ્રીમદ્‌ભાગવત ઉપર શ્રીસુબોધિનીજી ટીકા તથા તત્ત્વાર્થદીપનિબંધ અને અન્ય સ્વમાર્ગીય ગ્રંથોમાં સ્વતંત્ર ભક્તિમાર્ગનું રહસ્ય સમજાવી તેનો નિર્ણય કરેલો છે. શ્રીમહાપ્રભુજીએ આજકાલ પ્રવર્તતા કલિકાલમાં દેશ, કાલ, કર્મ, દ્રવ્ય, કર્તા અને મંત્રોની શુદ્ધિ અશક્ય જોઈ અને વેદાદિ શાસ્ત્રમાં દર્શાવેલ કર્મ તથા સાધનોને ફક્ત સ્વપ્રતિષ્ઠા તથા ઉદર પોષણાર્થે પાખંડ-યુક્ત વપરાતાં તેમને માલુમ પડતાં તેમ જ લગભગ જનસમાજનો મોહોટો ભાગ દ્વિજત્વ વગરનો અને દ્વિજમાં પણ જવલ્લે જ દ્વિજત્વના ધર્મપાલન કરતો સમૂહ જોયો ત્યારે તેવો સમૂહ વેદ-મર્યાદામાર્ગના અધિકારી નહિ હોવાથી તેમણે જે માર્ગ સર્વગ્રાહ્ય રાજમાર્ગ હતો તે પર વધુ લક્ષ આપી તેનો સવિસ્તાર નિર્ણય કર્યો અને સાથે સાથે તેઓ ભગવન્‌મુખારવિંદરૂપ હોવાથી વેદાદિ શાસ્ત્રના પણ પૂર્ણજ્ઞાતા હતા તેથી તે માર્ગનો નિર્ણય પણ શુદ્ધ અર્થ દર્શાવી કર્યો અને તેને પણ નિષ્કંટક કરી આપ્યો.

શ્રીમહાપ્રભુજી અને તેમની પછી શ્રીગુસાંઇજીએ પણ ઘણા ગ્રંથો રચી સ્વમાર્ગીય ઘણું સાહિત્ય લખેલ છે ત્યારબાદ શ્રીગોકુલનાથજી શ્રીહરિરાયજી તેમ જ શ્રીપુરુષોત્તમજી વગેરે આચાર્યોએ અને અન્ય મહાનુભાવીઓએ તે તે સાહિત્ય ઉપર વિસ્તીર્ણ ટીકાઓ કરી સરલ રીતે સમજાવેલ છે અને આચાર્યશ્રીનો ઉપદેશ કે જે ઘણા જ ટુંકાણમાં પણ ગૂઢ અર્થ ભરેલ હતો તે વિસ્તારપૂર્વક બતાવેલ છે અને સ્વમાર્ગમાટે સંપૂર્ણ સાહિત્ય યોજી આપણા પર પૂર્ણ કૃપા કરેલ છે.

આજકાલ સ્વમાર્ગીય ધાર્મિક શિક્ષણના અભાવે અને સ્વમાર્ગીય ગ્રંથોનું બરાબર સંપૂર્ણ જ્ઞાન નહિ હોવાથી કેટલાક પંડિતો કે જેઓની પ્રીતિ-આસક્તિ મર્યાદામાર્ગ તરફ હોય છે તેઓ આ સ્વતંત્ર શરણમાર્ગ કે જેને પુષ્ટિમાર્ગ કહેવામાં આવે છે તે માર્ગના જીવોને તેમનો માર્ગ દૃઢ હોવા છતાં પણ તે બાબતનું જ્ઞાન નહિ હોવાથી તે માર્ગમાંથી ભ્રષ્ટ થવાય તેવા અન્યાશ્રય કે જે એક મોટામાં મોટો દોષ સર્વ વિદ્વાન આચાર્યોએ ગણાવેલ છે તેવા દોષ થાય તેવા ઉપદેશો પણ આપવામાં આવે છે અને 'મર્યાદામાર્ગ શ્રેષ્ઠ છે તેમાં જણાવેલ કર્મ કરવાં જ જોઇએ' 'વૈદિક કર્મો ન કરનાર અવૈદિક કહેવાય' એવાં યુક્તિ પ્રયુક્તિવાલાં વચનો કહી ફલરૂપી લાલચો બતાવી શરણમાર્ગમાં કે જેમાં પ્રભુ પ્રત્યે જીવને શુદ્ધ પતિવ્રતા સ્ત્રી જેમ તેના પતિમાં જ પરાયણ હોય છે તેવા ભાવયુક્ત એક પ્રભુમાં જ ચિત્તવાલાને ભમાવવામાં આવે છે બીજી તરફ જ્યાં દેશ, કાલ વગેરે દ્વિજોને પણ મર્યાદામાર્ગે જવાને અનુકૂલ નથી કારણકે વેદ બૌદ્ધાવતાર પછી તેના અર્થો ગમે તેમ થવાથી દૂષિત થયેલ હોવા છતાં અને અનધિકારીને તે માર્ગમાં કર્મ કરતાં નિષ્ફલતા બતાવેલ હોવા છતાં કેટલીક લાલચોને વશ થઇ પરહિતનો વિચાર નહિ કરતાં સ્વાર્થ-બુદ્ધિથી તે માર્ગમાં સ્થિતિ કરનારને તે માર્ગનું જ્ઞાન આપવાને બદલે 'ભગવાન તો ભાવના ભુખ્યા છે' 'પત્રપુષ્પ વગેરેથી સંતુષ્ટ થાય છે' વગેરે વાક્યો કે જે ફક્ત નિઃસાધન જીવો પ્રત્યે જ ઉદ્દેશ્યા છે તેનો સસાધનમાર્ગમાં ઉપયોગ કરી સસાધન-યુક્ત જીવોને પણ કર્મમાંથી ભ્રષ્ટ કરે છે કારણકે અપૂર્ણ રીતે કરેલાં કર્મો નિષ્ફલ બને છે.

આ પરિસ્થિતિમાં શ્રીપુષ્ટિમાર્ગસમ્પ્રદાયમાં જો કે અગાધ સાહિત્ય પડેલ છે કે જે સર્વનું હજુ મુદ્રણ પણ થઇ શક્યું નથી તેમ મુદ્રણ થયેલામાં પણ થોડાનું જ ભાષામાં ભાષાંતર થયેલું છે. ભાષાંતર થયેલું છે તો તે સર્વ ગ્રંથો ભણવાનો વખત હાલ જુજ જ મલે છે જેથી સાધારણ વૈષ્ણવવૃંદ કે જે વ્યાપાર ઉદ્યોગ વગેરે પ્રવૃત્તિમય જીવન ગુજારી રહેલ છે તેવાઓને શ્રીમહાપ્રભુજી તેમ જ અન્ય આચાર્યશ્રીઓ વગેરેના ઉપદેશામૃતમાંથી દરેક વૈષ્ણવને ખાસ જાણવાની

આવશ્યકતા જ છે તેવું અમને જણાયું તે તે ઉપદેશો તેમ જ વચનો અમારાથી બની શકયાં તેટલાં એકઠાં કરી તે આ લઘુ પુસ્તકમાં વાચકવૃંદ સમક્ષ રજુ કરીએ છીયે અને જેઓને આચાર્યશ્રી તેમ જ અન્ય મહાનુભાવીઓનાં પુસ્તકો દ્રષ્ટિ તેમ જ કર્ણગોચર થવાં અને સમજવાં અશકય હોય તેમને આ પુસ્તક વાચી ટુંકમાં પુષ્ટિમાર્ગનું જ્ઞાન મલી શકે તેવી રીતે સરલ ભાષામાં બની શકે તેટલો સાર આપવામાં આવેલો છે અને આશા રાખીએ છીએ જે વાચકવૃંદ દરેક વચનામૃતોને બરાબર સમજપૂર્વક વાચી મનન કરી યથાશકિત આ માર્ગનું રહસ્ય સમજશે તો અમારી આ સેવા સફલ થશે. પુસ્તક વાચતાં જે કાંઇ ભૂલચુક જણાય તે વાચક સુધારીને વાચશે તેમ લખાણમાં શંકાસ્પદ માલૂમ પડે તો અસલ પુસ્તકો શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલય મુંબઇ કે જ્યાંથી વગર લવાજમે પુસ્તકો વાચવા મલે છે ત્યાં હોય તો ત્યાંથી મંગાવી વાચી નિજ શંકાનું નિવારણ કરશે.

આ પુસ્તક છપાવવામાં લખાણો તેમજ પ્રૂફ સુધારવામાં વગેરે સર્વ સગવડ કરી આપવામાં અમોને ફકત નામસેવા પ્રીત્યર્થે કોઇપણ જાતના સ્વસ્વાર્થ સિવાય શ્રીમાન્ ભગવદીઓ, શાસ્ત્રીજી મગનલાલ ગણપતિરામ M. A. પ્રોફેસર પૂના ડક્કન કૉલેજ, વાડીલાલ ન. શાહ, ધીરજલાલ ત્ર. સાંકલીઆ અને મોહનલાલ ગુ જરીવાલા વગેરે એ સહાય કરી છે.

પુસ્તક છપાવવા માટે એક ભગવદીય ગૃહસ્થ કે જેણે પોતાનાં માતુશ્રી ગોકુલનિવાસી થયા પછી તેના સ્મારક તરીકે જે દ્રવ્ય ચુનીલાલ પરીખ કુંમાં આપેલ તે દ્રવ્યની સહાયતાથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આ પુસ્તકના વેચાણની જે આવક થશે તે બીજાં વધુ પુસ્તકો છપાવવાના ઉપયોગમાં જ લેવામાં આવશે.

અમો આશા રાખીએ છીએ જે નામસેવા પ્રીત્યર્થે સહાય કરતા જિજ્ઞાસુ ભગવદીયોની જિજ્ઞાસા કે જેઓને સ્વમાર્ગની અજ્ઞાનતાથી પ્રભુના સ્વરૂપાનંદના આનંદનો લાભ થવામાં વિલંબ થતો હોય તે દૂર થઈ સ્વમાર્ગ કે જે રાજમાર્ગ અને વિશ્વગ્રાહ્ય છે તેને સંકુચિતતા પ્રાપ્ત નહિ થતાં તે વિશ્વગ્રાહ્ય જ રહે તે અભિલાષા પ્રભુ પૂર્ણ કરો અને વાચકોને પુસ્તક વાચી તેમાં રહેલ સ્વરૂપાનંદના આનંદનું પ્રભુ દાન કરો એ જ. લી.

શ્રીવૈષ્ણવસેવામંડલ
ઑ. સે. ચુનીલાલ પરીખના
જયશ્રીકૃષ્ણ વાચશો.

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीपुष्टिमार्गीय वचनामृतो.

नमो भगवते तस्मै कृष्णायाद्भुतकर्मणे ।
रूपनामविभेदेन जगत् क्रीडति यो यतः ॥

જે ભગવાન્ વેદના પ્રસિદ્ધ તત્ત્વરૂપ છે, જે ભગવાન્ ફલરૂપ શ્રીકૃષ્ણ* છે, જે અદ્દ્ભુત કર્મના કરવાવાલા છે, જે રૂપ અને નામના વિવિધ પ્રકારના ભેદથી જગદ્દરૂપે થાય છે, ક્રીડા કરે છે, જે પોતે જગદ્દરૂપ છે, અને જેમાંથી જગત્ થાય છે, તે ભગવાન્‌ને નમસ્કાર. શ્રીવલ્લભાચાર્યજી.

क्वचित् पाण्डित्यं चेन्न निगमगतिः, सापि यदि न
क्रिया सा सापि स्याद्यदि, न हरिमार्गे परिचयः ।
यदि स्यात् सोपि श्रीव्रजपतिरतिर्नेति निखिलै-
र्गुणैरन्यः को वा विलसति विना वल्लभवरम् ॥

કદાચિત પાંડિત્ય હોય તો વેદમાં ગતિ હોતી નથી. કદાચિત્ તે પણ હોય તો વૈદિક ક્રિયા હોતી નથી. કદાચિત્ તે પણ હોય તો ભગવન્માર્ગનો પરિચય હોતો નથી. કદાચિત્ તે પણ હોય તોપણ શ્રીવ્રજપતિ ઉપર પ્રેમ હોતો નથી. એ સર્વ ગુણોથી વિલાસ કરનાર શ્રીવલ્લભવર વિના અન્ય કોણ છે? શ્રીગુસાંઈજી.

* कृष्ण—कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परंब्रह्म कृष्ण इत्यभिधीयते ॥ પૂ. ગો. તા. ઉપનિષદ્. કૃષ્ણમાં કૃષ્ શબ્દ સત્તાવાચક અને ણ આનંદવાચક છે, તેથી કૃષ્ણનો અર્થ પરબ્રહ્મ થાય છે.

શ્રી પુષ્ટિમાર્ગીય વચનામૃતો.

૧. વેદ.—શ્રીમદાચાર્યજી નિર્ણય આપેછે કે "* વેદ સાક્ષાત્ નારાયણ છે.' સર્વ વેદથી પરમાત્માનુંજ જ્ઞાન થાય છે. સર્વ વેદને સમાનતાથી ગણવા જોઇએ, વેદના કોઇ ભાગ ઉપર કે કોઈ કાંડ ઉપર અતિશય ભાર મૂકવાની જરૂર નથી. અલૌકિક સામર્થ્યયુક્ત પ્રભુને ધર્મસ્વરૂપે લીલા કરવાની ઇચ્છા થાય છે ત્યારે કર્મકાંડથી પણ નૈષ્કર્મ્ય† પ્રાપ્ત થાય છે, અને એજ પ્રભુને બ્રહ્મસ્વરૂપે-જ્ઞાનસ્વરૂપે રમણ કરવાની ઇચ્છા થાય છે ત્યારે જ્ઞાનકાંડથી પણ સાયુજ્યમુક્તિ થાય છે. માટે વેદમાં અમુક કાંડ મોટો અને અમુક કાંડ નાનો એવી મિથ્યા તકરાર ન ઉઠાવતાં ચારે વેદની સંહિતા, બ્રાહ્મણ, ઉપનિષદ્ ઇત્યાદિ સર્વ ભાગને સરખા રીતિથીજ પ્રમાણ માનવા.

૨. વેદાંગ—શ્રીમદ્વલ્લભાચાર્યજી નિબંધમાં આજ્ઞા કરે છે કે વેદનાં છ અંગ છે. એ છ અંગ વેદની રક્ષા કરે છે માટે અંગ કહેવાય છે. એ અંગ વેદની રક્ષા ત્રણ રીતિથી કરેછે, અને ઉપદેશ કરે છે કે **શિક્ષા**, છંદઃ નિરુક્ત, વ્યાકરણ, જ્યોતિઃ અને કલ્પ એ છ વેદનાં **अंग** કહેવાય છે. તેમાં **शिक्षा**માં વેદના વર્ણોચ્ચાર કેવી રીતે કરવા એ પ્રતિપાદન કર્યું છે. **छंदः** નામના અંગમાં અમુક મંત્રમાં કેટલી માત્રા છે, કેટલા અક્ષર છે, કયા રાગમાં કેવી શૈલીથી મંત્રોચ્ચાર કેવો એ વિચાર આમાં કરવામાં આવેલ છે. આ **शिक्षा** અને **छंद** વેદનું સ્વરૂપ કેવું છે તે જણાવે છે. ત્રીજા **निरुक्त** નામના અંગમાં કઠિન વૈદિક શબ્દોની વ્યુત્પત્તિ અથવા નિર્વચન છે અને ક્વચિત્ મંત્રોનું વ્યાખ્યાન પણ તેમાં દૃશ્યમાન થાય છે. **व्याकृति** નામના ચોથા અંગમાં પ્રાચીન પાણિનિ મહર્ષિકૃત વ્યાકરણનો સમાવેશ થાય છે, અર્થાત્ **निरुक्त** અને **व्याकरण** એ બે વેદના અર્થ સમજવામાં ઉપયોગિ છે. **ज्योतिः** નામના પાંચમા વેદાંગમાં યજ્ઞ કરવાના શુભ મુહૂર્તાદિનો વિચાર છે, અને એ જ્યોતિઃ અંગ આપણા ખગોલ શાસ્ત્રનું મૂલ છે. **कल्प** નામના છઠ્ઠા અંગમાં યજ્ઞ કેવી રીતે કરવા તે સમજાવેલું છે, અર્થાત **ज्योतिः** અને **कल्प** માં વૈદિક સાધનના અનુષ્ઠાનનો પ્રકાર સમજાવવામાં આવ્યો છે.

૩. ઉપાંગ.—**पुराण, न्याय, मीमांसा** અને **धर्मशास्त्र** એ ચાર **उपांग** છે, તે વેદનોજ અર્થ કરી આપનાર હોવાથી આ ચાર ઉપાંગ માનવાં ઇષ્ટ છે. પુરાણમાં ઇતિહાસનો પણ સમાવેશ થાય છે. આ ઇતિહાસ પુરાણ પૂર્વે વૈદિક સિદ્ધાંત કેવા પ્રકારથી આચરવામાં આવતો એ વર્ણવે છે. કેટલાક વેદના મંત્રનું સમજી શકાય એવી શૈલીથી વ્યાખ્યાન પણ તેમાં આપવામાં આવેલું છે.

---

* वेदा नारायणः साक्षात्. † કર્મનો ક્ષય.

કાંઈક અંશે વૈદિક ઇતિહાસનો ખ્યાલ એ ઇતિહાસ પુરાણથી આપેછે. **ન્યાય** એ ગૌતમઋષિપ્રણીત ન્યાયશાસ્ત્ર નહિ, પરંતુ સાંખ્યાયનાદિ બ્રહ્મવિદ્યા જેમાં વૈદિક યુક્તિ પ્રયુક્તિઓ આપેલી છે, તે અપૂર્વ **ન્યાય.** એથી Vedic Logic નો ખ્યાલ આવેછે. ત્રીજુ અંગ **મીમાંસા** છે. પૂર્વ **ધર્મ-મીમાંસા** જેમાં જૈમિનિ ઋષિએ વેદના પૂર્વકાંડના સંદેહનો નિર્ણય કર્યો છે, અને **બ્રહ્મમીમાંસા**માં શ્રીવેદવ્યાસજીએ ઉતર કાંડના સંદેહનો નિર્ણય કર્યો છે. ચોથું ઉપાંગ **ધર્મશાસ્ત્ર** છે. એમાં મનુ, યાજ્ઞવલ્કય વગેરે ધર્મશાસ્ત્ર અથવા સ્મૃતિનો સમાવેશ થાય છે.

૪. સગુણ-નિર્ગુણ બ્રહ્મ.—સાંખ્ય લોક પ્રકૃતિના ત્રણ ગુણ માને છે. તે સાંખ્ય પ્રકૃતિના પ્રાકૃત-લૌકિક સત્ત્વ, રજઃ અને તમઃ ગુણોથી બ્રહ્મ બંધાતુ નથી માટે તે અર્થમાં બ્રહ્મ **નિર્ગુણ** છે. અર્થાત્ બ્રહ્મ પ્રાકૃત-પ્રકૃતિના સત્ત્વ, રજઃ અને તમઃ ગુણથી રહિત છે. પરંતુ બ્રહ્મમાં કોઇપણ ધર્મજ નથી, કોઇપણ વિશેષણજ નથી, એમ કહી શકાય નહિ. એજ પ્રકારે **સગુણ** શબ્દનો અર્થ પ્રકૃતિના સત્ત્વ, રજઃ અને તમઃ એ ત્રણ પ્રાકૃત ધર્મ (ગુણ) લેવામાં આવે તો **બ્રહ્મ સગુણ** નથી, પણ ગુણનો અર્થ **સ્વતંત્ર ઐશ્વર્યાદિ દિવ્ય ધર્મ** લેવામાં આવે તો તે અર્થમાં **બ્રહ્મ** સ્વતઃ **સગુણ** પણ છે. વાસ્તવિક રીતિએ કહીએ તો બ્રહ્મ સગુણ છે એમ વેદાંતીઓએ કહેવું યોગ્ય નથી, કારણ કે '**સગુણ**' શબ્દ સાંખ્ય લોકનો છે, અને તે સાંખ્ય સિદ્ધાન્તીઓ "ગુણ" નો અર્થ પ્રકૃતિના ત્રણ ગુણજ કરેછે, તેથી સાંખ્યની ભાષામાં ગુણનો અર્થ વાપરીએ તો બ્રહ્મ સગુણ કહેવાયજ નહિ, પરંતુ ગુણનો અર્થ યોગ્યતા (Merit, quality) ઇત્યાદિ લેવામાં આવે તો બ્રહ્મ **સગુણ** પણ કહેવાય. વસ્તુતઃ બ્રહ્મસ્વરૂપનો વિચાર કરીએ તો **નિર્ગુણ** પણ છે અને '**સગુણ** પણ છે. **निर्गुण एटले प्राकृत गुण रहित अने सगुण एटले अप्राकृत अलौकिक धर्मयुक्त ब्रह्म एकज छे.**

૫. બ્રહ્મ કર્તૃ અકર્તૃ.—બ્રહ્મ સ્વતંત્ર છે, માટેલીલા કરેછે, અને પ્રથમ અદશ્ય એવું જગત્ લીલાથી અનાયાસે પોતાના સ્વરૂપમાંથીજ પ્રકટ કરેછે, માટે **કર્તૃ** છે. પરંતુ અચિન્ત્ય જગત પોતામાંથી પ્રકટ કરવા છતાં તે બ્રહ્મ જગતમાં અહંતામમતા રાખતું નથી, નિર્લેપ રહેછે, માટે બ્રહ્મ **અકર્તૃ** પણ છે.

૬. તત્ત્વવિચાર.—કેટલાક વાદી એક **તત્ત્વ** માને છે, કેટલાક બે માને છે, કેટલાક છ માને છે, કેટલાક સાત માને છે, કેટલાક ચોવીસ અને પચ્ચીસ પણ માને છે. આ પ્રમાણે **તત્ત્વ** સંખ્યા દરેક સિદ્ધાંતીએ જુદી જુદી માની છે. **श्रीमद्वल्लभाचार्यजीए एकज अद्वितीय ब्रह्म मान्या पछी ते अद्वितीय ब्रह्मने आधीन वधारेमां वधारे २८ तत्त्व मान्यां छे.** (જુઓ નં. ૯)

૭. અવિકૃત પરિણામ.—શ્રીમદાચાર્યજી અવિકૃત પરિણામ માને છે. જેમ સુવર્ણનાં અનેક આભરણ સુવર્ણનાં પરિણામ છે, રૂપાંતર છે અને તે આભરણ ત્રણે કાલમાં સુવર્ણરૂપજ છે, સુવર્ણમાં કોઇપણ જાતનો વિકાર થતો નથી, તેથી તે અવિકૃત પરિણામનું ઉદાહરણ છે. એટલે એમનો અભિપ્રાય એમ છે કે જીવ અને જગત્ સર્વ શુદ્ધ વિકારરહિત બ્રહ્મનાંજ રૂપાંતર છે. માત્ર પોતાના આનંદ અને ચૈતન્ય ધર્મ તેમાં ગુપ્ત છે. તે ધર્મ પ્રકટ કરવાની બ્રહ્મની ઈચ્છા પ્રકટ થતાં પુનઃ સર્વ બ્રહ્મરૂપજ થઈ રહે છે. તાત્પર્ય એ છે જે સર્વ બ્રહ્મરૂપજ છે. એ બ્રહ્મરૂપનો અનુભવ કરવાનેજ કર્મ, જ્ઞાન, અને ભક્તિની જરૂર છે. અને એની બ્રહ્મરૂપતાનો અનુભવ કરવામાં કર્મ, જ્ઞાન, અને ભક્તિનો ઉપયોગ છે.

૮. પ્રસ્થાન પ્રમાણ.—(૧) **ऋग्वेद, यजुर्वेद, सामवेद, अथर्ववेद** ચારે વેદ સંપૂર્ણ **मन्त्रब्राह्मणात्मक.** (૨) શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રી **ઠાકુરજીનાં वाक्य.** (૩) શ્રીવેદવ્યાસકૃત **ब्रह्मसूत्र,** અને તદનુસાર **जैमिनिसूत्र** પણ. (૪) શ્રીમદ્ભાગવત **समाधि भाषा.**

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ નિબંધ.

૯ પ્રમેયવિચાર ત્રિવિધ.—૧ ભગવત્સ્વરૂપ (અક્ષર, કાલ, કર્મ, સ્વભાવ) ૨, તત્ત્વ ૨૮—સત્ત્વ, રજસ્, તમસ્, પ્રકૃતિ, પુરુષ, રૂપ, રસ, સ્પર્શ, શબ્દ, ગન્ધ, મનઃ, બુદ્ધિ, અહંકાર, પંચમહાભૂત. પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય. ૩. કાર્ય—સમષ્ટિ, વ્યષ્ટિ.

૧૦. સાધન.—વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ, શ્રવણથી લઇને પ્રેમલક્ષણા સુધીની નવધા ભક્તિ. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન.

૧૧. ફલ.—કેવલ કર્મથી *પુનરાવૃત્તિ, વેદાનુસાર સાંખ્યયોગથી ક્રમમુક્તિ, પરંતુ વેદવિરુદ્ધ સાંખ્યયોગથી પાત. જ્ઞાનથી ક્ષણિક અવિદ્યાનાશ, પરંતુ યથાર્થ જ્ઞાનથી અક્ષરમાં લય. મર્યાદાભક્તિથી શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય, **शुद्धपुष्टिभक्तिथी** શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિ.†

૧૨. શ્રીમદાચાર્ય પ્રાકટ્યપ્રયોજન.—પૂર્વોક્ત બ્રહ્મવાદ શંકરાચાર્યે માયાવાદથી અશુદ્ધ કરી નાખ્યો, તેથી શ્રીમહાપ્રભુજીએ વિક્રમ સંવત ૧૫૩૫ માં ચૈત્ર કૃષ્ણ એકાદશીએ ચમ્પારણ્યમાં પ્રકટ થઇને પુનઃ **शुद्धाद्वैत ब्रह्मवाद** પ્રસિદ્ધ કરીને વૈદિક સિદ્ધાન્ત દૃઢ કર્યો, અને **निःसाधन जीवना** હિતાર્થે **पुष्टिमार्ग** પ્રકટ કરીને પ્રેમ, આસક્તિ, વ્યસન એમ ભક્તિક્રમે સર્વાત્મભાવના દાનથી જીવોદ્ધાર કર્યો.

---

* જન્મમરણ † શ્રીકૃષ્ણના અધરામૃતના પાનરૂપ સિદ્ધિ.

૧૩. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ.—सच्चिदानंद ब्रह्म (૧ વ્યાપક, ૨ અવ્યય, ૩ સર્વ શકિતમાન, ૪ સ્વતન્ત્ર, ૫ સર્વજ્ઞ, ૬ નિર્ગુણ).

૧ સર્વભવન સમર્થ, ૨ સર્વ ધર્મયુકત, ૩ સર્વ વિરુદ્ધ ધર્મયુકત, (જુઓ શિક્ષાપત્ર શ્લોક ૧૨–૧૫) ૪ સર્વકર્તૃ ૫ તથાપિ વૈષમ્ય નૈર્ઘૃણ્ય* દોષ રહિત છે.

૧૪. જીવ.—શ્રીઠાકોરજીમાંથી સદંશ અને ચિદંશ પ્રકટ રહે અને આનંદ ગુપ્ત થઇ જાય, ત્યારે શ્રીઠાકુરજીએ **जीव** સ્વરૂપ ધારણ કર્યું કહેવાય, આનન્દ ગુપ્ત થઈ જાય, એટલે તરતજ ઐશ્વર્ય. વીર્ય. શ્રી, યશ, જ્ઞાન, વૈરાગ્ય એ ૭ ધર્મ પણ ગુપ્ત થઈ જાય છે, અને તેથી જીવ દીન, પરાધીન, સર્વ-દુઃખભાક્, સર્વશ્રીહીન, સર્વ આપત્તિપાત્ર, અહંકારી, અને વિષયાસકત થઇ જાય છે. જ્યારે **जीव भगवानने शरणे जाय त्यारे एनो गुप्त आनंद प्रकट थई जाय, एवी प्रभु कृपा करे छे.**

જીવ નિત્ય છે, અનિત્ય નથી. જીવ જ્ઞાનસ્વરૂપ છે, એ જ્ઞાન જીવનો ધર્મપણ છે. જીવનું પરિમાણ અણુ છે, તે વ્યાપક નથી, તેમ દેહ જેવડો મોટોપણ નથી, પરન્તુ જ્યારે જીવને ભગવત્સંબંધ થાય ત્યારે વ્યાપકતા પણ જીવને પ્રાપ્ત થાય છે, અને તે વ્યાપકત્વ અણુત્વ થી વિરૂદ્ધ રહેતું નથી. જીવ કર્તા ભોકતા ભગવત્સંબંધથી છે. જેમ તણખો અગ્નિનો અંશ છે, તેમ જીવપણ બ્રહ્મનો અંશ છે, તેથી જીવ સેવક છે, અને શ્રીઠાકુરજી એના સેવ્ય છે, શ્રીઠાકુરજીનો **सेवारस** અને **कथारस** પ્રાપ્ત કરવાનો પણ અધિકાર **श्रीमहाप्रभुजीनी कृपा मात्रथीज** તેને પ્રાપ્ત થઇ જાય છે.

૧૫. જગત્—સંસાર.—जगत् ભગવત્કાર્ય હોવાથી સત્ય છે. બ્રહ્મનું **आधिभौतिक** સ્વરૂપ છે. જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બ્રહ્મ છે. બ્રહ્મનો સદંશ માત્ર જગતમાં પ્રકટ છે. અને બ્રહ્મના ચિત્ અને આનન્દ એ બે ધર્મો જગતમાં તિરોહિત છે. **संसार** અહંતામમતાત્મક હોવાથી મિથ્યા છે. તેનું ઉપાદાન કારણ કંઈ પણ નથી. જીવ પોતાની અવિદ્યાએજ કરીને સંસારને કલ્પે છે. સ્વરૂપ વિસ્મૃતિ, દેહાધ્યાસ, પ્રાણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, અને અંતઃકરણાધ્યાસ એમ પંચપર્વા અવિદ્યાનો પંચપર્વા વિદ્યાએ કરીને વિરામ થાય છે.જગતનો તો લય બ્રહ્મની ઇચ્છા થાય, ત્યારેજ થઈ શકે. સંસારનો નાશ વિદ્યાને આધીન છે, પણ જગતનો લય ભગવાનને આધીન છે, તેથી **जगत** અને **संसार** પૃથક્ પૃથક્ છે. જગત સંસારનો આ ભેદ શ્રી મહાપ્રભુજીએ પ્રસિદ્ધ કરીને જ્ઞાનાધિક ભકિતમાર્ગનું નિરૂપણ કર્યું.

---

* વિષમતા અને ક્રૂરતા.

૧૬.ભકિત.— ૧. **મર્યાદાભક્તિ** શ્રવણાદિ નવ પ્રકારની છે. જુઓ નં.૧૦. મર્યાદાભકતને કવચિત્ પ્રેમનું દાન થાય, તથાપિ તે પ્રેમથી પણ તે ભકતનો મોક્ષમાત્ર થાય છે.

૨. **પુષ્ટિભક્તિ** બે પ્રકારની છે, **મિશ્ર** અને **શુદ્ધ**. **પુષ્ટિભક્તિ મિશ્ર**ના પણ ત્રણ ભેદ છે. **પ્રવાહ, મર્યાદા,** અને **પુષ્ટિ**. પુષ્ટિપ્રવાહભકત ભગવત્ક્રિયા પરાયણ હોય છે, પુષ્ટિમર્યાદાભકત ભગવદ્ગુણપરાયણ હોય છે, અને પુષ્ટિ-પુષ્ટિભકતો સર્વજ્ઞ હોય છે. શુદ્ધપુષ્ટિભકતમાં માત્ર **પ્રેમજ** હોય છે. એ ભકતનું શ્રવણાદિ પણ **પ્રેમમૂલક** હોય છે, પ્રભુમાં **પ્રેમ આસક્તિ** અને **વ્યસન**ને લીધે પ્રભુવિના રહી શકાતુ નથી, તેથી પુષ્ટિભકત પ્રભુનું શ્રવણાદિ માત્ર વિધિથીજ નહિ, પરન્તુ **સ્નેહ**ને લીધે ***મોદપ્રમોદ**થી કરે છે. એવા શુદ્ધ પુષ્ટિભકત જગતમાં વિકલ, અસ્વસ્થ જણાય છે, તથાપિ એમનું **સર્વ સાધન જ ભગવાન્** હોવાથી શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિફલ સત્વર પ્રાપ્ત કરી શકે છે.

૧૭. પુષ્ટિમાર્ગમાં પ્રમાણ પ્રમેય સાધન અને **ફલ.**—૧ પ્રભુનું વેણુગીત **પ્રમાણ** ૨ રસાત્મક, ભાવાત્મક, ફલાત્મક, લીલાત્મક પ્રભુ **પ્રમેય** છે. ૩ સર્વાત્મભાવરૂપવિપ્રયોગ **સાધન** છે. ૪. અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને ભગવલ્લોકસ્થિતિ એ ત્રણ **ફલ** છે.

૧૮. પુષ્ટિમાર્ગીય પુરુષાર્થ.—૧ સર્વ દેશમાં સર્વ કાલમાં શ્રીવ્રજેશ્વરની **સેવા** એ **ધર્મ**, ૨ પ્રભુ સર્વ સમર્થ છે, તેથી નૈશ્ચિન્ત્ય એ **અર્થ** ૩ ભગવદ્દર્શનની **કામના** એ **કામ** ૪ શ્રીમદ્ ગોકુલેશ્વરનું સદા સર્વદા સ્મરણ એ **મોક્ષ**. આ ચારે પુરુષાર્થ શ્રીમદ્ભાગવતના **ષષ્ઠસ્કંધ** વૃત્રાસુરચતુઃશ્લોકીમાં અને શ્રીમદાચાર્યજીની ચતુઃશ્લોકીમાં પ્રસિદ્ધ છે.

૧૯. શ્રીકૃષ્ણનાં સ્વરૂપ.—૧. જગત્ **आधिभौतिक स्वरूप** છે. પ્રથમ આધિભૌતિક સ્વરૂપ તે લક્ષ્મીપતિ નારાયણ છે, ૨. અક્ષરબ્રહ્મ આધ્યાત્મિક **સ્વરૂપ** છે. ૩. શ્રી**कृष्ण आधिदैविक पुरुषोत्तम** સ્વરૂપ છે. તેમાં પણ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ એમ ચાર વ્યૂહયુકત સ્વરૂપ લોકવેદ પ્રસિદ્ધ સ્વરૂપ છે અને વ્યૂહરહિત કેવલ શૃંગાર રસાત્મક પુરુષોત્તમનું સ્વરૂપ તો લોકવેદમાં અપ્રસિદ્ધ હોવાથી કેવલ અનુભવૈકવેદ્ય છે.†

---

* ફકત અનુભવથીજ જાણી શકાય તેવું છે. † આનંદથી.

૨૦ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ.—પુંભાવાત્મક શ્રીઠાકુરજી. ૨ સ્રીગૂઢભાવાત્મક શ્રી સ્વામિનીજી. ૩ ઉભયના સંયોગરસના સાક્ષી. આ ત્રણે સ્વરૂપ 'सौन्दर्यं निजहृद्गतं' શ્લોકમાં શ્રીગુસાંઇજીએ નિરૂપણ કર્યાં છે. શ્રીવલ્લભાષ્ટકમાં પણ શ્રી મહાપ્રભુજીનું જ સ્વરૂપ છે. શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતમાં શ્રીમહાપ્રભુજીના અપ્રાકૃત ધર્મનું નિરૂપણ છે. અને શ્રીસર્વોત્તમજીમાં શ્રીમહાપ્રભુજીના ૧૦૮ નામ શ્રીગુસાંઇજીએ નિરૂપણ કર્યાં છે. જેના પાઠથી શ્રીમહાપ્રભુજીની દુર્બોધ વાણી સુબોધ થઇ જાય છે, અને જેના જપથી શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધ થઇ જાય છે. શ્રીમહાપ્રભુજીનું યથાર્થ સ્વરૂપ શ્રીગુસાંઇજીએ અને શ્રીદામોદરદાસજીએ અનુભવ્યું છે.

૨૧. શ્રીમહાપ્રભુજીના મૂલ પુરૂષ.—કૃષ્ણ યજુર્વેદ તૈત્તિરીય શાખા, ભારદ્વાજ ગોત્ર, ભારદ્વાજ બાર્હસ્પત્યાંગીરસ ત્રીપ્રવર.

શ્રીયજ્ઞનારાયણ ભટ્ટ
શ્રીગંગાધર ભટ્ટ
શ્રીગણેશ ભટ્ટ
શ્રીવલ્લભ ભટ્ટ
શ્રી લક્ષ્મણ ભટ્ટ

શ્રીરામચંદ્ર ભટ્ટ | **શ્રીમહાપ્રભુજી** | શ્રીકેશવભટ્ટ

૨૨. શ્રીપુષ્ટિમાર્ગમાં મંત્રદ્વય.—૧ **अष्टाक्षर**—આ મંત્રથી શ્રીકૃષ્ણનો આશ્રય દૃઢ થઇને શ્રવણ કીર્તનાદિ સપ્ત ભક્તિનો અધિકાર સિદ્ધ થાય છે. ૨ ब्रह्मसंबंध-निवेदन અથવા पंचाक्षर मंत्र. આ મંત્રથી સખ્ય અને આત્મનિવેદન ભક્તિનું જ્ઞાન થઇ જતાં પ્રેમ, આસક્તિ, અને વ્યસન સિદ્ધ થઇ જાય છે.

આ બે મંત્ર ઉપરાંત શ્રીગોપાલમંત્ર શ્રીનૃસિંહમંત્ર, શ્રીસુદર્શનમંત્ર, પણ કેટલાક લેછે; જો કે સર્વેએજ તે વૈદિક મંત્ર લેવાજ જોઇએ એવો નિયમ સર્વથા નથી.

૨૩. પુષ્ટિસમ્પ્રદાયમાં વ્રત.—૧ તમામ **एकादशी** ૨ **जन्माष्टमी** શ્રાવણ કૃષ્ણ ૮, ૩ **रामनवमी** ચૈત્ર શુક્લ ૯. ૪. **वामनजयंती** ભાદરવા શુક્લ ૧૪. ૫. **नृसिंह जयंती** વૈશાખ શુકલ ૧૪.

૨૪. પુષ્ટિમાર્ગમાં દર્શન.—પૂર્વાહ્ન.* ૧ મંગલા. ૨. શૃંગાર. ૩ ગ્વાલ. ૪. રાજભોગ. †અપરાહ્ન. ૫. ઉત્થાપન. ૬. ભોગ. ૭. સન્ધ્યા. ૮. શયન. વૈષ્ણવોના ઘરમાં ગ્વાલ, અને સંધ્યાનાં દર્શન થતાં નથી.

---

* બારવાગતા પહેલાં. † બપોર પછી.

૨૫. પુષ્ટિમાર્ગીય સેવા.—૧ **तनुजा** ૨ **वित्तजा** = સાધનરૂપા. ૩ **मानसी** ફલરૂપા.

જીવો ત્રણ પ્રકારના છે. **प्रवाही, मार्यादिक ने पुष्ट.** પ્રવાહી જીવો **आसुर** છે. શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૬ મા અધ્યાયમાં તેમનું સ્વરૂપાદિ સ્પષ્ટ છે. માર્યાદિક જીવ દૈવી છે, અને તેઓ વેદમાં સ્થિતિ કરીને વૈદિક કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગમાં ક્રમશઃ આવીને બ્રહ્મભાવ પ્રાપ્ત કરીને અક્ષરબ્રહ્મમાં અને કૃપાવિશેષથી પુરુષોત્તમમાં સાયુજ્યની પ્રાપ્તિ કરે છે. પુષ્ટિસ્થ જીવો તો **साक्षात श्रीकृष्णना श्रीअंगमांथोज** વ્યુચ્ચરિત થયા છે, તેથી શ્રીકૃષ્ણની **तनुजा वित्तजा** સેવા કરીને અહન્તામમતાથી ક્રમશઃ નિવૃત્ત થઈને પ્રેમ આસક્તિ પ્રાપ્ત કરીને **मानसी फलरूपा सेवा** અથવા **व्यसन** પ્રાપ્ત કરે છે. સાધન અવસ્થામાં વા ફલ અવસ્થામાં **शरणभावना** વા **प्रपत्ति** તેમનું શરણ છે. તેઓ શ્રીકૃષ્ણના છે તેથી **श्रीकृष्ण पण तेमना छे.** સેવાફલ નામના ગ્રંથમાં સેવાના ફલમાં ત્રણ **प्रतिबंध** કથ્યા છે. તેમનો ત્યાગ પણ શરણભાવનાથીજ કરીને તેઓ **श्रीकृष्णसेवाफल** પ્રાપ્ત કરે છે. **आश्रयज** તેમનું સર્વસ્વ છે; જેનું નિરૂપણ શ્રીકૃષ્ણાશ્રય નામના ગ્રંથમાં સ્પષ્ટ છે. '**कलौ भक्त्यादि मार्गा हि दुस्साध्या इति मे मतिः**' એમ શ્રીમદાચાર્યજી વિવેકધૈર્યાશ્રયમાં આજ્ઞા કરે છે. તેથી **आश्रयज** સાર છે. અને આશ્રયથીજ શ્રીકૃષ્ણ નિરોધ પર્યન્ત દાન કરે છે. એ વિનિશ્ચય છે.

૨૬. સૃષ્ટિ ક્રમ.—શ્રીપુરૂષોત્તમને સૃષ્ટિ કરવાની ઇચ્છા થાય છે ત્યારે સૂર્ય અને કેસરના યોગે કરીને જેમ અગ્નિ પ્રકટ થાય છે તેમ અક્ષરબ્રહ્મથી થયેલો **काल** સદાનંદ શ્રીપુરુષોત્તમના કટાક્ષમાંથી પૃથક થઇ જાય છે. શ્રીપુરુષોત્તમના ભ્રૂકુટિ રન્ધ્રમાંથી કાલ ઉદ્ભવે છે, અને કાલમાંથી પ્રકૃતિ અને પુરૂષ પ્રકટ થાય છે. પ્રકૃતિમાંથી ગુણાત્મક લક્ષ્મીપતિ નારાયણનો આવિર્ભાવ થાય છે. નારાયણના મનમાંથી વિષ્ણુ* લલાટમાંથી રૂદ્ર† અને નાભિકમલમાંથી બ્રહ્મા‡ થાય છે, એ બ્રહ્મામાંથી સૃષ્ટિ થાય છે.

* સત્ત્વ ગુણાવતાર. † તમો ગુણાવતાર. ‡ રજોગુણાવતાર.

પ્રીન્ટર્સ—ન્યુ આર્ટ લીથો વર્કસ, ઠાકુરદ્વાર, સૂર્યમહાલ—ગિરગાંવ, મુંબઇ.

પ્રકાશક—શ્રીવૈષ્ણવસેવામંડલ. ૧૦૮, મીન્ટરોડ કોટ, મુંબઇ.

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રીપુષ્ટિમાર્ગીય વચનામૃતો.

एकं शास्त्रं देवकीपुत्रगीतमेको देवो देवकीपुत्र एव ॥
मन्त्रोऽप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥

....

દેવકીના પુત્રે (શ્રીકૃષ્ણભગવાને) જે ગાન કરેલ છે તે ગીતા. તે જ એક (સર્વોત્તમ) શાસ્ત્ર છે. અને દેવકીના પુત્ર એ જ એક (સર્વોત્તમ) દેવ છે. અને તેનાં નામો છે તે જ એક (સર્વોત્તમ) મંત્ર છે. અને તે દેવ (શ્રીકૃષ્ણભગવાન્)ની સેવા તે જ એક (સર્વોત્તમ) કર્મ છે. ત. દી. નિબંધ.

૨૮. **પુષ્ટિ.**—कृष्णानुग्रहरूपा हि पुष्टिः कालादिबाधिका । ત. દી. નિબંધ.

કાલ, કર્મ, અને સ્વભાવને બાધ કરનાર એવો શ્રીકૃષ્ણનો અનુગ્રહ, શ્રીકૃષ્ણની કૃપા, એજ **પુષ્ટિ.** એ પુષ્ટિ–અનુગ્રહ આગળ કાલ, કર્મ અને સ્વભાવ કોઇનું પણ બલ ચાલતું નથી. શ્રીકૃષ્ણના અનુગ્રહનું સ્વરૂપ ગૂઢ છે, અસ્પષ્ટ છે, અવ્યક્ત છે. અનુગ્રહ સ્વતઃ લોકમાં દશ્યમાન થઇ શકતો નથી, તથાપિ તે અનુગ્રહનું ઉત્તમ ફલ દશ્યમાન થઇ શકે છે. જ્યારે અનુગ્રહનું ઉત્તમ ફલ દૃષ્ટિગોચર થાય છે ત્યારે તે ઉત્તમ ફલવડે અનુગ્રહનું તો માત્ર અનુમાન જ થઇ શકે છે. सिद्धान्तमुक्तावलीમાં પણ શ્રીમદાચાર્યચરણે સ્પષ્ટ આજ્ઞા કરી છે કે "अनुग्रहः पुष्टिमार्गे नियामक इतिस्थितिः ।" પુષ્ટિમાર્ગમાં અનુગ્રહ નિયામક છે એવી જ પુષ્ટિમાર્ગની વ્યવસ્થા છે. કોઇપણ સાધનવિના પ્રભુ નિજ સ્વરૂપબલવડે કરીને કાર્ય કરી દે એ પુષ્ટિ.

પુષ્ટિ શબ્દનો અર્થ જે દેહેન્દ્રિયોનું પોષણ કરીને વિષયાસક્તિ કરવી તે શ્રીવલ્લભાચાર્યજીને ઇષ્ટ નથી. તે તેમના ઉપર જણાવેલ સિદ્ધાંતથી સિદ્ધ થાય છે. વસ્તુતઃ તે પુષ્ટિ શબ્દનો અર્થ નથી પરંતુ દુરર્થ છે. "विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः" (સંન્યાસનિર્ણય). વિષયવાસનાવાળા દેહમાં હરિનો આવેશ થતો નથી એમ તેઓશ્રી સંન્યાસનિર્ણય નામના ગ્રંથમાં પણ સ્પષ્ટ કહે છે.

૨૯. શ્રીમદ્‌ભાગવતશાસ્ત્ર.—શ્રીમદ્‌ભાગવતશાસ્ત્ર અષ્ટાદશ પુરાણમાં સર્વોત્કૃષ્ટ હોવાથી અત્યન્ત લોકપ્રિય છે. વેદ અને બ્રહ્મસૂત્ર કરતાં પણ શ્રીમદ્‌-ભગવદ્‌ગીતા અને શ્રીમદ્‌ભાગવતશાસ્ત્રનો પ્રચાર અધિકાધિક દૃશ્યમાન થાય છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનો જ વિસ્તાર શ્રીમદ્‌ભાગવત હોવાથી શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના સ્વાધ્યાય પછી પણ તેના સૂક્ષ્મ અર્થનું વિસ્તારથી પરિજ્ઞાન થવામાં શ્રીમદ્‌ભાગવત પરમ ઉપયોગી છે. વેદ અને બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવત એ સર્વનું તત્ત્વ એકનું એક જ છે, તથાપિ વક્તા અને શ્રોતાના હીન, મધ્યમ, અને ઉત્તમ એ ત્રિવિધ અધિકાર હોય છે, અને વક્તા શ્રોતાના હીન મધ્યમ વા ઉત્તમ અધિકારાનુસાર તે તે શાસ્ત્રના શ્રવણ મનનાદિથી તથાવિધ (તે તે પ્રકારે) અર્થજ્ઞાન થાય છે, એ સર્વાનુભવ સિદ્ધ છે. ઉત્તમ અધિકાર સમ્પાદન કર્યા વિના જ વૃત્ત્યુપજીવી (ધંધાને માટે) હીન વક્તા વેદાર્થરૂપ શ્રીમદ્‌ભાગવતના અર્થનો અનર્થ કરી દે છે અને તેથી પર્યવસાનમાં વક્તા અને શ્રોતા ઉભયને પારમાર્થિક હાનિ થાય છે. વેદવૃક્ષના ફલરૂપ શ્રીમદ્‌ભાગવત શાસ્ત્રના શ્રવણે કરીને જે ઉત્કૃષ્ટોત્કૃષ્ટ (ઉત્તમમાં ઉત્તમ) ભગવત્સાયુજ્ય આદિ ફલ પ્રાપ્ત થવું જોઇએ તે ન થતાં, શ્રીમદ્‌ભાગવતરૂપ સમાધિભાષા જેવા સર્વોત્કૃષ્ટ ગ્રંથના પણ શ્રવણનું ફલ અત્યંત વિપરિત આવે, એ અતીવ શોચનીય છે. અનેકાનેક આભાસ ટીકાઓ વડે ત્રણે પ્રસ્થાનનું રહસ્ય આચ્છાદન થઇ ગયું (ઢંકાઇ ગયું) એમ શ્રીમદાચાર્યચરણને જણાયું, એટલે ત્રણે પ્રસ્થાનની એકવાક્યતા કરવામાં વેદતુલ્ય વેદના પણ ફલરૂપ મહાપુરાણ શ્રીમદ્‌ભાગવતસંહિતાનો સમાશ્રય કરી શ્રીમદ્‌ભાગવતરૂપ સમાધિભાષાને વેદાદિ પ્રસ્થાનમાં ચતુર્થસ્થાન યોગ્યતાપૂર્વક આપી શ્રીમદ્‌વૈશ્વાનરાચાર્યે ત્રણને સ્થાને ચાર પ્રસ્થાનનો આદર કર્યો, અને તે પર નિબંધમાં શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થ, અને શ્રીસુબોધિનીજીમાં વાક્યાર્થ શબ્દાર્થ, અક્ષરાર્થ આપી શ્રીમદ્‌ભાગવતનું રહસ્ય યથાર્થ સમજાવ્યું છે. (વધુમાટે તે ગ્રંથો જોવા.)

૩૦. ભક્તિ.—माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ॥ स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥ नि० शा. ४२ ॥

માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક ભગવાન્ પ્રત્યેના સ્નેહને ભક્તિ કહે છે. દેવાદિ સંબંધી જે રતિ અથવા પ્રીતિ એને ભાવ કહે છે, રતિ એટલે સ્નેહ. ત. દી. નિ. શા. ૪૨.

૩૧. ગુરુનું લક્ષણ.—कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्। श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात् ॥ તત્ત્વાર્થદીપ નિબંધ સ. પ્ર. ૨૨૭.

જીજ્ઞાસુએ શ્રીકૃષ્ણની સેવામાં તત્પર દંભાદિરહિત શ્રીભાગવતના તત્ત્વના જ્ઞાતા નરની નજરેનજર ખાત્રી કરીને આદરપૂર્વક ભજન કરવું. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે પ્રથમ તો ગુરુ શ્રીકૃષ્ણની સેવામાં સ્વતઃ તત્પર જોઇએ. ગુરુ પરમકાષ્ઠાપન્ન પરિપુર્ણ સાક્ષાત્ શ્રીકૃષ્ણની જ સેવામાં તત્પર હોવા જોઇએ (એટલે) કોઇ વિભૂતિમાં આસક્ત ન હોવા જોઇએ અર્થાત્ શ્રીકૃષ્ણની સેવા અથવા પરિચર્યા મુખ્ય છે. (પુષ્ટિમાર્ગીય સેવામાં) ઉપાસનાવત્-પૂજાવત્ મોટા આડંબરની જરુર નથી પણ श्रीकृष्णसेवामां तत्पर જોઇએ અર્થાત્ તેણે અહર્નિશ પ્રભુસેવા કરવી જોઇએ. એટલે પ્રથમ ગુરુએ શ્રીકૃષ્ણ પોતાનું સર્વસ્વ છે એમ જાણવું જોઇએ, શ્રીકૃષ્ણની સેવા કરવી જોઇએ, અને શ્રીકૃષ્ણની સેવામાં તત્પર રહેવું જોઇએ. આ પ્રથમ મુખ્ય સદ્ગુણ છે. બીજો સદ્ગુણ દંભાદિ છ આસુર સંપત્તિમાંથી એકપણ આસુર સંપત્તિ ન હોવી જોઇએ. શ્રીગીતાના ૧૬મા અધ્યાયમાં **દંભ, દર્પ, અભિમાન, ક્રોધ, કઠોરતા** અને **અજ્ઞાન** એ છ આસુર સંપત્તિ નિરૂપણ કરી છે તેથી તે છ સંપત્તિથી ગુરુ મુક્ત હોવા જોઇએ એટલે ગુરુ **દાંભિક** ન જોઇએ, **ગર્વિષ્ઠ** ન જોઇએ, **અભિમાની** ન જોઇએ, **ક્રોધી** ન જોઇએ **કઠોર** ન જોઇએ, અને **અજ્ઞાની** ન જોઇએ એ દ્વિતીય સદ્ગુણ થયો. શ્રીમદાચાર્યજી તૃતીય સદ્ગુણ નિરૂપણ કરતાં આજ્ઞા કરે છે જે ગુરુ નર હોવો જોઇએ, પુરુષ હોવો જોઇએ, અર્થાત્ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષથી પરમ અધિક સર્વોત્કૃષ્ટ **ભક્તિપુરુષાર્થ** સિદ્ધ કરવાની યોગ્યતા તે ગુરુમાં હોવી જોઇએ. ચતુર્થ સદ્ગુણ નિરૂપણ કરતાં શ્રીમદ્વૈશ્વાનરાચાર્ય આજ્ઞા કરે છે કે ગુરુ **શ્રીભાગવતના તત્ત્વના જ્ઞાતા** હોવા જોઇએ. ગાયત્રી **બીજ** છે, વેદ **વૃક્ષ** છે, અને શ્રીમદ્ભાગવત એ વૃક્ષનું **ફલ** છે. તેથી બીજાત્મક ગાયત્રીનું મનન કરીને, વૃક્ષાત્મક વેદનું અવગાહન કરીને ગીતા અને બ્રહ્મસૂત્રથી સિદ્ધાંતનો વિનિશ્ચય કરીને શ્રીમદ્ભાગવતને પરમ ફલરૂપ માનનાર ગુરુ જોઇએ. માત્ર શ્રીમદ્ભાગવતનાજ જ્ઞાતા નહિ પણ શ્રીમદ્ભાગવતનું તત્ત્વ જે શ્રીસુબોધિનીજી અને તત્વદીપ નિબંધમાં પ્રતિપાદન કરેલું છે તેના જ્ઞાતા ગુરુ જોઇએ આ ગુરુમાં ચતુર્થ સદ્ગુણ છે, આ સદ્ગુણ વિષે માત્ર કર્ણાકર્ણિકાથી શ્રવણ કરીને જ ગુરુ ન કરી દેવા. પરંતુ **નજરેનજર ખાત્રી કર્યા પછી** તે ગુરુને શરણે જવું. ભક્તિમાર્ગમાં એવા **ચતુર્ગુણવિશિષ્ટ** ગુરુ હોવા જોઇએ, અને એવા ચતુર્ગુણવિશિષ્ટ ગુરુને શરણે જઇને **જીજ્ઞાસુએ પરમ આદરપૂર્વક** ભજન કરવું. આવા ગુરુ તરફ જીજ્ઞાસુએ પણ કૌતુક આદિ દૃષ્ટિથી જોવું નહિ, પરંતુ શુદ્ધ આદર રાખવો, એમ શિષ્યનો પણ ધર્મ કહ્યો.

૩૨. પંચપર્વા વિદ્યા.—પ્રથમ પર્વ **વૈરાગ્ય** એટલે વિષયતૃષ્ણા રહિત થવું. ભગવાન્ કે ભગવત્સંબંધી સિવાય અન્યમાં રાગરહિત થવું તે. બીજું પર્વ **સાંખ્ય** એટલે નિત્ય અનિત્ય વસ્તુના વિવેકપૂર્વક સર્વ અનિત્ય વસ્તુનો આંતરત્યાગ (મનને પ્રભુમાં યોજવું–જોડવું) એટલે અહંતામમતા છોડી દેવી તે. ત્રીજું **તપ** એટલે વિચારપૂર્વક આલોચન (જોવું) તે. ચોથું **યોગ** એટલે ચિત્તની એકાગ્રતા. પાંચમું **ભક્તિ** એટલે સ્નેહપૂર્વક પ્રભુની સેવા.

૩૩. પુષ્ટિલીલા.—બ્રહ્મવાદમાં જીવ વગેરે તમામ ભગવદ્રૂપ છે. સૃષ્ટિ સમયમાં જીવને સ્વરૂપાનુભવ હોય તો જીવભાવ થાય નહિ. પણ દેહ, ઇન્દ્રિય અને અંતઃકરણના અભિમાનથી સ્વરૂપજ્ઞાન ઢંકાઇ જવાથી, જીવો બ્રહ્મના અંશરૂપ છતાં, તેમને જીવભાવ થાય છે. એ જીવોના ઉપર અનુગ્રહ કરવો એ પોષણ અથવા પુષ્ટિલીલા. (સુબોધિનીજી નાગપત્નિઓની સ્તુતિ.)

૩૪. હૃષીકેશ.—હૃષીક એટલે ઇન્દ્રિયો. ઇન્દ્રિયોના ઈશ એટલે પ્રવર્ત્તક ભગવાન્ છે.

૩૫. યોગ.—ચિત્તવૃત્તિનિરોધ એટલે યોગ. જ્યાંસુધી નિરોધ પકવ થયો ન હોય ત્યાંસુધી યોગીનું મન અભિમાનવાળું રહે છે, અને કામ વગેરે વાસનાઓ એને પીડે છે.

૩૬. અંતઃકરણ.—મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચારને અંતઃકરણ કહેવામાં આવે છે. જો અંતઃકરણમાંથી ચાર પ્રકારના દોષ જતા રહે તો બહારના ત્યાગ વડે તે પ્રકાશવાળું થાય છે. પણ જો એ ચતુર્વિધ દોષ રહેલા હોય તો તેને બહારનાં ત્યાગથી શોભા પ્રાપ્ત થતી નથી. સ્ત્રી, પુત્ર અને ધન એ ત્રણની તૃષ્ણા એ ચિત્તનો દોષ છે. ઘોરપણું અને વિમૂઢપણું એ બુદ્ધિનો દોષ છે. બહારના વિષયમાં ભટકવું એ મનનો દોષ છે. અહંકાર સન્નિપાતરૂપ હોવાથીતે દોષરૂપ જ છે. (સુબોધિનીજી ભા–૧૦–શરદ ઋતુ વર્ણન શ્લો. ૩૫)

૩૭. કામ.—કામ એટલે **અભિલાષા** અથવા **સ્નેહ**. એકાદશેન્દ્રિય સહિત દેહ તથા આત્માએ પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરવાની આર્તિ–ઇચ્છા. દૃષ્ટાંત—ભગવાન્ પ્રત્યે ગોપિકાઓનો જે સ્નેહ હતો તે વેણુનાદ સાંભળી ઉદ્‌બુદ્ધ થતાં, આસક્તિરૂપ થયો. તે કારણથી ભગવાનને વિષે આસક્તિવાળી થઇ તે વ્રજસ્ત્રીઓએ ભગવદ્‌ગુણનું વર્ણન કરવાનો આરંભ કર્યો. (સુબોધિનીજી–લેખ વેણુગીત.)

૩૮. સુધા.—સુધા ત્રણ પ્રકારની છે. **દેવભોગ્યા, ભગવદ્ભોગ્યા** અને **સર્વભોગ્યા.** મુખ્ય રાસાદિ લીલામાં ભગવાને ભોગ્યા જે સુધા તે **ભગવદ્ભોગ્યા.** ક્રીડાશીલ દેવોએ ભોગ્યા જે સુધા તે **દેવભોગ્યા,** અર્થાત્ સચ્ચિદાનંદને વિષે સ્થાપિત જે મુખ્યાંશભૂત ધર્મભૂત સુધા તે **દેવભોગ્યા.** વેણુનાદદ્વારા બહાર નિકળતી **સર્વભોગ્યા** છે એટલે તે સુધા સર્વ જીવથી સાક્ષાત્ ભોગ્ય નથી, પણ નાદ દ્વારાએ ભોગ્ય છે. એ સુધા માત્ર કાનથી પાનકરવા યોગ્ય છે, કેમકે ઉચ્છિષ્ટ મુખથી તેનું પાન સંભવતું નથી. **કાનથી પાનકરેલી સુધા સર્વનું ભગવદીયત્વ સંપાદન કરે છે. તે બ્રહ્માનંદ કરતાં પણ અધિક આનંદરૂપ** છે. એ સુધા પોતાની મેળે ભગવદીયત્વ સંપાદન કરવામાં સાધન-રૂપ થતી નથી માટે નાદબ્રહ્મને વિષે તેને યોજવા સારૂ નાદના ઉત્પત્તિસ્થાન વેણુના રંધ્રમાં (છિદ્રમાં) ભગવાને તેને પુરી તે સુધા વેણુને સ્પર્શ કર્યા વગર નાદદ્વારા વેણુના રંધ્રમાંથી નિકળી કર્ણદ્વારા હૃદયમાં પ્રવેશ કરીને તેનું વર્ણન કરતી વખતે તે મુખમાં આવે છે અને મુખ ભગવાનના ગુણ ગાવા યોગ્ય થાય છે. (સુબોધિનીજી.)

૩૯. વેણુગીત.—ભગવાનનું વેણુગીત અમૃત છે, તેથી બીજાઓએ કરેલા નાદથી તે પૃથક્ જણાય છે. શ્રીકૃષ્ણ સદાનંદ છે મુખ વાણીનું અધિપતિ છે. તેમાંથી નાદ નિકળેછે. એ નાદ બીજા પદાર્થોનું વિસ્મરણ કરાવે છે. એ પ્રમાણે હોવાથી એ નાદરૂપી ગીત છ ગુણવાળું છે તેમાં ૧ સદાનંદપણું, ૨ વાક્પતિપણું, ૩ સર્વત્ર ગતિપણું, ૪ બીજા વિષયનું વિસ્મરણ કરાવવાપણું, ૫ ચિત્તને હરવાપણું અને ૬ મરણની ભીતિ દૂર કરવાપણું (અમૃતપણું) છે. વેણુનો નાદ એવો મિષ્ટ હતો કે વાછરડાં ધાવતાં બંધ થયાં, એટલું જ નહિં પણ મ્હોંમાં આવેલો દૂધનો ઘુંટડો પણ પેટમાં ન ઉતરતાં આ નાદ જ સાંભળવા લાગ્યાં. જ્ઞાનિભકત આંખો મીંચીને ભગવાનને અંદર જુવે છે, તેમ જ ગાયો પણ ભગવાનનો આવિર્ભાવ થવાથી સ્તબ્ધ થઇ નેત્ર મીંચીને ઉભી રહી. ભગવાનનો વેણુનાદ **અલૌકિક અને દુર્લભ** છે.

૪૦. પુલિન્દી.—વનમાં વસનાર શૂદ્ર જાતિના લોકોને **પુલિન્દ** કહે છે, અને તેમની સ્ત્રીઓ **પુલિન્દીઓ** કહેવાય છે. તેઓને ભગવાનના નિકટપણાથી જે ભકિત પ્રાપ્ત થઇ તેથી બીજાં બધાં કરતાં તેઓ પૂર્ણ છે, કેમકે તેમને ભગવચ્ચરણારવિંદની રજનો સંબંધ છે. ગોવર્ધનપર્વત ભગવાનનો ભકત છે અને આ પુલિન્દીઓ તેમાં રહે છે, અને ગોવર્ધનજેવા ભકતના સંગથી પુલિન્દીઓની પૂર્ણતા યુકત છે.

૪૧. **પ્રેમ.**—પ્રેમ એ દ્વેષનો શત્રુ છે. પથ્થર જેવા હૃદયને તે પીગળાવી નાખે છે. તે દુશ્મનને મિત્ર કરે છે, અને મિત્રને ભક્ત બનાવી દે છે પ્રેમની સત્તા અલૌકિક છે સિંહ સરખા ભયંકર અને પરાક્રમી પુરુષો પણ પ્રેમપોષક ભાર્યાની આગળ બકરી જેવા થઇ જાયછે.

૪૨. **નિરોધ.**—એટલે પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ. નામરૂપાત્મક જગતને ભૂલી જઇ ભગવાન્‌માં અતિશય પ્રેમ રાખવો એને નિરોધ કહે છે. ભાગવત દશમસ્કંધમાં આ નિરોધલીલાનું વર્ણન છે.

૪૩. **પ્રમાણ—પ્રમેય—સાધન—ફલ.**—જે વડે જ્ઞાન પ્રાપ્ત થાય તેને **પ્રમાણ** કહે છે, પ્રમાણથી જ્ઞેય (જાણવા યોગ્ય) વસ્તુને **પ્રમેય** કહે છે. કર્તાની ક્રિયામાં જે પદાર્થ ઉપકારી થાય તેને **સાધન** કહે છે. સાધનથી થયેલી ક્રિયાના પરિણામને **ફલ** કહે છે.

૪૪. **ઐશ્વર્યાદિનો ક્ષય.**—आयुः श्रियं यशो धर्मं लोकानाशिष एव च हन्ति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः । **મ્હોટા લોકોનો** અપરાધ કરવાથી પુરુષનાં, આયુષ્ય, લક્ષ્મી, યશ, ધર્મ, શુભલોક, સુખ અને સર્વપ્રકારનાં કલ્યાણનો નાશ થાય છે.

૪૫. **દારિદ્રય.**—એક તરફથી રોગાદિ ઉપદ્રવ થાય, બીજી તરફથી લક્ષ્મીનો નાશ થાય, એને **દારિદ્રય** કહેછે. વ્યાધિ વગેરે, મદ મટાડવાને માટે અંજનરૂપ છે પણ દારિદ્રય સર્વ કરતાં લક્ષ્મીમદાંધને માટે ઉત્તમ અંજનરૂપ છે. દારિદ્રય કેવલ દોષ દૂર કરે છે એટલું જ નહિ પણ ગુણ ઉત્પન્ન કરે છે. દારિદ્રયથી પીડાતો મનુષ્ય પોતાના સુખદુઃખના અનુભવથી બીજાના સુખદુઃખનો અનુભવ કરે છે. અને તે દુઃખ દૂર કરવાને માટે પણ યત્ન કરે છે. જેને કાંટો વાગ્યો હોય તે તેનાથી કેટલી પીડા થાય છે તે જાણે છે તેથી બીજાને કાંટો વાગ્યો હોય તો તે કાઢી નાખે છે. એ પ્રમાણે સર્વને સરખું દુઃખ થાય છે, એ વાત જેવો દરિદ્રી સમજે છે તેવો જે દારિદ્રયરૂપી કાંટાથી વિંધાયો નથી તે સમજતો નથી.

૪૬. **વિજ્ઞાન.**—**વિજ્ઞાન** એટલે અનુભવ. એ વિજ્ઞાન શુદ્ધ સાત્વિક અંતઃકરણમાં પ્રકટ થાય છે. જેમ જેમ અંતઃકરણ શુદ્ધ થાય છે તેમ તેમ તે કાલથી હણાતું નથી. શુદ્ધ સત્ત્વનો અંતઃકરણમાં આવિર્ભાવ થાય ત્યારે જ વિજ્ઞાન થાય છે. જો જગતમાં પ્રથમ અન્ન ઉત્પન્ન થયું હોય તો જ ક્ષુધા મટાડવાને તેનો ઉપયોગ સહેલાઇથી થઇ શકે છે પણ ભુખ લાગ્યા પછી તેને ઉત્પન્ન કરી ભુખ મટાડવી એ બની શકે નહિ. તેમ શાસ્ત્રથી સત્ત્વ ઉત્પન્ન કરી તેથી અજ્ઞાનની નિવૃત્તિ કરવી એ બની શકતું નથી. પ્રથમ સત્ત્વનો અંતઃકરણમાં આવિર્ભાવ થયા પછી વિજ્ઞાન થાય તો તે ટકી શકે છે. જ્યારે ભગવાન્ સત્ત્વનો અંતઃકરણમાં આવિર્ભાવ કરે છે, ત્યારે જ એમની કૃપાથી **વિજ્ઞાન** થાય છે. (સુ. ભા. ૧૦–૨–૩.)

૪૭. **ભોગ.**—ભોગ એ સેવાનું એક અંગ છે. શ્રી પુષ્ટિમાર્ગીય ભક્તો તરફથી શ્રી ઠાકોરજીને "तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम्" "असमर्पितवस्तूनाम् तस्माद्वर्जनमाचरेत्" (સિદ્ધાન્ત રહસ્ય) "શરૂઆતમાં જ સર્વ કાર્યમાં સર્વ વસ્તુ પ્રભુને સમર્પવી." "અસમર્પિત વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો જોઇએ" એ સિદ્ધાંત લક્ષમાં લઇ વખતો વખત સામગ્રી ધરાવવામાં આવે છે તેને **ભોગ કહે છે.**

ભોગના પદાર્થો સાત્ત્વિક હોય છે. સાધારણ રીતે તેના ચાર પ્રકાર છે. **અનસખડી,** સખડી, દૂધઘર અને મેવો. મીઠાના સ્પર્શ વગર જે પદાર્થો ઘી અથવા દૂધમાં તૈયાર કરવામાં આવે છે તેને અનસખડી કહે છે. જેમાં મીઠું, **પાણી,** વગેરે આવે છે તેને સખડી કહે છે, ને એઠા ગણવામાં આવે છે. એકલા દૂધના કે દૂધ અને ખાંડના જે પદાર્થો કરવામાં આવે છે તે દૂધઘર કહેવાય છે. ફલફલાદિ વિગેરેને મેવા તરિકે એક જ વર્ગમાં ગણવામાં આવે છે. यद्यदिष्टतमं लोके यच्चातिप्रियमात्मनः । येन स्यान्निर्वृतिश्चित्ते तत्कृष्णे साधयेद् ध्रुवम् ॥ (निबंध स. नि. २३६)

જે પદાર્થો લોકમાં ઇષ્ટતમ (ઉત્તમ) ગણાતા હોય, અને જે પોતાને પ્રિય હોય અને જેથી મનમાં સુખ થાય તે પદાર્થો ભગવાનને ધરાવવા અથવા અર્પણ કરવા. જેટલા કાલ સેવા કરવામાં આવે છે તેટલા કાલ ભોગ ધરવામાં આવે છે.

૪૮. **ભગવદ્જન્મ, કર્મ.**—ભગવાનને ગુણવડે કર્મ અને જન્મ છે જ નહિ. ભગવાનની સદ્રૂપ ક્રિયાશક્તિ વડે થતા પ્રાકટ્યને ભગવાનનું **કર્મ** કહે છે. અને આનંદરૂપ વડે થતા પ્રાકટ્યને **જન્મ** કહે છે.

૪૯. **પુનર્જન્મ નિવૃત્તિ.**—श्रृण्वन्गृणन्संस्मरयंश्च चिन्तयन्नामानि रूपाणि च मङ्गलानि ते ॥ क्रियासु यस्त्वच्चरणारविन्दयोराविष्टचेता न भवाय कल्पते ॥

તમારાં મહામંગલ નામ અને રૂપોને સાંભળતો, બોલતો, સંભારતો, અને ચિંતવતો જે પુરુષ તમારે માટે ક્રિયાઓમાં (સેવામાં) તમારા (ભગવાનના) ચરણારવિંદમાં જ ચિત્ત રાખે તેને પુનર્જન્મ થતો નથી. (ભા ૧૦–૨–૩૭)

૫૦. **કુમતિ.**—બ્રાહ્મણ ક્ષત્રિય વગેરે જાતિ કહેવાય છે, સ્ત્રી પુરુષ વગેરે લિંગ કહેવાય છે, મૂલ કુટુંબને કુલ કહે છે, કાણો કુબડો, સુંદર વગેરે દેહનો અધ્યાસ છે, એ પ્રમાણે ચારે પ્રકારના અધ્યાસ ભગવાનનું માહાત્મ્ય જાણવાથી નિવૃત્ત થાય. જાતિ, કુલ અને દેહના અધ્યાસ અહંતાને લીધે થાય છે. મમતાથી ઉત્પન્ન થતા અધ્યાસ અનેકપ્રકારના છે. તેમાં પતિ, પુત્ર, ધન, ગોપ, ગોપી ગાય, વગેરેથી ઉત્પન્ન થતા અધ્યાસને શ્રીયશોદાજી દુષ્ટ બુદ્ધિ, કુબુદ્ધિ કે **કુમતિ** કહે છે. એ સઘળી કુબુદ્ધિ ભગવાનની માયાના પરિણામરૂપ હોવાથી ભગવાન જ તેની નિવૃત્તિ કરી શકે છે. (સુબોધિનીજી ભા. ૧૦–૮–૪૨.)

૫૧. મન લૌકિકમાં આસક્ત થાય ત્યારે શું ?– લૌકિક ક્રિયામાં, લૌકિક અભિનિવેશથી, જ્યારે મન સંપૂર્ણ રીતે ગુંથાય છે ત્યારે તે સ્નેહને બાજુ પર મુકે છે અને કર્મમાર્ગને અને ભકિતમાર્ગને હચમચાવી દે છે. તે વખતે સાંખ્ય અને યોગ સ્થિર રહી શકતા નથી અને બ્રહ્મવિદ્યા પોતાના સ્થાનમાંથી ખસી જાય છે. (સુબોધિનીજી ભા. ૧૦–૯–૩)

૫૨. ભગવત્પ્રાપ્તિ કોને?–नायं सुखापो भगवान्देहिनां गोपिकासुतः॥ ज्ञानिनां चात्मभूतानां यथा भक्तिमतामिह ॥ (શુકદેવજી ભા. ૧૦–૯–૨૧.)

યશોદાના પુત્ર એ શ્રીકૃષ્ણભગવાન્ જેવા ભકિતવાળાઓને સહેજે મળે છે તેવા દેહાભિમાનવાળા તપસ્વી આદિ લોકોને અને દેહાભિમાન વગરના જ્ઞાની લોકોને પણ સહેજે મળતા નથી.

૫૩. માતાપિતા સાથ પુત્રની ફરજ.–मातरं पितरं वृद्धं भार्यां साध्वीं सुतं शिशुम् ॥ गुरुं विप्रं प्रपन्नं च कल्पोऽबिभ्रच्छ्वसन्मृतः ॥ (ભા. ૧૦–૪૫–૭) પોતે સમર્થ છતાં જે પુરુષ મા, વૃદ્ધપિતા, પતિવ્રતા સ્ત્રી, બાલકપુત્ર, ગુરુ, વિપ્ર અને આશ્રિતનું પોષણ ન કરે તેને જીવતે મુવો જાણવો.

૫૪. કર્મ કરે તે જ ફલ ભોગવે.–જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે, એકલો જ પુણ્ય ભોગવે છે અને પાપ પણ એકલો જ ભોગવે છે. અલ્પબુદ્ધિવાળા માણસે અધર્મથી ભેગા કરેલા ધનને તેના પુત્રાદિક લોકો અમો પોષણ કરવા યોગ્ય છીએ, એવી ભૂલમાં નાખીને હરી જાય છે. જેઓને પોતાના સમજી અધર્મથી પોષણ કરે છે તે પ્રાણ, ધન, અને પુત્રાદિક લોકો તે પોષણ કરનારા મૂર્ખ માણસને ભોગનું સુખ ન મળ્યું હોય તે પહેલાજ છોડી દે છે. તેઓએ છોડી દીધેલા પોતાના સાચા સ્વાર્થને નહિ જાણનાર, સ્વધર્મથી વિમુખ અને જેનું પ્રયોજન સિદ્ધ થતું નથી એવો તે માણસ પોતે કરેલાં પાપને જ સાથે લઇને નરકમાં પડે છે. (અક્રુરનો ધૃતરાષ્ટ્રને ઉપદેશ ભા. ૧૦. ૪૯. ૨૧૨૫.)

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રીપુષ્ટિમાર્ગીય વચનામૃતો.

श्रीकृष्णं परमानंदं दशलीलायुतं सदा ॥
सर्वभक्तसमुद्धारं विस्फुरन्तं परं नुमः ॥

સર્વદા દશલીલાયુકત, સર્વ ભકતોનો સારીરીતે ઉદ્ધાર કરનાર, વિશેષકરીને સ્ફુરતા એવા પર, પરમાનંદસ્વરૂપ શ્રીકૃષ્ણને નમન કરીએ છીએ. (શ્રીવલ્લભાચાર્યજી).

૫૬. ભકિતયોગ.—ઘણા માર્ગોથી ભક્તિયોગ ઘણા પ્રકારનો કહેવાય છે. માણુસોના સ્વભાવરૂપ સત્ત્વ રજ અને તમોગુણને લીધે ફલના સંકલ્પ જુદા જુદા હોય છે તેને લીધે ભક્તિ પણ જુદા જુદા પ્રકારની ગણાય છે. કોઇ પીડા કરવાની અથવા પરાગો ઉત્કર્ષ નહિ ખમી શકાયાથી ક્રોધ તથા ભેદદષ્ટિ રાખીને ભક્તિ કરે તે **તામસભકિતયોગ** કહેવાય. વિષયોની ઇચ્છાથી, યશની ઇચ્છાથી અથવા ઐશ્વર્યની ઇચ્છાથી ભેદદષ્ટિ રાખીને જેઓ ભક્તિ કરે તે **રાજસભકિતયોગ** કહેવાય. પાપના ક્ષયને સારુ, કર્મનું અર્પણ કરી ઇશ્વરને પ્રસન્ન કરવા સારુ અથવા કર્મ બરાબર થાય તેને સારુ ભેદદષ્ટિ રાખીને જે ભકિત કરે તે **સાત્ત્વિકભકિતયોગ** કહેવાય છે.

મારા (ભગવાનના) ગુણોનું શ્રવણ કરતાં જ હું કે જે સર્વનો અંતર્યામી છું તેમાં સમુદ્રમાં ગંગાજલની ગતિની પેઠે અવિચ્છિન્ન (વચમાં ત્રુટે નહિ એવી) મનની ગતિ રહ્યા કરે, અને તે રહેવામાં કોઇ પ્રકારનાં ફલની ઇચ્છા કે ભેદદષ્ટિ ન હોય એ **નિર્ગુણભક્તિયોગ** કહેવાય છે. એવી નિર્ગુણભક્તિ કરનારાઓને કેવલ મારી (શ્રીભગવાનની) સેવા કરવાની ઇચ્છા હોય છે, તેથી **સાલોક્ય** (મારી સાથે એક લોકમાં વાસ) **સાર્ષ્ટિ** (મારા જેવું ઐશ્વર્ય) **સામીપ્ય** (મારી પાસે રહેવું) **સારૂપ્ય** (મારા જેવું રૂપ) અને **એકત્વ** (મારા સ્વરૂપમાં મલી જવું) હું આપવા માંડું, તો પણ તેઓ લેતા નથી, આનું નામ **નિર્ગુણ-ભકિતયોગ** કહેવાય છે કે જેથી ત્રણે ગુણના ફલરૂપ સંસારને મૂકી પરમપદની પ્રાપ્તિ થાય છે. (શ્રીભગવદ્વાક્ય ભા. ૩–૨૯. ૭૧૪.) **આ નિર્ગુણભકિતયોગ શ્રીપુષ્ટિમાર્ગમાં આદ્ય છે.**

૫૭. શ્રીમદ્‌ગોકુલ અને સ્વતંત્ર ભકિત.—નિઃસાધનજીવોદ્ધારકરણ પ્રભુના ધામને આપણા શાસ્ત્રમાં 'શ્રીમદ્‌ગોકુલ' કહે છે. આ આધિભૌતિક-લોકમાં સર્વ વ્યવહાર પંચમહાભૂતરૂપ પ્રાકૃત દેહ પ્રાણ ઇન્દ્રિયાદિથી થાય છે. તેથી પર (આગલ) વિકાસક્રમમાં આધ્યાત્મિક લોક આવે છે જ્યાં સર્વ વ્યવહાર પ્રાકૃત–ભૌતિક નથી, પણ આધ્યાત્મિક છે. ચૈતન્યથી જ ત્યાં સર્વ વ્યવહાર ચાલે છે એ આધ્યાત્મિક સ્થલને જ આપણા શાસ્ત્રમાં **અક્ષર** અથવા **વ્યાપિવૈકુંઠ-ધામ** કહ્યું છે આ આધ્યાત્મિકલોકથી પણ આગલ વધતાં આધિદૈવિક લોક આવે છે. જ્યાં સર્વ વ્યવહાર, માત્ર ચૈતન્યથી જ કે ગણિત આનંદથી નહિ પણ પૂર્ણ **પ્રકટાનન્દથી** જ ચાલે છે. એ આનંદઘન, રસઘન, ઉત્તમોત્તમ, ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ભૂમિકાને જ '**શ્રીમદ્‌ગોકુલ**' કહે છે ત્યાં દેહ, ઇંદ્રિય, પ્રાણ, અંતઃકરણાદિ પ્રાકૃત નથી, ચિન્મય નથી, પણ ખાસ **આનંદરૂપ** જ છે જેમ કોઇ સંપત્તિમાન્ પુરુષને ત્યાં સર્વ વ્યવહાર સુવર્ણાદિથી જ ચાલે છે, મૃત્તિકાથી ચાલતો નથી તેમ આ અપ્રાકૃત **શ્રીમદ્‌ગોકુલમાં** સર્વ વ્યવહાર **આનંદથી** જ ચાલે છે. દેહ, પ્રાણ, ઇંદ્રિય, અંતઃકરણ સર્વ અત્ર **આનંદરૂપ** જ હોય છે. આ શ્રીમદ્‌ગોકુલમાં જે નિઃસાધન ભક્તિનો નિરંતર પ્રવાહ દૃશ્યમાન થાય છે તે ભક્તિ **સ્વતંત્ર** છે. **તે શુદ્ધ અંતઃકરણથી દીનતાપૂર્વક પ્રભુને શરણે જવાથી એકદમ જ પ્રાપ્ત થાય છે.** આ સ્વતંત્રભક્તિમાર્ગ વેદથી કોઇ પણ પ્રકારે વિરુદ્ધ નથી, પરંતુ વેદને અનુકૂલ જ છે, આ કરાલ કલિકાલમાં વૈદિક સાધન ન બની શકવાથી આ **સ્વતંત્ર સર્વદેશી સર્વાદ્ય ભક્તિ** ઉપર વિશ્વાસ રાખવા શ્રીમદાચાર્યચરણ આગ્રહથી ભલામણ કરે છે.

૫૮. વૈષ્ણવ અને વિષ્ણુ.—વિષ્ણુનો સંબંધી તે "વૈષ્ણવ" પણ વિષ્ણુ એટલે શું? વિષ્ણુ શબ્દ પ્રવેશાર્થક વા વ્યાપ્ત્યર્થક વિશ્ ધાતુને આનન્દ-વાચક નુ પ્રત્યય લાગીને સિદ્ધ થયો છે, અર્થાત્ વ્યાપક સર્વવ્યાપક, બાહ્ય અને અભ્યંતર આનંદાવિષ્ટ, બાહ્યાભ્યંતર રસાવિષ્ટ, પરમકાષ્ઠાપન્ન પરમનિર્ગુણ પરિપૂર્ણ "પુરુષોત્તમ"જ વિષ્ણુનો યૌગિક અર્થ છે. યદ્યપિ આ આનંદવ્યાપ્ત રસાવિષ્ટ પુરુષોત્તમ સર્વવ્યાપક છે, તથાપિ જ્યાં એ રસાવિષ્ટ સ્વરૂપનાં સદાસર્વદા સાક્ષાત્ દર્શન થાય છે તે સ્થલને ધામ અથવા લોક કહેવામાં આવે છે. વસ્તુમાત્ર બ્રહ્મસ્વરૂપ હોવાથી સ્થંભ વિગેરે પણ ભગવદ્રૂપ છે, તેમાં પણ વિષ્ણુ પુરુષોત્તમ વ્યાપીને જ રહેલા છે, તથાપિ તેમાં આપણને સદાસર્વદા ભગવદ્દર્શન થતાં નથી. સ્થંભમાં માત્ર બ્રહ્મનો સદંશ જ પ્રકટ થયો છે ચિદંશ અને આનંદાંશ પ્રકટ નથી. જે સ્થલે પરબ્રહ્મના સદંશ, ચિદંશ અને આનંદાંશ પણ સદાસર્વદા પરિ-પૂર્ણ પ્રકટ છે, તેને જ, તે સ્થલને જ આપણે ભગવદ્ધામ વા ભગવલ્લોક કહીએ છીએ. પુરુષોત્તમ સર્વત્ર વ્યાપક છે તથાપિ વ્યાપિવૈકુંઠધામમાં જ નિરંતર પૂર્ણ આનંદસ્વરૂપે દર્શન થાય છે. **આ પુરુષોત્તમનો જેને નિત્ય સંબંધ હોય તે વૈષ્ણવ.**

૫૯. વૈષ્ણવનાં લક્ષણ.—શ્રીમદ્‌ભગવદ્‌ગીતાશાસ્ત્રના બારમા અધ્યાયની સમાપ્તિમાં વૈષ્ણવનાં લક્ષણ આપતાં ભગવાન્ આજ્ઞા કરે છે કે મેં (ભગવાને) પ્રકટ કરેલા કોઈપણ પદાર્થ ઉપર વૈષ્ણવ દ્વેષ રાખતો નથી[1], સર્વ સાથે મિત્રતા ધારણ કરે છે[2], સર્વ ઉપર કરુણાવૃત્તિ રાખે છે[3], મમતાનું નિવારણ કરે છે[4], અહંકારને દૂર રાખે છે[5], સુખદુઃખમાં સમાન બુદ્ધિ રાખે છે[6], ક્ષમા ધારણ કરે છે[7], નિરંતર સંતોષ રાખે છે[8], ભગવદાલંબનરૂપ યોગ ધારણ કરે છે[9], દેહ, પ્રાણ, ઇન્દ્રિય અંતઃકરણ અને આત્મા સર્વને નિયમમાં રાખે છે[10], દૃઢ નિશ્ચયવાન્ હોય છે[11], મન અને બુદ્ધિ મારે (ભગવાનને) વિષે અર્પણ કરે છે[12], એવો ભક્ત મને (શ્રીકૃષ્ણને) પ્રિય છે. જેનાથી લોકને ઉદ્વેગ થતો નથી અને લોક-નાથી જેને ઉદ્વેગ થતો નથી, હર્ષ, અક્ષમા, ભય, અને ઉદ્વેગથી મુક્ત હોય છે[13], તે મને (શ્રીકૃષ્ણને) પ્રિય છે. જે ભક્ત નિરપેક્ષ છે[14], જેનું બાહ્ય અને આંતર પવિત્ર છે[15], જે ચતુર છે[16], જે સર્વત્ર સાક્ષીવત્ ઉદાસીન વૃત્તિ ધારણ કરે છે[17], જે વ્યથાને ગણકારતો નથી[18], જે પ્રવૃત્તિમાત્રનો પરિત્યાગ કરે છે[19], તેજ મારો ભક્ત છે તે મને (શ્રીકૃષ્ણને) પ્રિય છે. શત્રુ અને મિત્રમાં, માન અને અપમાનમાં, શીત અને ઉષ્ણમાં, સુખ અને દુઃખમાં જે સમાન વૃત્તિ ધારણ કરે છે[20], નિઃસંગ છે[21], નિંદા અને સ્તુતિને તુલ્ય ગણે છે[22], ભગવત્સ્વરૂપનું મનન કરતો હોવાથી નિરંતર મૌન ધારણ કરે છે[23], યથાકાલ જે વસ્તુ પ્રાપ્ત થાય તેમાં જ સંતોષ રાખે છે[24], મમતોત્પાદક ગૃહાદિ પદાર્થનો પ્રભુમાં વિનિયોગ કરીને ગૃહાદિના બંધનમાં બંધાતો નથી, જેની મતિ સ્થિર છે[25], એવો ભક્તિમાન્ નર મને (શ્રીકૃષ્ણને) પ્રિય છે, વળી ૧૪ મા અધ્યાયના ૨૨મા શ્લોકમાં આજ્ઞા કરે છે કે "ગુણાતીત પુરુષ પ્રકાશરૂપ સત્ત્વગુણની, રાજસપ્રવૃત્તિની, તામસ મોહની નથી રાખતો કોઇની પણ આકાંક્ષા" એ પ્રમાણે નિર્ગુણ ગુણાતીત ભક્તનાં લક્ષણ આપતાં છેવટે કથે છે જે (અવ્યભિચારી) અનન્યભક્તિરૂપ યોગનું અવલંબન કરીને મારી સેવા કરે છે, "મારી પરિચર્યા કરે છે તે પ્રકૃતિના ત્રણે ગુણોનું ઉલ્લંઘન કરીને બ્રહ્મભાવ સંપાદન કરે છે."

૬૦. લક્ષ્મીના મદનું પરિણામ.—નલકુબર અને મણિગ્રીવ એ બે કુબેરજીના પુત્રો હતા પણ **લક્ષ્મીનો મદરૂપ** મદિરા પીવાથી મત્ત અને અંધ બનેલા એ બે દેવકુમારોને જોઇ તેઓના પર અનુગ્રહ કરવા નારદજીએ શાપ આપ્યો, તેથી તેમને બે યમલાર્જુન નામના વૃક્ષરૂપ થઇ તપ કરવું પડયું નારદજી કહે છેઃ—नह्यन्यो जुषतो जोष्यान्बुद्धिभ्रंशो रजोगुणः ॥ श्रीमदादाभिजात्यादिर्यत्र स्त्रीद्युतमासवः इति (ભાગવત. ૧૦-૧૦-૮ થી ૧૦.) ભાવાર્થ—પ્રિય વિષયોને સેવનાર પુરુષને લક્ષ્મીના મદવિના કુલીનપણા કે વિદ્વાનપણાદિથી થએલો બીજા કોઇ પ્રકારનો મદ, અથવા રજોગુણનું કાર્ય, બુદ્ધિનો ભ્રંશ કરનાર નથી, પણ **લક્ષ્મીનો મદ જ** બુદ્ધિને ભ્રષ્ટ કરે છે. એ મદની સાથે સ્ત્રીઓનું વ્યસન, દ્યૂતનું વ્યસન, અને મદિરા પીવાનું વ્યસન રહે છે. વિષયમાત્રના સેવનથી બુદ્ધિનો ભ્રંશ થાય છે, કેમકે વિષયનું સેવન રજોગુણનું કાર્ય છે, અને બુદ્ધિ સાત્વિકગુણથી પવિત્ર રહે છે. (सत्वात् सञ्जायते ज्ञानम्.)

વિદ્યાનો મદ, ધનનો મદ અભિજન (ઉચ્ચ કુટુંબ) નો મદ એ ત્રણ મદ મદાન્ધોને વધારે મદાન્ધ બનાવે છે, પણ સત્પુરુષો તેથી ઇન્દ્રિયનિગ્રહ પ્રાપ્ત કરે છે. સ્ત્રી કાયાનો નાશ કરે છે, દ્યૂત સત્ય વાણીનો નાશ કરે છે, અને મદિરા બુદ્ધિનો નાશ કરે છે. મદિરા, દ્યૂત અને સ્ત્રીઓનો સંગ એ ત્રણે અધર્મના પગ છે.

સ્વભાવે કરીને વિષયભોગ સુખનો હેતુ થાય છે, પણ અંતે, અને પરલોકને વિષે તે દુઃખનો હેતુ થાય છે. ધનના મદથી વસ્તુનું તત્ત્વ જાણવામાં આવતું નથી તેથી તે મદવાળો કેવળ માંસના ભક્ષણને માટે નિર્દયરીને પશુઓને હણે છે, કેમકે જેઓએ પોતાના આત્મા—અંતઃકરણ ઉપર જય મેળવ્યો નથી તેવા અને આ નશ્વર દેહને જરા મૃત્યુ રહિત માનનારાઓથી જ પશુઓ હણાય છે.

પરસ્ત્રીનું સેવન કરવાથી નિંદા થાય છે, અને જેની તે સ્ત્રી હોય તેને દ્રોહ થાય છે. સ્ત્રીનું સેવન કરનાર પણ પોતાનો સ્વાર્થ સાધી શકતો નથી, એટલામાટે દેહના ક્ષણિક સુખ સારુ યત્ન ન કરતાં આત્માની ઉન્નતિને માટે યત્ન કરવો યોગ્ય છે.

જેને લક્ષ્મીનો મદ થયો હોય તેને અસત્ પુરુષ સમજવો, અને તે લક્ષ્મીના મદથી આંધળો થયો છે એમ જાણવું. જેની આંખમાં ફુલું પડયું હોય, અથવા છાયા પડી જવાથી જેને દેખાતું ન હોય, તેને અંજનથી મટે છે, તેમ જેને લક્ષ્મીનો મદ થયો હોય તેને દારિદ્રય જ ઉત્તમ અંજનરૂપ છે. ભગવાન્ કહે છે 'જેને લક્ષ્મીનો મદ થયો હોય તેના ઉપર અનુગ્રહ કરવા સારુ હું તેનું ધન ધિમે ધિમે હરી લઉં છું.'

૬૧. ભક્તિરસ.—अत्र भक्तिमार्गस्य अयं सिद्धान्तः। ब्रह्मानन्दः स्वेच्छया वस्त्रमिव सङ्कुचितात्मा शतगुणित इव घनीभूतः परिणतदधिवत् अन्यूनः आनन्दघनो भवति, तदात्मको भगवच्चरणः इति—(सु १०-३४ उ-३. શ્રીવલ્લભાચાર્યજી)

અહિં ભક્તિમાર્ગનો આ સિદ્ધાંત છે. બ્રહ્માનંદ સ્વેચ્છાથી વસ્ત્રની માફક સંકુચિત થઇ સો પડવાળો ઘટ્ટ થઇ જામી ગયલા દહિં જેવો પૂર્ણ આનંદઘન થાય છે; તેજ ભગવાનનું **ચરણારવિંદ.** જ્યારે ભક્ત ભક્તિમાર્ગવડે એ પ્રભુના ચરણારવિંદને ધારણ કરે છે, ત્યારે ભગવદ્‌ભક્તે કાય, વાણી, અને મનથી દૃઢ રીતે ધારણ કરેલું ચરણારવિંદ પોતે રસાત્મક હોવાથી ભક્તને આનંદરૂપે સ્ત્રવે છે; એ આનંદસ્ત્રાવને **ભક્તિરસ** કહે છે, એ ભક્તિરસ પણ શબ્દબ્રહ્મરૂપ ભાગવત વગેરેમાં એકઠો કરાયેલો છે અને તે ઘડામાં ભરેલ જલની માફક મ્હોટાંઓના શ્રવણ, સ્મરણ, કીર્તન વગેરેથી ઇન્દ્રિયો સાથે અફળાઇ પછડાઇને ઇન્દ્રિયોના છિદ્રદ્વારા હૃદયમાં પ્રવેશ કરે છે. એ નિર્ગલિત થયેલો રસ તો ભક્તની ઇન્દ્રિયોથી પવિત્ર થયેલો હોવાથી ભક્તિરસ કરતાં પણ વિશેષ રસાત્મક હોય છે એમ હોવાથી જ્યારે જ્યારે વારંવાર ગૂઢાર્થરૂપ ચરણારવિંદના મકરંદરૂપ ભગવદ્‌ગુણોનું ભક્તિમાર્ગને અનુસાર કીર્તન ભક્ત કરે છે, ત્યારે **મ્હોટાઓનાં** મનમાંથી (સ્ત્રવીને) મ્હોટાઓનાં મનમાં પ્રવેશ કરીને પુનઃ મુખમાંથી નિસરે છે. શ્લોકમાં क्वचित् શબ્દ એમ સૂચવે છે કે અત્યંત ભક્તના સંગમાં રસાવિર્ભાવ (રસનું પ્રાકટ્ય) થાય ત્યારે કોઇકવાર જ તે કહે છે.

૬૨. અધ્યાસના લયનો પ્રકાર.—આસન્યથી એટલે પ્રાણની ઉપાસનાથી, ઇન્દ્રિયોનો દેવભાવ થાય છે, અને એ દેવભાવ થવાથી દરેક ઇન્દ્રિય તેના દેવમાં લય પામે છે, તેથી દેહ, પ્રાણ ઇન્દ્રિયાદિનો લય થાય છે. આ વિષય બૃહદારણ્યક ઉપનિષદ્‌માં વર્ણવેલો છે શ્રીહરિની સેવાથી સર્વફલ થાય છે એમ ભાગવતશાસ્ત્રમાં કહ્યું છે. ભગવાનનું મુખારવિંદ અગ્નિસ્વરૂપ છે, મનુષ્યની વાગિન્દ્રિય જ્યારે અગ્નિત્વ પામે ત્યારે ભગવન્મુખત્વને પામે છે. આ પ્રકારે જ્યારે સર્વ આધ્યાત્મિકનું આધિદૈવિકત્વ થાય છે ત્યારે સંઘાતનો લય થાય છે અને પોતાનો બ્રહ્મભાવ થવાથી બ્રહ્મને વિષે લય થાય છે. જીવભાવ રહે તો કોઇ દહાડો બીજો સંઘાત ઉત્પન્ન થવાનો સંભવ રહે છે, માટે જીવનો પણ બ્રહ્મમાં લય કરવો એ આવશ્યક છે. (પ્રકાશ. ત. નિ. શા, પ્ર. ૩૫)

૬૩. પંચપર્વા અવિદ્યા.—સ્વરૂપવિસ્મરણ, અંતઃકરણાધ્યાસ ઇંદ્રિયાધ્યાસ પ્રાણાધ્યાસ અને દેહાધ્યાસ એ ચાર અધ્યાસ મળી પાંચ અવિદ્યાના પર્વ એટલે ભાગ અથવા વિભાગ કહેવાય છે. એ અવિદ્યાથી બંધાઇને સૃષ્ટિમાં જીવ જન્મમરણને પામે છે. (નિબંધ શા. ૩૨.)

૬૪. બ્રહ્મ–પરમાત્મા--ભગવાન્ નામો જુદાં કે એક ?–

'एतज्जगत् सर्वं भगवतो रूपम् इति'-(सु. ३. २९-३५.) આ સર્વ જગત્ ભગવાનનું રૂપ છે, નહિ તો કાલ ભગવદ્રૂપ હોવાથી કાલત્વ વિધાન કરી શકાત નહિ. તેથી આ જગત્ ભગવાન્નું રૂપ છે એમ કહ્યું. શ્રુતિમાં બેપ્રકારે નિરૂપણ કરેલું છે. આ સર્વ **આત્મા** જ છે, આ સર્વ **બ્રહ્મ** જ છે, બૃહણત્વ (વધવું) અને વ્યાપ્તિ એ બેની અપેક્ષાથી એ બન્ને પદ ब्रह्म અને आत्मा પ્રવૃત થયા. બન્નેનું સ્વરૂપ આનંદ છે તો પણ આત્મા સપ્રકાર છે, બ્રહ્મ નિષ્પ્રકાર છે. **આત્મા જ બ્રહ્મ** છે એમ 'આ આત્મા વિજ્ઞાનમય છે' એમ શ્રુતિમાં કહ્યું છે. વિચારમાં બ્રહ્મની જ પ્રતિજ્ઞા अथातो ब्रह्मजिज्ञासा એ પ્રકારે કરેલી છે. ब्रह्मणःपरमात्मनः એ શબ્દોથી જગતનું ઉભયરૂપપણું કહે છે અથવા ત્રણ મતનો સંગ્રહ કરે છે. 'વેદાંતમાં ब्रह्म સ્મૃતિઓમાં परमात्मा તથા ભાગવતમાં भगवान् એ ત્રણે શબ્દોથી વ્યવહારાય છે' લોકમાં ઐશ્વર્યાદિ ધર્મોનેપુરસ્કાર કરીને **ભગવત્ત્વ** કહેવાય છે, **વૈલક્ષણ્ય** [1]પુરસ્કાર કરીને **આત્મત્વ** કહેવાય છે **સદ્રૂપતાનો** પુરસ્કાર કરીને બ્રહ્મત્વ કહેવાય છે. 'यज्ञरूपो हरिः पूर्वकाण्डे ब्रह्मतनुः अवतारी हरिः कृष्णः श्रीभागवत ईर्यते' (ત. નિ. શા. ૧૩) વેદના પૂર્વકાંડમાં (એટલે કર્મકાંડમાં) (ક્રિયાશક્તિવિશિષ્ટ) યજ્ઞસ્વરૂપ હરિ છે, અને જ્ઞાનકાંડમાં (જ્ઞાનશક્તિવિશિષ્ટ) બ્રહ્મસ્વરૂપ હરિ છે અને (ક્રિયા અને જ્ઞાન ઉભય વિશિષ્ટ) અવતારી હરિ કૃષ્ણને શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલ છે.

૬૫. ક્રમમુક્તિનો ઉપાય.–સશાસ્ત્ર વૈદિક સાધન કરવાથી ક્રમશઃ દ્વિજદેહ પ્રાપ્ત કરીને બ્રાહ્મણનો દેહ પ્રાપ્ત કરીને, ઉત્તરોત્તર સાધનક્રમ ચાલુ રાખતાં અંતે ક્રમમુક્તિ+ થાય છે. 'बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते' જ્ઞાનવાનને બહુ જન્મના અંતે ભગવત્પ્રાપ્તિ થાય છે. પ્રથમ તો શું સાધન કરવું તેનો નિશ્ચય કરવામાં જ કેટલાંક જન્મ વીતી જાય છે, અને તે નિશ્ચય કર્યા પછી તે સાધનનું આચરણ કરીને જ્ઞાન સિદ્ધ કરીને જ્ઞાનનું ફલ પામવામાં બીજાં કેટલાંક જન્મ વીતી જાય છે.

૬૬. સદ્યોમુક્તિનો ઉપાય.–સદ્યોમુક્તિ × પ્રાપ્ત કરવાનો ઉપાય કેવલ **ભક્તિ** જ છે, ભક્તિથી એક જ જન્મમાં સદ્યઃ સત્વર મુક્તિ સિદ્ધ થઇ જાય છે. 'मन्मना भव' 'सर्वधर्मान् परित्यज्य' ઇત્યાદિ ગીતાશાસ્ત્રાનુસાર જીવ પોતાની અહંતામમતા દૂર કરીને પ્રભુને શરણે જાય છે, તો સર્વભવનસમર્થ સર્વકરણસમર્થકર્તું અકર્તું અન્યથાકર્તું સમર્થ *અચિન્ત્યાનવગાહ્ય માહાત્મ્યયુક્ત પ્રભુ પોતાના પ્રમેયબલથી તે સદાચારનિષ્ટ ભક્તનું સદા સર્વદા યોગક્ષેમ–નિર્વાહ કરીને અંતે સંસારમાંથી ઉદ્ધાર કરીને ચરણારવિંદની, અને કૃપાતિશયથી મુખારવિંદની પણ ભક્તિનું દાન કરે છે.

૧ આગલ કરીને + ક્રમેક્રમે મુક્તિ × શીઘ્ર મુક્તિ * જેનો વિચાર થઈ શકે નહિ અને જેની સમજ પડે નહિ તેવા.

૬૭. વ્યક્ત અને અવ્યક્ત.—व्यक्ताव्यक्तमिदं विश्वं रूपं ते ब्राह्मणो विदुः इति । હે કૃષ્ણ, વ્યક્ત અને અવ્યક્ત આ વિશ્વ તમારું રૂપ છે તે બ્રહ્મવેત્તાઓ જાણે છે. (ભા. ૧૦–૧૦–૨૯) આ જગત્ વ્યક્ત અને અવ્યક્ત બંને છે. જગત્ ભગવાનનું જ રૂપ છે, અને તે વેદથી જાણી શકાય છે. તેમાં બધી શ્રુતિઓ પ્રમાણ છે.

૬૮. ભગવાન્ ક્યાં છે?—ભગવાન્ અંતઃકરણમાં પ્રત્યક્ષ છે, પણ બહાર પ્રત્યક્ષ નથી, પોતે પ્રકાશ કરેલા ગુણોથી પોતાનો મહિમા ભગવાને ઢાંકી દીધો છે, તેથી ભગવાન સર્વ ઠેકાણે વર્તે છે. તેમ છતાં પ્રકટ થતા નથી. જેમ સૂર્યે ઉત્પન્ન કરેલાં અને તેનાથી જ પ્રકાશમાં આવતાં વાદળાંઓથી ઢંકાયલા સૂર્યનું દર્શન તેના અંશભૂત ચક્ષુને થતું નથી, તેમ જ બ્રહ્મથી ઉત્પન્ન થયેલા અને તેનાથી જ પ્રકાશમાન થયેલા ગુણોથી ઢંકાયલા બ્રહ્મનું દર્શન તેના અંશભૂત જીવને થતું નથી. (સુબોધિનીજી ભા. ૧૦–૧૦–૩૩)

૬૯. જીવની શુદ્ધિ.—ભગવાનનાં શ્રવણ અને કીર્તન પવિત્ર છે તે શ્રવણ, કીર્તનરૂપી જલના પુરથી પાપપુંજનો ક્ષય થાય છે. શ્રવણ–કાનદ્વારા હૃદયમાં પ્રવેશ કરીને સર્વદોષને હલાવીને મુખ ચકી કીર્તન દ્વારા સર્વપાપને બહાર કાઢી નાખે છે. એ પ્રકારે કેટલાક કાલસુધી આવૃત્તિ કરવાથી જીવ સર્વપ્રકારે શુદ્ધ થાય છે. (સુબોધિનીજી. ભા ૧૦–૧૬–૪૧)

૭૦. જીવનું હિત અહિત.—પોતાનું હિત કે અહિત શેમાં રહેલું છે તેની જીવને કેટલીક વખત સમજણ પડતી નથી, એ કારણથી કેટલીક વસ્તુઓ પોતાનું અહિત કરનારી હોય તો પણ જીવ તેનો સ્વીકાર કરે છે. એટલું જ નહિ પણ ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતા વેગને લીધે કેટલીક વખત હિત અહિતનો વિચાર કરવાનો અવકાશ પણ મળતો નથી અહિતને હિત ધારી તેનું ગ્રહણ કરવામાં આવે છે. એ અહિત કરનાર વસ્તુનું ગ્રહણ કરનાર જીવે આ ગાયો અને ગોવાળીયાની માફક ભગવાનનું શરણ લીધું હોય, તો ભગવાન્ એ વસ્તુના પરિણામમાંથી અવશ્ય બચાવે છે, કેમકે પોતાને શરણે આવેલાનું ભગવાન્ અહિત થવા દેતા નથી. (સુબોધિનીજી. ભા ૧૦–૧૬–૪૮.)

૭૧. કાલીયદમન.—કાલીયને ઇન્દ્રિયો કહેવામાં આવે છે અને ઇન્દ્રિયોના વિષયોને કાલીયનાગનું વિષ માનવામાં આવે છે. એ ઇન્દ્રિયો અને વિષયના સંબંધથી સર્વનાશ થાય છે. ઇન્દ્રિયો વિષપૂર્ણ કાલીયનાગના મસ્તકો છે, આ માટે કાલીયદમનની લીલા છે. (વધુમાટે સુબોધિનીજી જુઓ.)

૭૨. માયા.—માયાએ ભગવાનની શકિત છે, તે ભગવાનની શકિત હોવાથી સર્વભવનસામર્થ્યરૂપ છે અને તે ભગવાનમાં જ રહેલી છે.

૭૩. મુકિત.—આપના (ભગવાનના) કહ્યા પ્રમાણે શ્રદ્ધાથી જે કોઇ આચરણ કરે તે સર્વભયથી મુક્ત થાય છે, અને સર્વભયથી મુક્ત થવું એ જ મુક્તિ છે. (નાગપત્નિઓની સ્તુતિ સુબોધિનીજી.)

૭૪. પાપની નિવૃત્તિ.—સ્નાનમાત્રથી દેહસંબંધી પાપ જાય છે. **ઉપવાસથી** પ્રાણસંબંધી પાપ જાય છે. ભગવાનના **સ્મરણથી** અંતઃકરણનું **પાપ** જાય છે. (સુબોધિનીજી. ભા. ૧૦–૧૯–૬૩.)

૭૫. અંતઃકરણ અધ્યાસ--પ્રલંબાસુર--લંબ એટલે લાંબો જે ઘણો લાંબો હોય તે પ્રલંબ કહેવાય છે. અંતઃકરણનો દોષ ઘણો લાંબો છે માટે તે પ્રલંબાસુર કહેવાય છે. એ દોષ એટલો બધો લાંબો છે કે મુકિત પ્રાપ્તકરવાની અવસ્થાએ જીવ પોહોચે ત્યાંસુધી એ દોષની સંપૂર્ણરીતે નિવૃત્તિ થતી નથી. એ કારણને લીધે મોટા મોટા ઋષિ, મુનિ અને તપસ્વીઓની ઇન્દ્રાદિક દેવતાઓ અપ્સરા વગેરે દ્વારા પરીક્ષા લેતા. એ દોષને લીધે ઘણાનો પાત થયાની કથાઓ પુરાણોમાંથી મલી આવે છે. અંતઃકરણનો દોષ ભક્તિમાર્ગમાં અંતરાયરૂપ હોવાથી ભગવાને તેના વધની ઇચ્છા કરી. (સુબોધિનીજી)

૭૬. દાવાનલપાન.-અંતઃકરણના દોષના દેવતા ક્રોધ પામવાથી આ દાવાગ્નિ ઉત્પન્ન થયો હતો. અર્થાત્ અંતઃકરણ દોષ વિનાનું થતાં, જે દોષ એમાંથી દૂર થયો તે અગ્નિનું રૂપ ધારણ કરી ગોવાળો અને ગાયોને બાળવા આવ્યો. (સુબોધિનીજી.)

૭૭. કેશવ.—क એટલે ब्रह्मा અને ईश એટલે મહાદેવ वः એટલે એ બંન્નેને સુખનું દાન કરનાર તે કેશવ–કૃષ્ણ–પરમાત્મા.

૭૮. કીર્તનભકિતનું ફલ.—સત્યયુગમાં શ્રીવિષ્ણુનું ધ્યાન કરવાથી, ત્રેતાયુગમાં યજ્ઞથી–યજનકરવાથી, દ્વાપર યુગમાં વિહિત પૂજાથી જે ફલ પ્રાપ્ત થાય છે તે ફલ કલિયુગમાં શ્રીહરિના કીર્તનથી પ્રાપ્ત થાય છે. (ભા. ૧૨–૩–૫૨.)

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રીપુષ્ટિમાર્ગીય વચનામૃતો.

पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥

તે બ્રહ્મ પૂર્ણ છે અને આ જગત્ પણ પૂર્ણ છે. પૂર્ણ (ભગવાન્) માંથી પૂર્ણ (જગત્) પ્રકટ થાય છે. (પૂર્ણ કોણ કહેવાય? તો કહે છે કે જે) પૂર્ણમાંથી પૂર્ણ લઈ લઇએ તો પણ અવશિષ્ટ-શેષ પણ પૂર્ણ જ રહે. (જે સ્વરૂપનું ગમે તેટલું પરિણામ થાય પણ પોતે પૂર્ણ ને પૂર્ણ જ રહે તે પૂર્ણ કહેવાય.) (૭૯)

૮૦. **ગોપીજન પ્રેમી કે કામી?**–પુષ્ટિમાર્ગમાં શ્રીગોપીજનો મુખ્ય ભક્ત છે અને તે કામી હતાં તો કામને દોષ કેમ ન માનવો? આનો ખુલાસો શ્રીમદ્ભાગવતકાર જ રાસોત્સવના પ્રસ્તાવમાં વેણુનિનાદ કરીને વ્રજભક્તોને વૃંદાવનમાં પધરાવીને પરમમાર્મિક ધર્મજ્ઞ શ્રીકૃષ્ણે શ્રીગોપીજનની પરીક્ષાર્થે જે અનેક વચનો કહ્યાં તેના ઉત્તરમાં શ્રીવ્રજરત્નસીમંતિની જે વચનો કહે છે તે દ્વારા કરે છે: "[1]હે વિભો! હે સર્વસમર્થ (કામદોષ અમારામાં હોય તો કામનું પણ મંથન કરીને ભગવત્સ્વરૂપાનંદનું દાન કરવા પર્યન્ત સમર્થ) આ પ્રકારે નિર્દય વચન વદવાં આપને યોગ્ય નથી અમે सर्व विषयोनो (सम्यक्) સારી રીતિથી (પુનઃ ઉદય ન પામે તેવી રીતિથી સમૂલ સબીજ) આપના ચરણના મૂળમાં ત્યાગ કરીને ભક્તપદ પ્રાપ્ત કર્યું છે, (જેમ અદ્યાવધિ અમે આપનું ભજન કર્યું તેમ હવે આપ) અમારું ભજન કરો (અમારી ભક્તિથી અમારે અધીન થઇ જાઓ, અને निजानंदनुं પાન કરાવો), હે મિથ્યાગ્રહિન્! હે દુરાગ્રહિન્! અમારો ત્યાગ ન કરો. જેમ આદિપુરુષ વ્યાપિવૈકુંઠસ્થ શ્રીપુરુષોત્તમ મુમુક્ષુઓને સ્વરૂપાનંદનું દાન કરીને ભજે છે તેમ આપ અમને ભજો."

આથી નિશ્ચય થાય છે કે ગોપીકાઓએ તો સર્વ વિષયનો ત્યાગ કર્યો હતો અને તે ત્યાગ પણ **સમૂલ** હતો. **વ્રજભક્ત પ્રેમલક્ષણાભક્તિની ધ્વજા છે.** એ નિરુપધિ પ્રેમલક્ષણા ભક્તિમાં કામનો આરોપ કરવા કરતાં બીજું અજ્ઞાન શું હોઇ શકે?

---

१. मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं सन्त्यज्य सर्वविषयांस्तवपादमूलम् । भक्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान् देवो यथादिपुरुषो भजते मुमुक्षून् । (भा. १०–२९–३१.)

૮૧. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તો કેવા ?—ધાર્મિક નિર્ણય બે પ્રકારના છે **સાધ્ય** અને **સિદ્ધ.**સ્વભાવદુષ્ટ જીવો પોતાના પરિશ્રમથી વેદાદિશાસ્ત્રનું મથન કરીને જે નિર્ણયપર આવે છે તે નિર્ણય 'સિદ્ધ' કહી શકાતા નથી પણ તે 'સાધ્ય' છે. ઉલટું સાક્ષાત્ ઈશ્વર કિંવા ભગવન્મુખાધિષ્ઠાતા વાક્‌પતિ શ્રીવૈશ્વાનરાચાર્ય જે નિર્ણય આપે છે તે સાધ્ય નથી, પરન્તુ **સિદ્ધ** છે. નિત્યસિદ્ધ નિર્ણય સદાસર્વદા મૂર્તિમાન્ સ્વરૂપે ભગવદ્ધામમાં બિરાજે છે, તેવા નિત્યસિદ્ધ નિર્ણયનું પ્રતિપાદન જીવગમ્ય શબ્દમાં કરી આપવામાં આવે તોપણ તે નિર્ણય સદાસર્વદા 'નિત્યસિદ્ધ' હોવાથી **સિદ્ધાન્ત** કહેવાય છે. લૌકિક તર્કવડે એ સિદ્ધાન્ત સાધ્ય નથી કારણકે સાક્ષાત્ વેદ જ આજ્ઞા કરે છે કે [1]શુષ્ક લૌકિક તર્ક કરીને મતિને કુમાર્ગે લઇ જવી નહિ.

આ પ્રકારે ભગવન્નિઃશ્વાસરૂપ **વૈદિક સિદ્ધાન્ત** પણ સાધ્ય નથી, વૈદિક સિદ્ધાન્તનું અવધારણ પણ શુષ્ક લૌકિક તર્કવડે થઇ શકતું નથી, તો સાક્ષાત્ ભગવન્મુખારવિન્દપ્રોક્ત નિત્યસિદ્ધ નિર્ણય તર્કનિરપેક્ષ હોય એમાં આશ્ચર્ય જ શું ? પરમપ્રમાણભૂત વેદ પણ જ્યારે 'नेति नेति' કહીને 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह' વદે છે. ત્યારે **લોકાતીત વેદાતીત સિદ્ધાન્ત** તર્કગમ્ય કેવી રીતિએ હોઇ શકે ? સાક્ષાત્ વેદ પણ નેતિ નેતિ કહીને જે સિદ્ધાન્ત **અગમ્ય** છે એમ પ્રતિપાદન કરે છે, મન વાણી આદિ ઇન્દ્રિયો પણ જે સિદ્ધાન્તનું ગ્રહણ કરી શકતાં નથી, તેવા સિદ્ધાન્તનુ પ્રતિપાદન સાક્ષાત્ પ્રભુવિના કોઇ કરી શકે નહિ તેથી **પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત** તર્કગમ્ય તથા લૌકિક યુક્તિગોચર નથી પણ સર્વ તર્કથી નિરપેક્ષ **સર્વલોકાતીત સર્વવેદાતીત સાક્ષાદ્ ભગવત્પ્રોક્ત** છે, તેથી એવા ભગવત્પ્રોક્ત નિર્ણય ભગવદ્‌વત્ સર્વનિરપેક્ષ હોવાથી લૌકિક કુતર્કના વિષયમાં આવી શકતા નથી, તેથી જ મહાનુભાવી ભગવદ્‌ભક્તો શાસ્ત્રમાં પણ આજ્ઞા કરે છે કે જે [2]વસ્તુઓ **અલૌકિક** છે, **લોકવેદાતીત** છે એવી **અપ્રાકૃત અલૌકિક** વસ્તુઓને પ્રાકૃત શુષ્ક તર્કવડે સર્વથા યોજવી નહિ

૮૨. અષ્ટાક્ષરમંત્ર.—"**श्रीकृष्णः शरणं मम***" વૈષ્ણવોએ પ્રતિક્ષણ આ અષ્ટાક્ષર મહામંત્રનો ઉચ્ચાર કર્યા કરવો. જે ક્ષણમાં આ મહામંત્રનો ઉચ્ચાર કરવામાં આવે નહિ તે ક્ષણમાં આસુરાવેશ આવી જાય, અને આસુરાવેશ થઇ

---

૧. नैषा तर्केण मतिरापनेया । ૨. अलौकिकास्तु ये भावा न तांस्तर्केण योजयेत् ।

* श्रीकृष्ण એટલે 'रसो वै सः' 'आनंदमात्रकरपाद' શ્રુતિમાં પ્રતિપાદન કરેલ સર્વના અંશી રસ રૂપ સ્વરૂપ અને જેનું સ્વરૂપ આનંદમાત્ર જ છે તે પરમતત્ત્વ એ જ મારું શરણ છે.

જાય તો પ્રભુમાં અને પ્રભુવિહિત [1]અપ્રતર્ક્ય નિર્દોષ રસરૂપ લીલામાં પણ પ્રાકૃત બુદ્ધિ થતાં મહાન્ અનર્થ થાય. "श्रीकृष्णकृष्णकृष्णेति कृष्णनाम सदा जपेत् । आनन्दः परमानन्दो वैकुण्ठं तस्य निश्चितम् ॥" (શ્રીમત્પ્રભુચરણ) "નિરંતર શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ એમ શ્રીકૃષ્ણ નામનો જપ કરવો, જે પુરુષ વા સ્ત્રી એ શ્રીકૃષ્ણ નામનો જપ કરે છે, તેને નિશ્ચય આનંદ પ્રાપ્ત થાય છે, વ્યાપિવૈકુંઠ સિદ્ધ થાય છે."

શ્રીમત્પ્રભુચરણ અષ્ટાક્ષરવિવરણમાં અષ્ટાક્ષરનો પ્રકાશ કરતાં આજ્ઞા કરે છે કે જીવના સર્વ કાર્ય સિદ્ધ કરનાર આ અષ્ટાક્ષર મંત્રનો અર્થ તત્ત્વપૂર્વક જો હૃદયમાં સ્થાપન થાય તો તેના હૃદયમાં નિરંતર શ્રીકૃષ્ણ બિરાજે છે. આ મંત્રમાં પ્રથમ 'श्री' વર્ણ છે તેના ઉચ્ચારથી સર્વ સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, લૌકિક અલૌકિક સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે, લૌકિક અલૌકિક રાજપ્રિયતા પ્રાપ્ત થાય છે. દ્વિતીય 'कृष्' વર્ણ છે તેના ઉચ્ચારથી પાપમાત્ર શોષાઈ જાય છે. તૃતીય 'ण' વર્ણ છે તેના ઉચ્ચારથી તાપમાત્ર નાશ પામે છે. ચતુર્થ 'श' વર્ણ છે તેના ઉચ્ચારથી યોનિ–દાહ પામે છે, જન્મનું મૂલ જ શાંત થઈ જાય છે, અપુનરાવૃત્તિ સિદ્ધ થાય છે. પંચમ 'र' વર્ણ છે, એ અગ્નિબીજ હોવાથી અલૌકિક અગ્નિનો પ્રવેશ થવાથી, પરા ભગવદ્વિદ્યા–ભગવત્સ્વરૂપજ્ઞાન થઈ જાય છે. ષષ્ઠ 'णं' વર્ણ છે તેના ઉચ્ચારથી પરમનિર્વૃતિરૂપ પરમસુખરૂપ પરમાનંદરૂપ શ્રીકૃષ્ણમાં નિરંતર સુદૃઢ ભક્તિ સિદ્ધ થાય છે, સપ્તમ 'म' વર્ણ છે તેના ઉચ્ચારથી શ્રીકૃષ્ણરૂપ રત્નના દાનકર્તા ઉપદેષ્ટા ગુરુવિષે પ્રીતિ પ્રકટ થાય છે અને 'म' નામનો અષ્ટમ વર્ણ છે તેના ઉચ્ચારથી હરિમાં સાયુજ્ય થઈ જાય છે અર્થાત્ સર્વથા પુનર્જન્મ થતો નથી. સર્પને જોઈને જેમ ઉંદર શાંત થઈ જાય છે તેમ ભૂતપ્રેતપિશાચવ્યાઘ્રચોરાદિના સંકટમાં આ મંત્રનો જપ કરવામાં આવે તો તે સર્વ ભીતિ પણ નિવૃત્ત થઈ જાય છે, શત્રુ શાંત થઈને મિત્ર થઈ જાય છે, સર્વ કુગ્રહનો સર્વ અરિષ્ટનો નાશ થઈ જાય છે, અને એના હૃદયમાં આનન્દમૂર્તિ શ્રીકૃષ્ણ નિરંતર નિવાસ કરે છે.

જેમ વેદવાક્યમાં પુરાણમાં ભારતમાં મહાવાક્ય હોય છે એમજ પ્રકારે શ્રીમદ્વલ્લભાચાર્યનાં વચનોમાં અષ્ટાક્ષર **મહાવાક્યાર્થ**[2] છે. જેમ સર્વ ગ્રંથોનું તાત્પર્ય તે તે ગ્રંથના મહાવાક્યમાં હોય છે તેમ જ શ્રીમદ્વલ્લભાચાર્યજીના સમસ્ત વાક્યોનું તાત્પર્ય **અષ્ટાક્ષર મહામંત્ર** છે. આ મંત્રથી શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય એ સાત પ્રકારની ભક્તિ સિદ્ધ થાય છે.

---

૧ તર્કમાં આવી શકે નહિ તેવી.

૨ वेदवाक्ये महावाक्यं पुराणे भारते यथा । श्रीमद्वल्लभवाक्यार्थः श्रीकृष्णः शरणं मम ॥

૮૩. બ્રહ્મસંબંધ–નિવેદનમંત્ર.–" કૃષ્ણ (પરબ્રહ્મ) થી વ્યુચ્ચરણ પામ્યાને મને (જીવને) આજે અપરિમિત કાલ વીતી ગયો છતાં તે વિયોગથી થતા તાપક્લેશાનંદ જેને નથી થતો એવો જે હું (જીવ) તે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને તેના ધર્મો, તથા સ્ત્રી–પતિ, ઘર, પુત્ર, આપ્ત, વિત્ત, આલોક, પરલોક, આત્મા (અંતર્યામી) સહિત સર્વ ભગવાન્ (ષડૈશ્વર્ય સંપન્ન) કૃષ્ણ (પરબ્રહ્મ–ગોપીજન-વલ્લભ–સદાનંદ)ને સમર્પું છું હું દાસ છું. હે કૃષ્ણ, હું તારો છું.*

અષ્ટાક્ષરમંત્રથી જીવ વૈષ્ણવ બને છે અને **બ્રહ્મસંબંધમંત્રથી** સેવાનો અધિકારી થાય છે.

આ મંત્ર ગ્રહણ કરતાં દરેક વૈષ્ણવે સમજવું જોઇએ કે તે સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ–શ્રીકૃષ્ણ ભગવાનને જ સર્વસ્વ અર્પણ કરે છે અને તે પ્રતિજ્ઞા કરે છે કે 'હું દાસ છું' 'હે કૃષ્ણ હું તારો છું', અને દેહાદિથી આત્મા પર્યંત સર્વ ઉપરની અહંતા–મમતા નષ્ટ થતાં તે પછી સર્વ શ્રીઠાકુરજીનું જ છે અને પોતે તેમની સેવાર્થે જ દાસ તરિકે સર્વ વ્યવહાર કરે છે એમ સમજવું જોઇએ, અને ત્યાર પછી તેણે સ્વમાર્ગીય સિદ્ધાન્ત મુજબ શ્રીઠાકુરજીને સમર્પણ કરીને જ પોતાનો સર્વ વ્યવહાર ચલાવવો જોઇએ શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાન્ત-રહસ્યમાં' આજ્ઞા કરે છે જે 'ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिर्हि' બ્રહ્મસંબંધ કરવાથી **સર્વના** દેહ અને જીવના **સર્વ** દોષોની નિવૃત્તિ થાય છે 'अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।' નિવેદન વિના સર્વ દોષોની કોઇપણ પ્રકારે નિવૃત્તિ થતી નથી અને તે પ્રમાણે પૂર્વભૂત સર્વ દોષોની નિવૃત્તિ થાય છે અને ત્યાર પછી સર્વ વ્યવહાર 'सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति' સેવકોનો જેમ લોકમાં વ્યવહાર પ્રસિદ્ધ છે તેમ 'तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः' તેવી રીતે સર્વવ્યવહાર સમર્પણ કરીને કરવાથી જ સર્વની બ્રહ્મતા–નિર્દોષતા થાય છે. તેથી **'तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम्' સર્વ કાર્યના પ્રારંભમાં જ સર્વવસ્તુનું ભગવાન્ કૃષ્ણને સમર્પણ કરવું.** (વધુ માટે સિદ્ધાન્તરહસ્ય ગ્રંથ જુઓ).

આથી બ્રહ્મસંબંધ લેતાં જ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત પ્રમાણે આચરતાં ફરી દોષોનો ઉદ્ભવ થાય નહિ તે માટે પોતાને ત્યાં અવશ્ય શ્રીઠાકુરજીના સ્વરૂપની અથવા ચિત્રજી વગેરેની સેવા હોવી જ જોઇએ. અને પોતાનો સર્વ વ્યવહાર શ્રીઠાકુરજીને **સર્વવસ્તુ સમર્પણ કરીને** જ ચલાવવો જોઇએ, એમ શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે.

---

*ગદ્યમંત્ર બ્રહ્મસંબંધ લેતી વખતે આપવામાં આવે છે તેનો અર્થ. સંસ્કૃતમાં મંત્ર ભુલી ગયેલ વૈષ્ણવે ભગવદીય વૈષ્ણવોના સત્સંગથી ફરી સ્મરણપથ કરી લેવો.

૮૪. ગાયત્રી મંત્ર—हरिः ओम् तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियो यो नः प्रचोदयात् ॥ તે સવિતા દેવના વરણીય અવિદ્યાનાશક (સ્વરૂપ)નું ધ્યાન કરીએ છીએ, જે (સવિતા) અમારી બુદ્ધિને પ્રકર્ષે પ્રેરે.

भूः भुवः स्वः महः जनः तपः અને सत्यम् એમ સપ્ત વ્યાહૃતિ છે. તેમાં ભગવાનના ષડ્ગુણ બતાવે છે, भूः ઐશ્વર્યવાચક છે, भुवः નો અર્થ વીર્ય થાય છે, स्वः નો અર્થ શ્રી થાય છે, महः નો અર્થ યશ થાય છે जनः નો અર્થ તાપનાશક જનલોક થાય છે વૈરાગ્ય પણ તાપનાશક છે અર્થાત્ તાપનાશક जनः વૈરાગ્યસૂચક છે. तपः નો અર્થ જ્ઞાન થાય છે. सत्य નો અર્થ પર એટલે પૂર્વોક્ત ષડ્ધર્મયુક્ત સ્વરૂપાત્મક ધર્મી પરબ્રહ્મ થાય છે. ओम् એ પ્રણવ કહેવાય છે તે વેદબીજ છે. 'सवितुः' નો અર્થ 'સવિતાનું—પ્રસવ કરનારનું' થાય છે, સવિતા દ્વાદશાત્મક છે. અર્થાત્ 'सवितुः' નો અર્થ માત્ર પ્રાકૃત સૂર્ય ન કરતાં 'દ્વાદશાત્મક પુરુષોત્તમ' જ શ્રુત્યાદિ પ્રમાણથી કરવો. ગાયત્રી વેદબીજ છે, વેદત્રયના અર્થનું પ્રતિપાદન કરે છે અને નિર્વિઘ્ન વાણીનો પ્રસવ થવાને ગાયત્રીથી ભગવદુપસ્થાન કરનાર, ગાયત્ર્યર્થ એમ જ કરે છે. 'वरेण्य' નો અર્થ 'વરણીય', 'વરણ કરવા યોગ્ય' થાય છે. **જેનું એ પુરુષોત્તમ વરણ કરે છે તેને જ એ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.**

એ રીતે ગાયત્રીના સર્વ પદ, અક્ષરોના અર્થ શ્રીવલ્લભાચાર્યજીએ 'શ્રીમદ્ગાયત્રી-ભાષ્ય' માં સારી રીતે સમજાવેલા છે.

૮૫. ભગવદ્લીલા—શ્રીવૃંદાવનલીલા, શ્રીગોવર્ધનોદ્ધારણલીલા, દાનલીલા તેમ જ વ્રજલીલા અને રાસલીલામાં સર્વના મૂલ આધિદૈવિક શ્રીપુરુષોત્તમ સ્વરૂપે જ કરે છે અને તે સર્વ લીલામાં શુદ્ધપુષ્ટિ છે શ્રીગોકુલમાં, મથુરામાં કાલયવનના દાહ પર્યન્ત મર્યાદાપુષ્ટિ અને પછીથી મર્યાદાલીલા છે, તેમજ દ્વારકામાં પણ મર્યાદા છે.

હવે વૃંદાવનમાં એક અવિચ્છિન્ન[1] આદિરાસ છે. અને પછી તો જે રસિક સેવક જીવ ઉપર જેવી કરુણા. ગોપાંગનાઓ ઉપનિષદ્રૂપા અને કુમારિકાઓ ઋષિરૂપા છે. ઉપનિષદ્રૂપા ગોપાંગનાઓ અને ઋષિરૂપા કુમારિકાઓ ઉભયે અનાદિ છે ગમનપ્રસંગે વ્રજાંગના સાથે જેમનું મિલન થયું તે ગોપીઓ સામવેદની ઋચા છે. *નંદરાયજીના ગૃહમાં ચતુર્વ્યૂહયુક્ત હરિ છે. પછીથી ગુરુરાસમાં કેવલ શ્રીપુરુષોત્તમ છે. લઘુરાસમાં રાસપંચાધ્યાયીના ૨૮મા શ્લોક 'विषण्णा भग्नसंकल्पाश्चिन्तामापुर्दुरत्ययाम् ।' થી અનિરુદ્ધવ્યૂહનું નિવારણ થયું છે ને ૨૯મા શ્લોક 'कृत्वा मुखान्यवशुचः' થી સંકર્ષણવ્યૂહનું નિવારણ થયું છે, અને ૪૦મા શ્લોક 'काश्यङ्ग' થી પ્રદ્યુમ્નવ્યૂહનું નિવારણ થયું છે અને રાસક્રીડા કેવલ શ્રીપુરુષોત્તમ સાથે જ થઈ છે.*

---

[1] નિત્ય. * શ્રીપુષ્ટિમાર્ગમાં ૧૧ વર્ષ અને ૫૨ દિવસની શ્રીકૃષ્ણભગવાનની લીલાઓ જ પુષ્ટિપુરુષોત્તમની લીલા મનાય છે અને અન્ય શ્રીમર્યાદાપુરુષોત્તમ વા વ્યૂહની ગનાય છે તે આગળ સમજાશે.

૮૬. બ્રહ્મસંબંધ થયા પછી ફલપ્રાપ્તિમાં વિલંબનું કારણ.-

બ્રહ્મસંબંધ થયા પછી પણ ભગવત્પ્રાપ્તિમાં યત્કિંચિત્ વિલંબ દશ્યમાન થાય છે તેનું કારણ આ પ્રકારે છે. 'असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्' તેથી કરીને અસમર્પિત વસ્તુ માત્રને ત્યજી દઈ આચરણ કરવું, એ વાકયમાં અસમર્પિત વસ્તુનો ત્યાગ શ્રીમદાચાર્યજીએ સ્પષ્ટ નિરૂપણ કરેલો છે છતાં વિવેકનો ત્યાગ કરીને અસમર્પિત[1] વસ્તુઓનું ગ્રહણ કરવામાં આવે ત્યારે ભગવદાવેશ શિથિલ થઈ જાય છે. સર્વ દેવના દેવ શ્રીકૃષ્ણચંદ્રમાં એકતાનતા ન રાખતાં પ્રાકૃતદેવની ઉપાસના કરવામાં આવે તો પણ ભગવદાવેશ શિથિલ થઈ જાય છે. પ્રભુએ પ્રતિજ્ઞા કરી છે કે 'જે અનન્ય[2] ભગવદીયો મારું અનન્ય ચિંતન કરીને મારું પર્યુપાસન–સેવા–કરે છે તેવા નિત્ય અભિયુકત ભકતનું યોગક્ષેમ હું સ્વતઃ જ વહન કરું છું.' આ પ્રભુકૃત પ્રતિજ્ઞાપર વિશ્વાસ ન રાખતાં, જ્યારે યોગક્ષેમની પણ ચિન્તા ભકત કરે ત્યારે ભકતને યથાયોગ્ય ભગવદાવેશ ન થતાં અલૌકિક ફલપ્રાપ્તિમાં વિલંબ થાય તેમાં શું આશ્ચર્ય? તેથી સર્વથા પ્રભુ વિષે अनन्यवृत्ति રાખવી. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે કે 'અન્ય સંબંધ[3] તો શું પણ અન્ય સંબંધની ગંધ પણ પ્રાપ્ત થાય તો ગળું કપાવાનો પ્રસંગ આવે,' તેથી સર્વથા અન્યસંબંધથી (અન્યાશ્રયથી) અત્યંત દૂર રહેવું.

અસમર્પિત વસ્તુનો અન્યાશ્રયનો ત્યાગ એ ઉભયે ત્યાગથી પ્રભુપ્રાપ્તિમાં વિલંબ થતો નથી, પરંતુ તે બેનો ત્યાગ કર્યા છતાં જો વિષયાસકિત રહે તો તેટલે અંશે ત્યાગ અપૂર્ણ જ કહેવાય, તેથી શ્રીમદાચાર્યજી આજ્ઞા કરે છે કે 'વિષયાક્રાંત[4] દેહ જેઓના છે તેઓને સર્વથા હરિનો આવેશ જ થતો નથી,' અર્થાત્ વિષયાસક્તિથી દૂર રહીને અસમર્પિત વસ્તુનો અને અન્યાશ્રયનો ત્યાગ કરવામાં આવે તો નિશ્ચય તે ભક્તને સદ્યોમુક્તિ થાય એ નિષ્પ્રત્યૂહ[5] છે.

૮૭. જીવભેદ.—ભગવાને જે **જીવ** કર્યા તેના બે ભેદ કર્યા છે. એક **દૈવી** અને બીજા **આસુરી**. દૈવીને સત્ સારી વાસના થાય છે, અને આસુરીને અસત્ ખોટી વાસના થાય છે, અને તેથી તેઓ ભગવદ્વિમુખ થાય છે. ગીતાના સોળમા અધ્યાયમાં ઉભયે જીવનાં લક્ષણ કહ્યાં છે–'असत्यमप्रतिष्ठं' 'आढ्योऽस्मि' 'ईश्वरोऽस्मि' ઇત્યાદિ ગીતાવાકયમાં કહ્યું છે કે આસુર લોકો જગતને અપ્રતિષ્ઠિત–અસત્ય છે એમ કહે છે, તેમ જ હું (જીવ) આઢ્ય (પુષ્કલ ધનવાળો)

---

૧. શ્રીઠાકુરજીને ધરાવ્યા સિવાયની (તુલસીજી કે ચરણામૃત પધરાવેથી તે વસ્તુ સમર્પણ થયેલ ગણાય નહિ તેથી તો ફકત તે વસ્તુનો દોષ દૂર થાય.)

૨. अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्।

૩. अन्यसम्बन्धगन्धोऽपि कन्धरामेव बाधते

૪. विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः। ૫. નિશ્ચય છે.

છું, હું (જીવ) ઈશ્વર છું, એમ આસુરી જીવો પોતાને જ ઈશ્વર માની લે છે. આસુરી જીવોને જ શ્રીવલ્લભાચાર્યજી પ્રવાહી કહે છે 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ સંક્ષેપમાં ત્રણે પ્રકારના જીવોના ભેદ ઉત્પત્તિથી, કૃતિથી, સાધનથી અને ફલથી આપેલા છે. આસુરી જીવો નરકના અધિકારી છે. દૈવી સૃષ્ટિના પણ બે ભેદ છે, એક માર્યાદિક અને બીજો પુષ્ટ. માર્યાદિક જીવોની પણ વાસના સારી હોય છે, પરંતુ તેમનાં ભક્તિબલની મર્યાદા વા સીમા હોય છે, તેથી અમુક સીમા (મર્યાદા) ઉપરાંત તેમનાથી જઈ શકાતું નથી. આ માર્યાદિક જીવથી પણ વ્યતિરિક્ત (જુદા) પુષ્ટજીવો છે. તેમણે પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદન કર્યું છે તેથી ભગવદ્બલથી જ તેઓ સર્વ કાર્ય સિદ્ધ કરી શકે છે, મોક્ષદ્વાર આગલ માર્યાદિક જીવો અટકી જાય છે, તેમ પુષ્ટજીવો અટકી જતા નથી કારણકે (पोषणं तदनुग्रहः) પ્રભુએ તેમના ઉપર વિશેષ અનુગ્રહ કર્યો છે, તે જીવો પોતાનો સર્વ આધાર ભગવાન્ ઉપર જ રાખે છે. પ્રભુને શરણે જવામાં પ્રભુ ઉપર જ અવલંબન રાખે છે! એવા પરમ ભાગ્યવાન્ નિસ્સાધન જીવ ઉપર ભગવાન્ અનુગ્રહ કરે છે, તેમને પ્રભુ સ્વબલથી જ અંગીકાર કરે છે તેથી તે જીવ પુષ્ટ કહેવાય છે.

૮૮. **અંતઃકરણ-પ્રબોધ.**—चाण्डाली चेद्राजपत्नी जाता राज्ञा च मानिता कदाचिदपमाने वा मूलतः का क्षतिर्भवेत् રાજા પ્રેમવિવશ થઈને ચાંડાલીને રાણીપદનું દાન કરે અને રાજાની માનીતી થાય છતાં કદાચિત્ અપમાન થાય તો પણ મૂલ સ્વરૂપ કરતાં તેની ક્ષતિ થતી નથી.

સર્વદોષપૂર્ણ જીવ ચાંડાલી જેવો છે છતાં રાજા પ્રેમવિવશ થઈને ચાંડાલીને રાણીપદનું દાન કરે તેમ, શ્રીમત્પ્રભુચરણે કૃપા કરીને સર્વદોષનિધાન જીવને બ્રહ્મસંબંધ દ્વારા પોતાનો કરીને, સ્વકીય માનીને પોતાના સ્વરૂપાનંદનું દાન કર્યું. પ્રથમ દુષ્ટ હતો છતાં, દોષ ધ્યાનમાં ન લેતાં, પ્રભુએ સન્માન કર્યું, એમ જીવે વારંવાર પૂર્વસ્થિતિના અને બ્રહ્મસંબંધ થયા પછીની સ્વસ્થિતિના તારતમ્યનો વિચાર કરવો. જેમ રાણી રાજાવિના બીજા કોઈના પણ વિનયોગમાં આવી શકતી નથી તેમજ બ્રહ્મસંબંધ પ્રાપ્ત થયા પછી જીવનો પણ વિનિયોગ પ્રભુવિના ઇતરત્ર (બીજે) થવો જોઈએ નહિ. જેમ રાણીનો વિનિયોગ ઇતરત્ર થાય તો રાણી પણ વ્યભિચારિણી કહેવાય તેમ, બ્રહ્મસંબંધ થયા પછી તદીયત્વ પ્રાપ્ત કરીને જીવનો વિનિયોગ પ્રભુમાં પરિપૂર્ણંશઃ (સંપૂર્ણતાથી) ન થતાં લૌકિક વૈદિકમાં થાય, તો તેટલે અંશે તદીયત્વને હાનિ પહોંચતાં, પાતિવ્રત્યનો ભંગ થતાં, અનન્યભક્તિમાં વ્યભિચારદોષ પ્રાપ્ત થાય. તેથી પ્રભુએ દાન કરેલા સર્વ પદાર્થનો વિનિયોગ નિર્દોષ, નિર્લેપ, અવિકૃત, શુદ્ધ, અદ્વિતીય પ્રભુચરણમાં જ થવો ઉચિત છે.

૮૯. અવતાર.—જેમ શૈવલથી (સેવાલથી) જલ આચ્છાદિત રહે છે તેમ સૃષ્ટિકાલમાં સ્વરૂપમાંથી જ રમણાર્થ ઉત્પાદિત ગુણમયી માયા વડે ભગવાન્ પરમેશ્વર આચ્છાદિત રહે છે અને તેથી જ તે સર્વત્ર વ્યાપક છતાં અસ્મદાદિ[1] દૃષ્ટિગોચર થતા નથી. જેટલા ભાગમાં શૈવલ દૂર થાય તેટલા ભાગમાં જલ પ્રત્યક્ષ થાય છે તેમ જેટલા ભાગમાં માયાનું અપસરણ[2] કરે છે તેટલા ભાગમાં ઈશ્વરની અભિવ્યક્તિ-પ્રાકટ્ય-થાય છે. એ માયાનું જો પોતે સંપૂર્ણ અપરસરણ ન કરતાં, અંશમાત્રથી જ કરે તો, અંશરૂપે અવતર્યા—પ્રકટ્યા—એમ કહેવાય છે, અને જો સંપૂર્ણ માયાનું આવરણ દૂર કરીને પોતાના સ્વરૂપની અભિવ્યક્તિ—પ્રાકટ્ય-કરે તો ભગવાનનો પૂર્ણ અવતાર-પૂર્ણ પ્રાકટ્ય-કહેવાય છે સારસ્વત કલ્પમાં[3] પરમકાષ્ઠાપન્ન પરમેશ્વર જગદુદ્ધારકરણાર્થ માયાનું સંપૂર્ણ અપસરણ કરીને પૂર્ણ અખંડ અભિવ્યક્ત-પ્રકટ—થયા તેને જ વૈદિક સંપ્રદાયમાં 'કૃષ્ણ' કહે છે, અને તે સર્વશક્તિયુક્ત પ્રકટ થયા તેથી તેને 'શ્રીકૃષ્ણ' કહે છે. (ગાયત્રીભાષ્યમાંથી.)

૯૦. પુષ્ટિમાર્ગનું નિર્વચન.—શ્રીમદ્‌ભાગવતમાં 'पोषणं तदनुग्रहः' એમ પુષ્ટિ શબ્દનો સ્પષ્ટ અર્થ આપવામાં આવ્યો છે. પુષ્ટિ એટલે સ્થૂલ શરીરનું પોષણ નહિ, પણ પરાત્પર પુરુષોત્તમનો અનુગ્રહ. જે માર્ગમાં જીવનો અંગીકાર પરોક્ષ રીતિએ કરવામાં આવતો નથી, પરંતુ ભગવત્કૃપાવડે સાક્ષાત્ પ્રત્યક્ષ અંગીકાર કરવામાં આવે છે તે માર્ગને 'પુષ્ટિમાર્ગ' કહે છે. ફલપ્રાપ્તિને વાસ્તે જેનું અવલંબન કરવામાં આવે છે તેવા ભક્તિમાર્ગને જ પુષ્ટિમાર્ગ કહે છે, લૌકિકમાં પણ જ્યાં જવાથી [4]ફલ પ્રાપ્ત થાય તેને જ "માર્ગ" કહે છે તેમ અલૌકિકમાં પણ જેનું અવલંબન કરવાથી, જેનો આશ્રય કરવાથી, સાક્ષાત્ પરિપૂર્ણ પરાત્પર રસરૂપ પુરુષોત્તમની પ્રાપ્તિ થાય તે માર્ગને પુષ્ટિમાર્ગ કહે છે.

---

૧. આપણે વગેરેને. ૨. દૂર ખસેડે છે.

૩. કલ્પ એટલે બ્રહ્માનો એક દિવસ એક કલ્પમાં ૧,૦૦૦ મહાયુગ એટલે ૧૪ મનુ વીતે છે. પ્રત્યેક મહાયુગના ચાર યુગો. ચાર યુગોનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષો થાય છે. વર્તમાન કલ્પના મહાયુગના ૧,૯૭,૨૯,૪૯,૦૨૮ વર્ષો વીત્યાં છે, અને સાતમો મનુ ચાલે છે આથી સારસ્વતકલ્પના કૃષ્ણને પ્રકટ થયાનાં વર્ષોની ગણત્રી કરવી એજ બુદ્ધિની બહારની વાત છે શ્રીમદ્‌ભાગવતમાં તો શ્રીવ્યાસજીએ સમાધિમાં જે અનુભવ કર્યો તે વર્ણવેલ છે.

૪. मृग्यतेऽसौ फलप्राप्त्यर्थमितिमार्गः ।

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રીપુષ્ટિમાર્ગીય સેવા–વિચાર

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।
शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥

સર્વ સામર્થ્ય સહિત અને સર્વ ઠેકાણે જ સંપૂર્ણ અર્થને આપનાર અને શરણે રહેલાનો સારીરીતે ઉદ્ધાર કરનાર કૃષ્ણને હું વિજ્ઞપ્તિ કરું છું.

(શ્રીવલ્લભાચાર્યજી) (૯૧)

૯૨. **ઉત્તમ સેવા.**—'कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता।' 'શ્રીકૃષ્ણ–પુરુષોત્તમ પરબ્રહ્મની સેવા નિરંતર અવશ્ય સર્વદા કરવી (અને ત્રણ પ્રકારની સેવામાં) **માનસીસેવા** તે ફલરૂપ માનેલી છે'. (સિદ્ધાન્તમુક્તાવલી) માનસી સેવા એટલે 'चेतस्तत्प्रवणं सेवा' તેમાં (શ્રીકૃષ્ણમાં) એકતાન ચિત્ત તે **સેવા** માનસી. **આ માનસી સેવા** ફલરૂપ ઉત્તમ ગણેલી છે તેની સિદ્ધિને માટે બે **સાધનરૂપ** સેવા છે ૧. तनुजा અને ૨. वित्तजा. પોતાના શરીરથી સઘળી સેવા કરવી તે **તનુજા** અને સેવામાં જે દ્રવ્યનો ઉપયોગ થાય એટલે દ્રવ્ય સેવાના ઉપયોગમાં લાગે અને તે દ્રવ્યથી જે સેવા બને તે **વિત્તજા** કહેવાય. આ બન્ને સેવામાં સારીરીતે તપાસીએ તો **તનુજાસેવા વિત્તજા સેવાથી** ઉત્તમ છે અને માનસીસેવામાં સાક્ષાત્સાધન થઈ પડે છે. શ્રીપુરુષોત્તમજી પ્રકાશમાં લખે છે કે તનુજા અથવા કાયિક સેવામાં દેહનો ઉપયોગ છે તો ઇન્દ્રિયોના વ્યાપાર વિના કેવલ દેહ સેવા કરી શકે જ નહિ એ તો પ્રત્યક્ષ છે, તેથી ઇન્દ્રિયવ્યાપારની જરૂર છે. શ્રોત્રથી ભગવદ્‌ગુણ સાંભલવા, આંખોથી પ્રભુનું દર્શન કરવું ઇત્યાદિ યથાયોગ્ય સર્વ ઇન્દ્રિયો, સાક્ષાત્ અથવા પરંપરા સંબંધથી પ્રભુ પરિચર્યામાં પૂર્ણ પ્રયત્નથી તત્પર રહેવાં જોઇએ. બ્રહ્મસંબંધ લઈ પોતાનું સર્વસ્વ પ્રભુને નિવેદન કરી દેવામાં આવે તે પછી દ્રવ્યાદિનો વિનિયોગ સેવામાં કરી દઇને પોતાના દેહનો પણ વિનિયોગ સેવામાં કરવો, તેમ થવાથી પ્રભુમાં પ્રેમ અને પ્રેમ થયા પછી **માનસીસેવા** સિદ્ધ થાય છે. અર્થાત્ કાંઈપણ **કામના** અને **કપટ સિવાય** પોતાનું **સર્વસ્વ** પ્રભુને નિવેદન કરીને પોતાના શરીરનો પણ વિનિયોગ સેવામાં જ કરે; ત્યારે તેને પ્રભુમાં પ્રેમનો ઉદય થાય, અને જે પહેલાં સાધન સમજી સેવા થતી હતી તે જ ફલભાવને પામી કૃતાર્થતા સૂચવતી મજ્જન સમાન **માનસીસેવા** સિદ્ધ થાય છે.

૯૩. કલિકાલમાં ધાર્મિક પરિસ્થિતિ.—શ્રીમદ્દવલ્લભાચાર્યજી "કૃષ્ણાશ્રય" નામના ગ્રંથમાં, વર્તમાન કલિકાલમાં જીવોએ ભગવત્પ્રાપ્તિ અર્થે શું કરવું તેમજ કલિકાલના પ્રભાવથી સાધનમાર્ગના ઉપાયો તરીકે ગણાતા દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, કર્મ, કર્તા, તીર્થો વગેરેની પરિસ્થિતિ કેવી થઇ ગઇ છે તેનું વર્ણન કરે છે જેઃ—

ધાર્મિક માર્ગો—ખલધર્મવાલા કલિકાલમાં (ભગવત્પ્રાપ્તિને અર્થે સાધન ગણાતા) સર્વમાર્ગો નષ્ટ થઇ ગયા છે, અને (ધર્મને બદલે) લોકમાં પાખંડનો પ્રચાર થયો છે.

દેશ—શુદ્ધ ગણાતા દેશો પણ મ્લેચ્છોથી વિંટાઇ ગયેલા છે, તેથી તે સર્વે પાપના સ્થાનરૂપ થયા છે.

લોકસમૂહ—વલી સત્પુરુષોને પીડા કરવામાં સર્વ લોકસમૂહ તત્પર થઇ ગયો છે.

તીર્થો—ગંગાજી વગેરે ઉત્તમ તીર્થો પણ દુષ્ટો વડે વિંટાઇ ગયેલાં છે તેથી તે તીર્થોનાં આધિદૈવરૂપો (દૈવત્વ) તિરોહિત થઇ ગયાં છે.

કર્તા—સત્પુરુષોમાં ગણાતા પંડિતો વગેરે પણ અહંકારમાં વિશેષ મૂઢ થએલા છે તેમ જ પાપી પુરુષોને અનુસરવાવાલા થયા છે અને તેઓનો પ્રયત્ન માત્ર પોતાના લાભ અને પ્રતિષ્ઠાને અર્થે જ છે.

મંત્રો—(વૈદિક અને તંત્રોક્ત એ બન્ને જાતના) મંત્રોનું તાત્પર્યજ્ઞાન (તેના ફલ અને દેવતાનું સ્વરૂપજ્ઞાન) નષ્ટ થઇ જવાથી તેમ જ તેના યોગે કરવામાં આવતાં વ્રતાદિક નિયમોનું આચરણ ન થવાથી મંત્રોના અર્થ તેમ જ મંત્રોના દેવતા તિરોહિત થઇ ગયા છે.

કર્મ-વાદ કરનારાઓનો પ્રયત્ન માત્ર પોતાનું પાખંડ ચલાવવા માટે જ હોવાથી તેઓએ ચલાવેલા મિથ્યા વાદવિવાદોથી સર્વ યજ્ઞયાગાદિક કર્મ તેમ જ વ્રતાદિક (લોકસમૂહની શ્રદ્ધા ઉઠી જવાથી) નષ્ટ થઇ ગયાં છે.

જીવનું કર્તવ્ય—આવીરીતે ભગવત્પ્રાપ્તિ માટે કરવામાં આવતાં સર્વ સાધનો નષ્ટ થઇ જવાથી કોઇપણ સાધન ફલ આપી શકતું નહિ હોવાથી જીવે પ્રભુની પાસે નિઃસાધન થઇ શરણે જવું એ જ માત્ર કલિકાલમાં ઉપાય છે તેથી બીજા સર્વ પ્રાકૃત દેવ કે જે પ્રકૃતિને અધિન છે તેમને શરણે નહિ જતાં દીનતાપૂર્વક, સર્વસામર્થ્યયુક્ત, સર્વ ઠેકાણે સર્વ અર્થને આપનાર, અને શરણમાં રહેલાનો સારીરીતે ઉદ્ધાર કરનાર પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ—પરમાત્મા પરબ્રહ્મને શરણે જવાથી જીવનો શ્રીકૃષ્ણમાં આશ્રય દૃઢ થાય છે એમ શ્રીમદ્દવલ્લભાચાર્યજીનું કથન છે. (જીજ્ઞાસુએ શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથ ટીકાસહિત જોવો.)

૯૪. તનુજા વિત્તજા સેવાથી થતો લાભ.—શ્રીવલ્લભાચાર્યજી સિદ્ધાન્તમુક્તાવલિમાં કથે છે જે 'ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम्।' તે (તનુજા અને વિત્તજા સેવા) થી (અહંતામમતાત્મક) સંસારના દુઃખની નિવૃત્તિ-શાંતિ અને બ્રહ્મનો બોધ (એ બે અવાંતર ફલ) થાય. શ્રીપુરુષોત્તમજી લખે છે જે અહંતા અને મમતાની નિવૃત્તિ થવી એ સાધારણ સાધનસેવા કરનાર મનુષ્યને અવાંતર ફલ છે, કારણ મુખ્ય ફલ તો માનસીસેવા છે, અને કદાચ તે પણ અજાણ હોવાથી કોઇ વખતે સાધનમાં ભૂલ કરે તો તેથી તેની શી દશા થાય? આ શંકા થાય તો તેનો ઉત્તર-સાધનમાં ભૂલ કરે તો પણ તેની દુર્ગતિ થવાનો સંભવ નથી એમ શ્રીકૃષ્ણ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં અ. ૬ શ્લો. ૪૦માં કહે છે કે 'न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति।' હે અર્જુન કોઈ કલ્યાણ કરનાર દુષ્ટ ગતિને પામતો નથી.

૯૫. શ્રીકૃષ્ણની જ સેવા શા માટે?—શ્રીમદાચાર્યજી નિર્ણય કરે છે જે 'परं ब्रह्म तु कृष्णो हि' 'પરબ્રહ્મ તો કૃષ્ણ જ છે.' શ્રીગુસાંઈજી જણાવે છે જે 'जानीत परमं तत्त्वं यशोदोत्संगलालितम्' 'શ્રીયશોદોત્સંગલાલિત (શ્રીકૃષ્ણ) ને પરમતત્ત્વ જાણવું'.

શ્રુતિ સ્મૃતિ વગેરેમાં શ્રીકૃષ્ણને જ પૂર્ણાનંદ માનેલા-કહેલા છે માટે પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ જ છે કૃષ્ણ આ શબ્દનો અર્થ પણ સદાનંદ થાય છે, સદાનન્દ તે જ પરબ્રહ્મ 'શિક્ષાશ્લોક'માં શ્રીઆચાર્યજી કહે છે જે 'न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम्' (શ્રીકૃષ્ણ ભગવાન્ લૌકિક મનાય જ નહિ) ('सेव्यः स एव गोपीशो विधास्यत्यखिलं हि नः' (આપણું સર્વપ્રકારે રક્ષણ કરે છે તે શ્રીગોપીજનવલ્લભ (શ્રીકૃષ્ણ) એ જ સેવ્ય છે).

'निःसन्दिग्धं कृष्णतत्त्वं सर्वभावेन ये विदुः' (પંચપદ્યાનિ) જેઓ સંદેહ રહિત કૃષ્ણતત્ત્વને સર્વભાવ વડે જાણે છે તે જ શ્રોતા ઉત્તમ છે. 'प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत्। पूर्णानन्दो हरिस्तस्मात्कृष्ण एव गतिर्मम॥ (श्रीकृष्णाश्रयः) સર્વ દેવો પ્રાકૃત છે અને બૃહત્-અક્ષરબ્રહ્મ પણ ગણિતાનંદ છે, પૂર્ણાનંદ શ્રીહરિ છે તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ-શરણ હો.

'कृष्णात्परं नास्ति दैवं वस्तुतो दोषवर्जितम्॥' શ્રીકૃષ્ણથી પર બીજું કોઇ દેવ દોષ વગરનું ખરી રીતે નથી. અર્થાત્ શ્રીકૃષ્ણ જ સર્વ દોષોથી રહિત છે તેથી શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ દેવ અંતઃકરણમાં રહેલા અવશેષ દોષોને પૂર્ણ-રીતે કહાડી શકે તેવા નથી. (અંતઃકરણ-પ્રબોધ).

(આ ઉપરાંત જે ગ્રંથોનો નિર્દેશ કરેલ છે તે અને અન્ય સામ્પ્રદાયિક ગ્રંથો વાચવાથી ખાત્રી થશે જે શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઇ પણ પરમતત્ત્વ નથી ને તે વેદ, ઉપનિષદ્, ગીતા, શ્રીમદ્‌ભાગવત વગેરે ગ્રંથોમાં કાંઇપણ સંદેહ વગર કહેલ છે).

૯૬. સ્વરૂપ તથા નામ–સેવા શા માટે ?–શ્રીમદાચાર્યજી સિદ્ધાન્તમુક્તાવલીમાં ગંગાજીનું દૃષ્ટાંત આપી કથે છે જે 'यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् । यथा देवी तथा कृष्णस्तत्राप्येतदिहोच्यते ।' જેમ (ગંગાજીનું દેખાતું પ્રવાહરૂપી) જલ તેમ બધું જગત, જેમ પાપાદિક નિવૃત્ત કરવામાં શક્તિવાલા તીર્થરૂપ ગંગાજી તેમ અક્ષરબ્રહ્મ અને જેમ દેવતારૂપી આધિદૈવિકી શ્રીગંગાજી તેમ સર્વજ્ઞ સર્વશક્તિમાન શ્રીકૃષ્ણ જાણવા. ભાવાર્થ–જેમ ગંગાજીનું આધિભૌતિકરૂપ જલ છે તેમ અહીં આ જે સર્વ પ્રપંચ છે તે બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ છે અને જેમ ગંગાજીનું આધ્યાત્મિક સ્વરૂપ તીર્થાત્મક છે, કે જે બીજા જલથી શ્રેષ્ઠ અને પાપનિવારણાદિમાં સમર્થ છે. જેમાં સ્નાનાદિક કરવાથી શાસ્ત્રોકત પુણ્યફલ મલે છે તેમ અહિં બૃહત્ છે તે જ અક્ષરબ્રહ્મ કહેવાય છે. તે આધ્યાત્મિક છે, અને જેમ મૂર્તિમતી દેવી એ આધિદૈવિક છે તેમ સર્વજ્ઞ સર્વશકિતવાન્ સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણ તે આધિદૈવિક સ્વરૂપ છે આ પ્રમાણે સમજી લેવું. શ્રીપુરુષોત્તમજી પ્રકાશમાં કથે છે જે–જેણે ગંગાજીનાં દર્શન કર્યાં છે એવા જે ભક્તજન છે તે જેમ શ્રીગંગાજીનું આધિભૌતિક રૂપ જે જલ છે તેમાં ગંગાજીનું સ્થાન છે એમ સમજીને જ જલમાં અનિષિદ્ધ વ્યવહારો કરે છે, અને તીર્થના દર્શનથી જેમ બીજા જલથી અધિકપણું અને માહાત્મ્ય બુધ્ધિ રાખે છે તેમ જે ભગવદ્‌ભકતને ભગવાનનું દર્શન થયું છે તેવા ભગવદ્‌ભકતને ભગવત્સ્વરૂપ અને ગુરુ આદિથી આ સઘલા પ્રપંચમાં પ્રાણિમાત્રમાં ભગવદ્‌ભાવનું સ્ફુરણ થાય છે, અને અક્ષરબ્રહ્મમાં જ્ઞાનિયે માનેલા મોક્ષથી પણ અધિકભાવ જે ભગવદ્ધામરૂપ અક્ષરજ્ઞાનાત્મક ફલ પણ થાય છે, અને જેને શ્રીગંગાજીનાં દર્શન થયાં નથી એવા શ્રદ્ધાલુ ભક્તજનોને જેમ શ્રીગંગાજલથી શ્રદ્ધાપૂર્વક સ્નાનાદિ વ્યવહાર અને તીર્થમાં બીજા જલથી આધિક્યનું જ્ઞાનફલ જેમ ક્રમથી થાય છે, તેમ જ જેને ભગવત્સાક્ષાત્કાર થયો નથી એવા શ્રદ્ધાલુ ભગવદ્‌ભક્તને ભગવત્સ્વરૂપ જે પ્રતિમાઆદિમાં શ્રદ્ધાપૂર્વક સેવાદિ વ્યવહાર અને અક્ષરબ્રહ્મમાં જ્ઞાનનું ફલ જે મોક્ષ તેથી અધિક જે ભગવદ્ધામનું પરોક્ષજ્ઞાન તે થાય છે આગલ દશમા શ્લોકમાં કહે છે જે જગત તો ત્રણ પ્રકારનું કહ્યું છે અને એ (ત્રણ પ્રકારનું છે) માટે બ્રહ્મા વિષ્ણુ અને શિવ એ ત્રણ ગુણાનુસાર દેવતા પણ કહ્યા છે અને જે બ્રહ્મભાવ પામ્યો છે તેને ઉપાસના કરવાને હરિ જ બતાવેલા છે. આ ઉપર પ્રકાશમાં લખ્યું છે કે જગત્ ત્રણ પ્રકારનું છે એટલે ત્રિગુણાત્મક છે. એ ત્રણ ગુણો ભગવાનના છે અને ભગવાનમાંથી જ નિકળ્યા છે માટે શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધના ૨૪ મા અધ્યાયના ૩જા શ્લોકમાં કહ્યું છે કે

'પહેલે તો જ્ઞાનમય અર્થ હતો' એટલે નિર્ગુણ પરમાત્મા હતા અને પછી તેમણે ગુણોને ઉત્પન્ન કર્યા. છેવટે જણાવે છે જે જે ભક્ત ગુણાતીત છે અર્થાત્ મુક્ત છે તેનો નિયામક હરિ વિના બીજો કોણ હોય? ભગવાન્ તો સર્વનિયામક છે એટલે બ્રહ્માદિના પણ નિયામક છે માટે તેવા ભક્તના નિયામક હરિ જ છે સારાંશ આ પ્રપંચ ત્રણ પ્રકારનો છે એટલે ત્રણ ગુણોથી વ્યાપૃત છે તે ત્રિગુણાત્મક પ્રપંચને નિયમમાં રાખનાર દેવતા પણ ત્રણ છે તે બ્રહ્મા વિષ્ણુ અને શિવ અને જે ભકતજન ગુણાતીત છે અને બ્રહ્મૈકરૂપ થયેલ છે તેના નિયામક હરિ છે.

અવિદ્યારૂપ ઉપાધિનો નાશ થયે અને વિજ્ઞાનથી બ્રહ્માત્મપણાનો બોધરૂપ અનુભવ થયે શ્રીપુરુષોત્તમના **આવિર્ભાવ**ની યોગ્યતા થાય છે. અને જ્યારે યોગ્યતા થાય છે ત્યારે પોતાના આત્મામાં જ શુદ્ધાદ્વૈત જ્ઞાની પરબ્રહ્મ શ્રીકૃષ્ણને સારી રીતે જુવે છે, જેમ ગંગાજીના તીર ઉપર રહેલો ભક્ત ગંગાજીના પ્રવાહમાં આધિદૈવિકી ગંગાજીનાં દર્શન કરે છે તેમ.

(આથી સમજાશે જે સર્વ પ્રપંચ બ્રહ્મરૂપ છે પણ જડમાં બ્રહ્મના ચિદ્ અને આનંદાંશ તિરોહિત છે તે ભક્તના પ્રેમયુક્ત સેવનથી તે ભક્ત નિર્ગુણ થતાં તેને તે જ પ્રતિમામાં આનંદાંશ પ્રકટ જણાય છે અને સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમનાં **આંતર અને બાહ્ય પ્રકટ** દર્શન થાય છે.)

શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને **સ્વરૂપ** અને **નામ** બન્ને સેવાની સરખી જ આવશ્યકતા છે ચોરાસી વૈષ્ણવની વાર્તામાં અષ્ટસખા કુંભનદાસજી કહે છે (તેમને સાત દીકરામાં બે ભગવદીય દીકરા હોવા છતાં) મારે દોઢ દીકરો છે તાત્પર્ય જે ચતુર્ભુજદાસે સેવા અને કીર્તન બન્નેની અગત્યતા સ્વીકારી બન્ને પ્રીતિપૂર્વક કરતા હતા તેથી તેમને પૂર્ણ દીકરા કહ્યા અને કૃષ્ણદાસ કેવલ સેવામાં જ પ્રીતિ ધરાવતા હતા તેથી તેમને અડધા દીકરા કહ્યા જે ઉપરથી ઉપદેશ થાય છે જે જેમ આપણા બન્ને હાથ સરખા જ ઉપયોગી છે તેમ **નામસેવા** અને **સ્વરૂપસેવા** બન્નેની સરખી રીતે આવશ્યકતા છે.

૯૭. સેવાના પ્રકાર.—સ્વરૂપસેવા અને નામસેવા.

શ્રીઠાકુરજીના સ્વરૂપમાં ચિત્તને પરોવવું અને સ્વમાર્ગીય ગ્રંથોમાં જણાવેલ ભાવપૂર્વક તેમની સેવા કરવી તે **સ્વરૂપસેવા.** સ્વરૂપસેવામાં સર્વવસ્તુ ભગવન્મય છે અને આ સર્વ ભગવત્સ્વરૂપ છે એ ભાવથી એટલે **સર્વાત્મભાવથી** થવી જોઇએ.

સ્વમાર્ગીય ગ્રંથો (વેદ, ઉપનિષદ્, ગીતા, શ્રીમદ્‌ભાગવત, શ્રીસુબોધિનીજી, વગેરે)નું શ્રવણ અને કીર્તન ભગવત્કથા સાંભળવી તથા ભગવદ્‌ગુણાનુવાદ ગાવા અને તે સંબંધી જ્ઞાન મેળવવું તે **નામસેવા.**

૯૮. સેવામાં પ્રતિબંધ.—શ્રીમહાપ્રભુજી સેવાફલ વિવરણમાં કહે છે જે સેવામાં ત્રણ પ્રતિબંધ છે. ૧. ઉદ્વેગ ૨. પ્રતિબંધ અને ૩. ભોગ.

આ ત્રણેના સાધનોનો પરિત્યાગ કરવો. ભોગ બે પ્રકારનો છે, લૌકિક અને અલૌકિક, તેમાં લૌકિક ભોગનો ત્યાગ કરવો જ જોઇએ. ઉદ્વેગ એટલે ઉત્કૃષ્ટવેગ, સેવામાં અસ્થિરતા કે બહિર્મુખતા અથવા દુષ્ટજનોથી ઉત્પન્ન થતો મનમાં ભય કે પાપથી બુદ્ધિનું ચલન, આ પ્રકારની ચંચલતા ચિત્તમાં કલેશ ઉત્પન્ન કરવાથી સેવામાં બાધક છે, તેથી સેવાનું આધિદૈવિકપણું સિદ્ધ થતું નથી. સેવા થતી હોય ત્યાં અન્યત્ર જવાની ઇચ્છા એ ઉદ્વેગ એમ શ્રી કલ્યાણરાયજી કહે છે. ઉદ્વેગ માનસિક ધર્મ છે એટલે મનનું ભગવાન્ સિવાય અન્યત્ર ગમન એમ સામાન્ય સ્વરૂપ થઇ રહે છે. આ ઉદ્વેગ મનની અન્યપરતારૂપ હોવાથી, સેવાનું આધિદૈવિક-સ્વરૂપ સંપાદન કરવામાં બાધક છે. ઉદ્વેગ દુ:ખરૂપ છે, ઉદ્વેગનાં બે સ્વરૂપ છે એક ભય અને બીજું ચાંચલ્ય. ચાંચલ્ય અદષ્ટજન્ય છે ઉદ્વેગ માનસીસેવામાં વિરુદ્ધ સામગ્રીરૂપ છે તેથી તેના સાધનના પરિત્યાગનો ઉપદેશ શ્રીમદાચાર્યજી કરે છે.

બીજો બાધક 'પ્રતિબંધ' છે. આ પ્રતિબંધ પણ બે પ્રકારનો છે, એક સાધારણ બીજો ભગવાને કરેલો. સાધારણ પ્રતિબંધનો ત્યાગ જીવથી થઇ શકે છે પણ ભગવત્કૃત પ્રતિબંધમાં જીવનો ઉપાય નથી તેથી તેનો ત્યાગ થઇ શકતો નથી.

ત્રીજો બાધક 'ભોગ' છે. તેના બે પ્રકાર છે લૌકિક અને અલૌકિક. તેમાં લૌકિક ભોગ ત્યાજ્ય છે, અલૌકિક ભોગનો ત્યાગ કરવાનો નથી. ભોગ સુખરૂપે ભગવત્સેવામાં બાધક છે. પોતાના માટે લૌકિક ભોગ સિદ્ધ કરી ઇન્દ્રિયતર્પણ કરવારૂપ ભોગ સુખરૂપે બાધક છે. રૂપ, રસ, ગન્ધ, શબ્દ અને સ્પર્શમાં આસક્તિ હોવાથી, સેવામાં ચિત્તની સ્થિરતા ન રહે એ સ્વાભાવિક છે. ભોગ દેહ અને ઇન્દ્રિયનિષ્ઠ છે તેથી ઉભયપ્રકારની સેવામાં બલિષ્ઠ વિરુદ્ધ સામગ્રીરૂપ છે

અર્થાત્ આ પ્રમાણે ઉદ્વેગ, સાધારણ પ્રતિબંધ ભગવત્કૃત પ્રતિબંધ, લૌકિકભોગ અને અલૌકિકભોગ એ પાંચમાંથી ત્રણ બાધકનો ત્યાગ કરવાનો છે. તે ૧ ઉદ્વેગ ૨ સાધારણ પ્રતિબંધ અને ૩ લૌકિકભોગ. હવે આ ત્રણે પ્રતિબંધનો ત્યાગ કેમ કરવો ? ત્યાં શ્રીમદાચાર્યજી ઉપદેશે છે કે 'त्रयाणाम् साधनपरित्यागो कर्तव्यः' ત્રણેનાં સાધનનો પરિત્યાગ કરવો, એ ત્રણે પ્રતિબંધકો આવી પડે, ત્યારે સિદ્ધ વસ્તુઓનો ત્યાગ અશકય હોવાથી તેઓનાં સાધનના ત્યાગનો ઉપદેશ કરવામાં આવે છે અર્થાત્ એ ત્રણે પ્રતિબન્ધકોની જે કારણથી ઉત્પત્તિ થાય છે તે કારણ કે હેતુનો જ ત્યાગ કરવામાં પુરુષના વ્યાપારની અપેક્ષા છે. સાધનના ત્યાગથી જ બાધકનો ત્યાગ થાય છે. બાધકના ત્યાગનો ઉપદેશ નિરર્થક છે; કારણકે લૌકિક ભોગ સમયે સેવા ન જ થઈ શકે, અને ભોગની સમાપ્તિ થાય ત્યારે એ બાધકનો સ્વયં નાશ થાય છે. તેથી અત્ર જે પુરુષપ્રયત્નનો ઉપદેશ થાય છે, તે સાધનના ત્યાગ માટે છે; અર્થાત્ એવી-

રીતે અને એવો સમય લઇને સેવા કરવી કે જેથી પ્રતિબંધક કે બાધકની ઉત્પત્તિ જ સંભવે નહિ. ઉદ્વેગનું સાધન બલાત્કારથી ઇન્દ્રિયોનો વિનિયોગ છે. વેદનિન્દા અને મ્લેચ્છકૃત ઉપદ્રવ એ સાધારણ પ્રતિબંધ છે તેનું સાધન 'હું ભક્ત છું' એવી સ્ફૂર્તિરૂપ એક પ્રકારનો ગર્વ છે. અને લૌકિકભોગનાં સાધનરૂપ રસગન્ધાદિ છે; એમ શ્રી ગોપેશ્વરજી ત્રણ પ્રતિબંધોનાં સાધન ગણાવે છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે કે પ્રતિબન્ધ એટલે સેવાથી પ્રતિકૂલ નિગ્રહ. એ સેવામાં રુચિ હોવા છતાં, શરીરનું સામર્થ્ય હોવા છતાં સેવા સમયમાં લૌકિક વૈદિક કાયિક વ્યાપારરૂપ છે અને બાહ્ય સેવા વિરુદ્ધ સામગ્રીરૂપ છે અને સેવામાં પ્રતિબંધક છે અને તે સાર્વદિક નથી પણ કદાચિત્ આવી પડે છે. ભોગ એટલે સુખદુઃખનો સાક્ષાત્કાર, તે દેહ ઇન્દ્રિયનિષ્ઠ હોવાથી ઉભય પ્રકારની (સ્વરૂપસેવા અને નામસેવા) સેવામાં પ્રતિબંધક છે અને સ્વભાવથી પ્રાપ્ત છે.

હવે ભગવત્કૃત પ્રતિબંધ તેનો ત્યાગ અશકય છે, ત્યાં આજ્ઞા કરે છે કે જો ભગવાનને ફલ દેવાની ઇચ્છા ન હોય તો ગતિ નથી, નિસ્તાર નથી એટલે ભગવત્કૃત પ્રતિબન્ધ દૂર કરવાનો કોઈ ઉપાય નથી. તે અલૌકિકભોગ આ પ્રકારનો છે. સ્થાયિભાવાત્મક પ્રભુનો કેવલ મનથી સમ્બન્ધ પણ અલૌકિક હોવાથી આત્માદ્વારા થાય છે. અલૌકિકભોગ જીવથી સહન ન થઇ શકે તદર્થં ભગવાન્ અલૌકિક સામર્થ્યનું દાન કરે છે. તનુજા અને વિત્તજા સેવા વડે પ્રેમોત્પત્તિ થયા પછી અપૂર્વ અનુરાગથી વિરહ–દુઃખનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે ભોગનો વિષય જે તાપ વિશિષ્ટ દુઃખ તે સહન થાય માટે અલૌકિક સામર્થ્યના દાનથી સ્વસેવ્ય સ્વરૂપમાં કે સ્વપ્નમાં સ્પર્શાદિથી ઉત્પન્ન થતું વિલક્ષણ સુખ થાય તે સુખ-ભોગનો પણ ત્યાગ કરવો એમ શ્રીઆચાર્યશ્રીએ આજ્ઞા કરી છે, એમ કોઇ મહાનુભાવિના મનમાં આવે ત્યારે મહાન્ ખેદ થાય; તેથી વિરહાનુભવમાં પ્રતિબન્ધ થાય; તે ખેદનું નિવારણ કરવા શ્રીમદાચાર્યજી ઉપદેશે છે કે એ પ્રકારનો અલૌકિક ભોગ પ્રથમ ફલમાં પ્રવેશ કરે છે તે ત્યાજ્ય નથી. ભગવન્નિવેદિત પદાર્થનો દાસભાવ સમજીને ભોગ કરવો એ અલૌકિકભોગ છે, તેથી અનર્થ દૂર થાય છે.

૯૯. સેવાનું ફલ.—'સેવાફલ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી કથે છે કે જે પ્રકારની સેવા પ્રકર્ષથી કહી છે, તેની સિદ્ધિ થયે ફલ કહેવાય છે. અલૌકિકના દાનથી નિશ્ચય આદ્ય મનોરથ સિદ્ધ થાય છે. અલૌકિકનું દાન ન કરે તો ફલ અથવા અધિકાર પ્રાપ્ત થાય છે. આ ફલમાં કાલ નિયામક નથી. સેવાનું ફલ સેવા જ છે.

વિવરણમાં સેવાનાં ત્રણ ફલ છે એમ કહે છે ૧ અલૌકિક સામર્થ્ય, ૨. સાયુજ્ય, ૩. વૈકુણ્ઠાદિમાં સેવોપયોગી દેહ.અલૌકિકસામર્થ્ય વિષે જુદાજુદા મહાનુભાવિઓનું વક્તવ્યઃ-

૧. નિત્યસિદ્ધ ભકતોની પેઠે ભગવાન્ સાથે ગાવાનું સામર્થ્ય. (શ્રીકલ્યાણરાયજી).

૨. અલૌકિક ભજનાનન્દના અનુભવમાં સ્વરૂપ-યોગ્યતા. (શ્રીગોપેશજી).

૩. શ્રીમદ્વ્રજભક્તોએ કહેલ રીતિએ સર્વાત્મભાવથી લભ્ય ભજનાનન્દાનુભવરૂપ ફલ અલૌકિક કહેવાય છે, ઇતર પ્રમાણથી અગોચર હોવાથી અને ઇતર સાધનથી અપ્રાપ્ય હોવાથી પણ અલૌકિક છે. ભજનાનન્દના અનુભવના લક્ષણવાલો અધિકાર એ સામર્થ્ય છે. (શ્રીદેવકીનન્દનજી).

૪. કોટિ સૂર્યાગ્નિરૂપ ભગવાનને જ્યારે અલૌકિક આત્યંતિક ફલ દેવાની ઇચ્છા થાય છે, ત્યારે સર્વ લીલાસહિત ભક્તના હૃદયમાં પ્રભુ પધારે તે સર્વ લીલાવિશિષ્ટ પ્રભુના અનુભવનું સામર્થ્ય. (શ્રીહરિરાયજી).

૫. 'सत्यं ज्ञानमनन्तम् ब्रह्म' એ તૈત્તિરિય શ્રુતિ-ભાગનાં વિવરણમાં જે **પરમપ્રાપ્તિનું** વર્ણન છે તેમાં કહેલા ભગવત્સ્વરૂપના અનુભવમાં'प्रदीपवदावेश'. એ સૂત્રમાં કહેલી રીતિએ ભગવાનના આવેશથી થયેલી યોગ્યતા; જે યોગ્યતાથી રસાત્મક ભગવાનના પૂર્ણ સ્વરૂપાનન્દનો અનુભવ થાય છે. (શ્રીપુરુષોત્તમજી).

૬. શ્રીમદ્વૃંદાવનાદિ સ્થલોમાં શ્રીકૃષ્ણસ્વરૂપનાં દર્શન સ્પર્શાદિ કૃતિ કરવાનું સામર્થ્ય. (લાલૂભટ્ટજી). ૭. સર્વાભોગ્ય સુધા. (શ્રીવલ્લભજી).

૮. કોઇને આ સંઘાતમાં અને કોઇને દેહપાત પછી વૃંદાવનાદિ સ્થલોમાં અથવા અલૌકિક સંઘાતમાં પ્રિયતમ ભગવાનનો સંગમ. (જયગોપાલભટ્ટજી).

૯. આધુનિક જીવને તેવા પૂર્ણ અલૌકિક ઐશ્વર્ય વીર્યાદિ ગુણયુક્ત ભગવાન-સમાન રતિ અને રસોદ્બોધ થાય તે. (વિવરણટિપ્પણીકાર)

સ્વતંત્ર ભક્તો જેઓ કેવલ સ્વરૂપપરાયણ છે તેઓ જ આ ફલનો આસ્વાદ લઇ શકે છે. તૈત્તિરિયોપનિષદ્માં 'सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता' 'તે (ભગવદીય) વિવિધ રસભોગચતુર બ્રહ્મના સાથે સર્વ કામોનો ઉપભોગ કરે છે' એ શ્રુતિમાં કામોપભોગરૂપ ક્રીડામાં બ્રહ્મની ગૌણતા અને ભગવદીયની મુખ્યતા સૂચવાય છે.

આ પ્રકારનું પારવશ્ય પુષ્ટિમાર્ગમાં જ છે આ ફલ પ્રમાણાનુરોધી છે તે સ્વતંત્ર પ્રેમનું જ ફલ છે. દામોદરલીલામાં જે ભક્તાધીનતા પ્રભુએ બતાવી તે અલૌકિક—સામર્થ્યમાં નિદર્શન છે.

મધ્યમ સેવાનું ફલ સાયુજ્ય છે. સાયુજ્ય બે પ્રકારનું છે ૧ રૂઢાર્થક અને ૨ યૌગિકાર્થક. રૂઢાર્થક સાયુજ્ય પણ બે પ્રકારનું છે એક જ્ઞાનીઓને અથવા જ્ઞાનમિશ્રિત ભક્તોને એકત્વરૂપ સાયુજ્ય મલે છે તે, તેમાં ભેદનો અત્યન્તાભાવ છે, કેવલ જલનિમગ્નવત્ છે બીજા પ્રકારનું રૂઢાર્થક સાયુજ્ય શુદ્ધ ભક્તોને પ્રાપ્ત થાય છે. તે સાયુજ્ય **પુરુષોત્તમમા** જ, નહિ કે **અક્ષરમા.** સાયુજ્યનો યૌગિકાર્થ ભગવાનની સાથે સાર્વદિક્ સતત્ સ્થિતિ-સંયોગરસાનુભવ.

સાધારણ સેવાનું ફલ વૈકુણ્ઠાદિમાં સેવોપયોગી દેહ છે. સાક્ષાત્ સેવામાં અધિકાર નહિ, એટલે બાહ્ય રમણનો આનન્દ ન મલે પણ શ્રી ગોકુલાદિ સ્થલમાં રસરૂપ પ્રભુની રસરૂપ લીલાનાં અહર્નિશ નિરીક્ષણથી પશુપક્ષ્યાદિ દેહમાં આંતરરમણ સંભવિત છે. અને તેવો અપ્રાકૃત દેહ રમણાનુકૂલ છે તેથી જ અત્ર 'ફલ' શબ્દનો પ્રયોગ ઘટે છે.

॥ श्रीकृष्णाय नमः ॥

શ્રીપુષ્ટિમાર્ગીય વચનામૃતો.

न गृहीतं हरेर्नाम नात्माद्यखिलमर्पितम् ।
न कृष्णसेवा विहिता वृथा तज्जन्म भूतले ॥

જેણે હરિનું નામ લીધું નથી, જેણે આત્માદિ અખિલ (સર્વ) અર્પણ કર્યું નથી, જેણે કૃષ્ણસેવા કરી નથી, તેનો જન્મ ભૂતલમાં વૃથા (નકામો) છે. (શ્રીહરિરાયજી) (૧૦૦)

૧૦૧. વત્સાસુર અને બકાસુર.—વાછરડાંઓના ગમનાદિક દોષની નિવૃત્તિ કરવાને માટે વત્સાસુર વધ છે. (સુબોધિનીજી). વત્સના દોષો—બીજાને મારવું, બીજાને હેરાન કરવું, બીજાનું ખાઇ જવું વગેરે. ગાયોને ચરાવનાર બાળક ગોવાળોના દોષની નિવૃત્તિને માટે બકાસુર (દંભ) નો નાશ છે. બકાસુર એ મોટા બગલાના રૂપને ધારણ કરનાર ભગવદીયોના મહાન્ દોષ દંભરૂપે હતો. તેની બે ચાંચો લોભ અને અનૃત (અસત્ય) રૂપ હોઇ ક્રિયાશક્તિપ્રધાન હતી. જેમ લોભ આનંદનો નાશ કરે છે, અનૃત સત્યનો નાશ કરે છે. તેમ તીખી ચાંચવાળો એ મોટો બકાસુર (દંભ) આવીને આનંદ અને સત્યરૂપ ભગવાનને તરત ગળી ગયો. (સુ. ભા. ૧૦-૧૧-૩૮).

૧૦૨. દેહાધ્યાસ.—પોતાનો દેહ આત્મા છે એમ માનવું એને દેહાધ્યાસ કહે છે. "સર્વ પદાર્થો પોતાના દેહના પોષણ માટે છે, બીજાને તેઓનો ઉપયોગ કરવા દેવાની અગત્ય નથી, હું પોતે ઇશ્વર, ભોગી, સિદ્ધ, બલવાન, અને સુખી છું એમ ધારવું, બીજા મારાથી કનિષ્ઠ છે વગેરે માનવું એને આસુરીભાવ કહે છે, અને તેનું મૂલ દેહાધ્યાસ છે." દેહાધ્યાસ અને દુઃસંગથી ઉત્પન્ન થયેલો આસુરીભાવ ભક્તિમાર્ગમાં અંતરાયરૂપ નિવડે છે, માટે તે દૂર કરવાની અગત્ય છે. આવો મનુષ્ય અતિ સ્વાર્થી કૃપણ અને પરોપકારરહિત હોય છે. જે વસ્તુ પોતાના ઉપયોગમાં ન આવે તેનો પણ બીજાને ઉપયોગ કરવા દેવાને તે રાજી હોતો નથી. આવા પ્રાણીનું જીવતર જનસમાજને અને દુનિયાને ઉપયોગી નથી. એવાં જીવતરનો જેમ બને તેમ વહેલો અંત આવે તો સર્વ પ્રાણી સુખી થાય.

આવા પ્રકારના અધ્યાસ અને આસુરીભાવને લીધે પ્રાણીઓમાં અધમ એવા ગધેડાનો અવતાર પામેલા ધેનુકાસુરવધની કથા છે.(સુ. ભા.૧૦-૧૨-૧ થી ૫.)

૧૦૩. મર્યાદામાર્ગનું અને પુષ્ટિમાર્ગનું તારતમ્ય.— પ્રાવાહિક કામી વિષયમાર્ગથી ભગવત્સ્નેહાત્મક પુષ્ટિમાર્ગ ભિન્ન છે, તેમ જ મર્યાદામાર્ગથી પણ તે વિભિન્ન છે, પ્રભુનાં વચનરૂપ વેદાદિ સચ્છાસ્ત્રે પ્રતિપાદ્ય પ્રભુપ્રાપ્તિનો માર્ગ તે મર્યાદામાર્ગ, અને શાસ્ત્રસાધનની સહાય વિના કેવલ પ્રભુકૃપાના જ બલ વડે નૈસર્ગિક પ્રભુ-સ્નેહથી જ પ્રભુને પ્રાપ્ત કરવાનો માર્ગ અરે જે માર્ગમાં પ્રભુ સ્વતઃ ભક્તના સાધનરૂપ થઈ સ્વપ્રાપ્તિ કરાવે છે તે માર્ગ તે **પુષ્ટિમાર્ગ**. મર્યાદામાર્ગનાં પ્રમાણ પ્રમેય સાધન અને ફલ સર્વ પુષ્ટિમાર્ગીય પ્રમાણ પ્રમેય સાધન અને ફલથી અત્યંત વિભિન્ન છે. પુષ્ટિમાર્ગીય સંન્યાસ પણ પૃથક્ છે. પુષ્ટિમાર્ગીય ભક્તિ પણ વિલક્ષણ છે. પુષ્ટિમાર્ગીય સેવ્ય શ્રીપુરુષોત્તમ અને તેમના શ્રીમદ્ગોકુલાદિ ધામનો વ્યાપિવૈકુંઠાદિથી પણ ઉત્કર્ષ 'तानि परे तथा ह्याह' સૂત્રમાં શ્રીમદાચાર્યજીએ પ્રતિપાદન કર્યો છે. પુષ્ટિમાર્ગીય ગ્રંથોમાં **વિહિતમાર્ગ-વૈદિકમાર્ગ-આર્યમાર્ગ-સાધનમાર્ગ-પ્રમાણમાર્ગ** ઇત્યાદિ નામો **મર્યાદામાર્ગને** આપેલાં છે. **વૈદિક આર્ય સનાતનમાર્ગ** માયાવાદાદિથી કલુષિત થઈ ગયો હતો, તે કાલુષ્ય નિવારણ કરીને તેને શુદ્ધ કરીને પ્રકટ કર્યો તેથી **શ્રીમદ્વલ્લભાચાર્યજી મર્યાદામાર્ગના પણ આચાર્ય** છે. **અવિહિતમાર્ગ, કૃપામાર્ગ, નિઃસાધનમાર્ગ, ફલમાર્ગ, પ્રમેયમાર્ગ, નિરુપધિસ્નેહમાર્ગ** ઇત્યાદિ સંજ્ઞા **પુષ્ટિમાર્ગની** છે.

૧૦૪. પુષ્ટિમાર્ગના આચાર્ય કોણ ?—સર્વ માર્ગના વાસ્તવ આચાર્ય ભગવાન્ વિના અન્ય કોઇ નથી, પરન્તુ એક માર્ગ આપ ઋષિદ્વારા ચલાવે છે અને એક સ્વતંત્ર માર્ગ તો આપ સ્વતઃ જ પ્રવર્તાવે છે. પુષ્ટિમાર્ગના પ્રવર્તક સાક્ષાત્ પુરુષોત્તમ છે. પુષ્ટિમાર્ગીય ભક્તનો સંબંધ, સેવા, સર્વ પ્રભુની સાથે સાક્ષાત્ જ છે. ભગવાન્ પોતે વેદાત્મક શબ્દ સ્વરૂપ ધારણ કરીને **મર્યાદામાર્ગ** ચલાવે છે. જેમ વેદરૂપ, શેષરૂપ, સંકર્ષણરૂપ, બલદેવજી થાય છે અને **મર્યાદામાર્ગ** ચલાવે છે, તેમ જ ભગવાન્ પોતે પણ વેણુનાદરૂપ ધારણ કરીને **પુષ્ટિમાર્ગ** પ્રવર્તાવે છે. જેમ વેદના શ્રોતા વેદના આચાર્ય તેમ વેણુનાદના શ્રોતા પુષ્ટિમાર્ગના **આચાર્ય**. ભાગવતમાં ઉદ્ધવજી શ્રીગોપીજનોને કહે છે કે **'भगवत्युत्तमश्लोके भवतीभिरनुत्तमा भक्तिः प्रवर्तिता दिष्टया मुनीनामपि दुर्लभा।'** 'સાક્ષાત્ ઉત્તમશ્લોક એવાં ભગવાન્‌માં મુનિને પણ દુર્લભ એવી અનુત્તમ ભક્તિ આપે પ્રવર્તાવી,' માટે હે ગોપીજનો તમને ધન્ય છે! આચાર્યચરણ આજ્ઞા કરે છે કે 'कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः' કૌંડિન્ય અને ગોપિકાઓ ગુરુ છે. કૌંડન્ય પોતે ગુરુ નહિ, પણ તન્નિષ્ઠ પ્રેષ્ઠવિરહરૂપધર્મ ગુરુ છે. અર્થાત્ વસ્તુતઃ **ગોપિકાઓ** જ પુષ્ટિમાર્ગના ગુરુ છે-આચાર્ય છે, અધુના ભગવન્મુખારવિંદરૂપ **શ્રીમહાપ્રભુજી** પુષ્ટિમાર્ગના **આચાર્ય** છે.

૧૦૫. આંતર સાધન ભગવલ્લીલાનું ગાન.—नाहं वसामि वैकुण्ठे योगिनां हृदयेपि च। मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ॥ હે નારદજી! હે દેવર્ષિ! હું (શ્રીકૃષ્ણ) વૈકુંઠમાં રહેતો નથી, યોગીયોનાં હૃદયમાં પણ રહેતો નથી પરન્તુ મારા ભક્ત જ્યાં મારું કીર્તન કરે છે, (ભક્તિપૂર્વક મારાં ગુણગાન કરે છે) ત્યાં જ હું સ્થિતિ કરું છું. સર્વલક્ષણસંપન્ન પરમવિપ્રયોગ રસભોક્તા શ્રીમદાચાર્યજીને શરણે રહીને તદુપદિષ્ટ માર્ગનું અવલંબન કરવું અને નિરંતર ભગવદ્ગુણગાન કરવું કારણકે શ્રીમુખની જ ઉપર પ્રમાણે આજ્ઞા છે.

૧૦૬. બાહ્ય સાધન તિલક-માલા નહાવું ધોવું વગેરે.—તિલક માલા ધારણ કરવામાં કોઇ પ્રકારની લજ્જા રાખવી અયોગ્ય છે. આપણે પ્રભુના છીએ, પ્રભુએ આપણો અંગીકાર કર્યો છે, તેથી અંગીકારસૂચક ચિન્હનું-તિલકનું માલામુદ્રાનું-ધારણ કરવું તેમાં લાજ શી?

(નં. ૬૧ માં ભક્તિરસમાં જણાવ્યા પ્રમાણે ભગવાનનું ચરણારવિંદ પોતે રસાત્મક હોવાથી ભક્તને આનંદરૂપે સ્રવે છે. બ્રહ્મસંબંધમાં પ્રતિજ્ઞા લીધા પ્રમાણે આપણે આપણું સર્વસ્વ ભગવત્ચરણારવિંદમાં સમર્પણ કરીયે છીએ તો પછી આપણા મસ્તક પર પ્રભુચરણારવિંદરૂપ **તિલક** ધારણ કરવું જ જોઇએ.)

માલા વિના ક્ષણ પણ રહેવું નહિ, માલા પણ પરમ ભક્ત છે, અને પુષ્ટિમાર્ગીય ફલપ્રાપ્તિ પરમભકતના સત્સંગ વિના થઈ શકતી નથી, તેથી પુષ્ટિમાર્ગ સમ્પ્રદાયમાં પ્રથમ જ સત્સંગરૂપ લીલામધ્યપાતી ભક્તરૂપ માલાનું દાન કરવામાં આવે છે. જેમ માલાને હસ્તમાં લઇને પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનું ધ્યાન કરે છે-ગુણગાન કરે છે, તેમ જ સર્વના અને વિશેષત: પુષ્ટિસ્થ ભક્તના પતિરૂપ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચંદ્રનું માલા ધારણ કરીને ધ્યાન કરવું, ગુણગાન કરવું.

૧૦૭. સાયુજ્ય જોઇએ, કૈવલ્ય નહિ.—જગત શૂન્ય નથી, Cipher નથી Zero નથી, પણ બ્રહ્મરૂપ છે એટલે માત્ર જીવ અને જગતનું ઘટસ્ફોટવત્ કૈવલ્ય (elimination) કરવું યોગ્ય નથી, પરન્તુ જે આનંદાદિ ધર્મ ગુપ્ત છે તેનું અગ્નિવત્ મથન કરીને પ્રાકટ્ય કરવું તેનું Evolution કરવું યોગ્ય છે, પ્રાકટ્ય (Evolution) વિકાસક્રમમાં ઇશ્વરે આપણને જે કર્તવ્ય ફરમાવ્યું છે તે કર્તવ્ય કરીને ઇશ્વરની લીલામાં સહાયભૂત થઇને પૂર્ણ આવિર્ભાવને (Complete Evolution) દરજ્જે પહોંચવું એ શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તનું પરમ મર્મ છે. એ પૂર્ણ આવિર્ભાવ યજ્ઞ વિના થતો નથી માટે વેદમાં યજ્ઞને જ પ્રથમ ધર્મ કહ્યો છે.[1]

---

૧. यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्। દેવતાઓએ યજ્ઞથી યજ્ઞનું યજન કર્યું તે ધર્મ પ્રથમ હતા.

૧૦૮. લોકાતીત–વેદાતીત પુષ્ટિમાર્ગ એટલે શું ?– પુષ્ટિમાર્ગમાં લોક અને વેદની અપેક્ષા નથી, લોક અને વેદને ભય પણ નથી, **પુષ્ટિમાર્ગમાં લોકના, વેદના અને સર્વના નિયામક પરમાત્માની જ અપેક્ષા છે,** એટલે તેમાં લોક અને વેદની પૃથક્ અપેક્ષા ન જ હોય. છાંદોગ્યમાં સાતમા પ્રપાઠકમાં નારદ અને સનત્કુમાર ભકતના ભૂમા વિદ્યાપ્રસંગમાં "आत्मन एवेदं सर्वम्" કહીને **ભક્તને પરમાત્માની જ અપેક્ષા છે** એમ સ્પષ્ટ ઉપદેશ કર્યો છે તૈત્તિરીયોપનિષદ્‌માં આનંદમય સ્વરૂપ પ્રસ્તાવમાં આનંદમય સ્વરૂપનું પાન કરનારને કોઇનું પણ ભય નથી એમ 'यतो वाचो निवर्तन्तेऽप्राप्य मनसा सह आनन्दं ब्रह्मणो विद्वान्न बिभेति कुतश्चन' શ્રુતિ સ્વતઃ જ આજ્ઞા કરે છે. લૌકિક અન્નમય, પ્રાણમય, અને વૈદિક મનોમય વિજ્ઞાનમય એ સર્વમાં સર્વાન્તર આનંદમય પુરુષ જ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ છે. પરમ-બ્રહ્માપન્ન આનંદમયના આનંદની માત્રામાત્રમાં અન્નમયાદિ લૌકિક વૈદિકની ઉપજીવિકા ચાલે છે. આનંદમય પરમાત્માની ઉપરિ કાંઇ નથી, તેથી આનંદમય પુરુષોત્તમના સ્વરૂપામૃતનું પાનકરનાર ભક્ત સ્વરૂપામૃતના ઉન્માદમાં સાધનભૂત મનોમય વેદની પણ અપેક્ષા અથવા ભીતિ ન રાખે એ પુષ્ટિમાર્ગનું પરમ ભૂષણ છે. **ફલ પ્રાપ્ત થયા પછી પણ સાધનને માયાવાદિવત્ મિથ્યા માનવામાં આવતું નથી, પરન્તુ બ્રહ્મરૂપ જ માનવામાં આવે છે, એવી પરમવૈદિકતા પુષ્ટિમાર્ગની છે.** સ્વતંત્ર ભક્તિમાર્ગ વેદથી વિરુદ્ધ નથી નિઃસાધનતાથી પ્રભુને શરણે આવનાર ભકતોએ કોઇપણ પ્રકારે વેદની નિંદા કરવી જોઇએ નહિ, કારણ વેદની નિંદા કરવાથી નિઃસાધન જીવોની દીનતામાં ન્યૂનતા આવે, અભિમાન–વૃત્તિ થઈ આવે તો હીનયોનિમાં અવતરીને તે વેદ-નિંદાનું ફલ ભોગવવું પડે તેથી અજ્ઞાનથી કે ગર્વથી વેદની નિંદા કરવી નહિ. જ્યાં લોક અને વેદની ગતિ પણ કુંઠિત થઈ જાય છે એવા પુષ્ટિમાર્ગમાં અનુભવૈકગમ્ય સાક્ષાત્પૂર્ણપુરુષોત્તમ સાથે સંબંધ હોવાથી તે લોક અને વેદથી અતીત છે એમ નિશ્ચય રાખીને લોકવેદાતીત ભક્તિમાર્ગનું ગ્રહણ કરવું.

લોક અને વેદની ગતિ પહોંચી શકે નહિ તેવા અનુભવૈકગમ્ય ભાવાત્મક પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણના અનુગ્રહ બલથી જ ફલપ્રાપ્તિ હોવાથી લોકવેદાતીત કહેવાય છે.

શ્રીમહાપ્રભુજી તેથી જ આજ્ઞા કરે છે કે 'वैदिकत्वं लौकिकत्वं कापट्यात्,' અર્થાત્ લૌકિક અને વૈદિક કાર્ય સ્વમાર્ગાનુસાર સેવાદિ કાર્યમાં બાધ ન આવે તેમ તેમાં આસક્તિ રાખ્યા વગર કરવું કારણ તે માર્ગ પણ પ્રભુએ વેદાદિ શાસ્ત્રદ્વારા યોજેલ હોવાથી તેનો વિરોધ કરવામાં આવે તો તેથી હીન યોનિમાં આવવું પડે. તે પણ ભગવત્કૃત વેદદ્વારા પ્રવર્તાવેલ માર્ગ છે અને જે જીવોને ક્રમમુક્તિનો અધિકાર છે તેમને માટે તે માર્ગ છે તેને મર્યાદામાર્ગના નિર્દેશથી શ્રીમહાપ્રભુજી કહે છે.

વેદ ત્રૈગુણ્ય વિષય છે અને પુષ્ટિમાર્ગ ગુણાતીત (ગુણથી પણ પર) નિર્ગુણ છે તેથી પુષ્ટિમાર્ગને **વેદાતીત** કહે છે, 'त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन' ઇત્યાદિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પણ વેદને ત્રૈગુણ્ય વિષય કહે છે, અને સાક્ષાત્ ઈશ્વરેશ્વર શ્રીકૃષ્ણ અત્ર નિસ્ત્રૈગુણ્ય વેદાતીત માર્ગ ગ્રહણ કરવાનો ઉપદેશ કરે છે. પુષ્ટિમાર્ગ લોકાતીત વેદાતીત હોવા છતાં પરમ વૈદિક છે.

૧૦૯. **દેવકીજી.**—देवानां समूहो देवकी, सम्पूर्णे देवसमूहे पूर्णे सत्त्वं भवति तच्च सत्त्वं भगवदाविर्भावे आधारत्वेन निमित्तत्वं भवति (સુ. ભા. ૧૦–૩–૮) દેવોનો સમૂહ તે દેવકી. દેવકીજી પૂર્ણ દેવસમૂહરૂપ છે તેથી એમનામાં પૂર્ણ સત્ત્વ હતું. ભગવાનનો આવિર્ભાવ થવામાં આધારરૂપ નિમિત્ત એ સત્ત્વ હતું.

૧૧૦. ભગવન્નિષ્ઠ કર્મના અધિકારી.—૧. કર્મના પ્રયોજનવાળો ૨. કર્મના સ્વરૂપને જાણનાર, ૩. શક્તિમાન્, ૪. શાસ્ત્રજ્ઞ એ રીતે ચાર ગુણવાળો હોય તે કર્મનો અધિકારી છે. (સુબોધિનીજી)

૧૧૧. ભગવદ્‌ભાવમાં હાનિકર્તા.—शोकहर्षभयद्वेषलोभमोहमदान्विताः मिथो घ्नन्तं न पश्यन्ति भावैर्भावं पृथग्दृशः ॥ (ભા. ૧૦–૪–૨૭.) શોક, હર્ષ, ભય, દ્વેષ, લોભ, મોહ અને મદ એ જેમનામાં હોય તેઓ ભિન્ન દૃષ્ટિવાલા હોઇ ભાવોથી હણાતા ભાવને જોઈ શકતા નથી.

૧. **શોકને** લીધે ભગવાનનું ઐશ્વર્ય જાણી શકાતું નથી. ભગવાન્ સર્વ કરવાને, ન કરવાને અને અન્યથા કરવાને શક્તિમાન્ છે, તેથી શોક કરવાનું પ્રયોજન નથી.

૨. **હર્ષને** લીધે ભગવાનનું કાલરૂપ વીર્ય જાણવામાં આવતું નથી.

૩. **ભયને** લીધે ભગવાનનો યશ જાણવામાં આવતો નથી. ભગવાન્ અયોગ્ય કરતા નથી. અયોગ્ય કરે તો યશ જ ન થાય.

૪. **દ્વેષ** સ્ત્રીકૃત છે અર્થાત્ દ્વેષનું મૂલ સ્ત્રી છે. અને લોભ ધનકૃત છે. દ્વેષ અને લોભને લીધે ભગવાનની શ્રીનું જ્ઞાન થતું નથી. સ્ત્રી અને ધન બન્ને ભગવાનના છે તેથી જીવ તન્મૂલક દ્વેષ અને લોભ કરવો ઉચિત નથી.

૫. **મોહને** લીધે ભગવાનના જ્ઞાનધર્મનું જ્ઞાન થતું નથી. સર્વવસ્તુ ભગવદીય છે એમ જાણ્યાથી મોહ થાય નહિ એ પ્રસિદ્ધ છે.

૬. **મદને** લીધે વૈરાગ્યનું જ્ઞાન થતું નથી અને વૈરાગ્યને અભાવે પ્રાણીઓ મત્ત થઈ એક બીજાને મારે છે.

૧૧૨. પવિત્રતા શાથી થાય ?—कालेन स्नानशौचाभ्यां संस्कारैस्तपसेज्यया ॥ शुध्यन्ति दानैः संतुष्टया द्रव्याण्यात्मात्मविद्यया (શુકદેવજી ભા. ૧૦–૫–૪.) **પૃથ્વી** આદિ પદાર્થ કાલથી પવિત્ર થાય છે, દેહાદિક સ્નાનથી પવિત્ર થાય છે, અપવિત્ર પદાર્થથી જેને લેપ થયો હોય તે ધોવાથી પવિત્ર થાય છે, મન સંતોષથી પવિત્ર થાય છે, દ્રવ્ય દાનથી પવિત્ર થાય છે અને આત્મા બ્રહ્મવિદ્યાથી પવિત્ર થાય છે.

૧૧૩. પૂતના—અવિદ્યા.—पूतानपि नयतीति पूतना अथवा पुरुषान-प्युन्नयति इति पूतना. પવિત્ર માણસોને અથવા પુરુષોને જે લેઇ જાય તે **પૂતના.** પૂતનારૂપી અવિદ્યા એ પવિત્રને પણ લઇ જવાને સમર્થ હતી. શ્રીહરિનો સંબંધ થવામાં જે **અવિદ્યા** જુદા જુદા અધ્યાસરૂપે અંતરાય તરીકે નિવડે તે જ **અવિદ્યા—પૂતના.**

૧૧૪. શોક વખતે શું કરવું.—

अथाबभाषे भगवान्नारदो मुनिसत्तमः । मा कञ्चन शुचो राजन्यदीश्वरवशं जगत् ॥
लोकाः सपाला यस्येमे वहन्ति बलिमीशितुः । स संयुनक्ति भूतानि स एव विनियुङ्क्ति च॥

શબ્દાર્થ—મુનિઓમાં ઉત્તમ નારદજી બોલ્યા કે હે રાજન્! કોઇનો પણ શોક ન કરો કેમકે આ જગત્ ઇશ્વરને વશ છે. લોકપાલો સહ વર્તમાન આ સમગ્ર લોક જે નિયંતાને બલિ (પ્રજાઓ જેમ રાજાને રાજ્યભાગ આપે છે તેમ દેવાદિક સર્વ ઈશ્વરને જે આપે છે તે બલિ કહેવાય છે.) આપે છે તે ઈશ્વર સર્વે પ્રાણિઓનો સંયોગ કરે છે અને તે જ વિયોગ કરે છે. (નારદવાક્ય ભા ૧-૧૩-૩૯-૪૦)

ટીકા. શોક. પોતાનું અનિષ્ટ જાણીને તેનાથી થતી પોતાની ન્યૂનતાને સિદ્ધ કરનાર જે અનિષ્ટ પદાર્થનું મનમાં ધ્યાન કરવું તે **શોક** કહેવાય છે. અર્થાત્ કોઇએ પોતાનું માનભંગ કર્યું હોય તેમાં પોતાની ન્યૂનતા થઇ તેનો વિચાર કરવાથી તે ન્યૂનતાનું વિશેષ જ્ઞાન થાય ત્યારે શોકનું સ્વરૂપ જણાય છે, તેથી અનિષ્ટની ભાવના કરીએ તો જ શોક થવાનો સંભવ છે માટે કોઇના અનિષ્ટની ભાવના કરવી નહિ. શોક કરવો તે નિષ્ફલ અને વિરુદ્ધ છે કેમકે **સર્વ જગત્ ઈશ્વરને વશ છે.** ભગવાને સર્વ પદાર્થનું નિર્માણ કરેલું છે અને સર્વને નિયમમાં રાખનાર પણ તે જ છે. તે ભગવાન્ કોઇના શત્રુ કે મિત્ર નથી. તે ભગવાન્ પોતાને માટે અથવા બીજાને માટે આ જગત્ કરે છે. તેમાં બીજાને માટે કરે છે એમ માનીએ તો તે સર્વનું હિત જ કરે છે એવો નિયમ છે; અને પોતાને માટે કરે છે એમ માનીએ તો પોતાની ક્રીડા સિદ્ધ થવા માટે કરે છે એવો નિયમ થાય છે. તેમાં બીજાને માટે કરે છે એ પક્ષનો વિચાર કરતાં ભગવાન્ જીવનું હિત કરે છે તેમાં જીવ શોક કરે તે નિષિદ્ધ કહેવાય, અને ભગવાન્ પોતાનું હિત કરતાં છતાં તે બાબત જીવ શોક કરે ત્યારે ભગવાનનો કોપ થાય, માટે આ પક્ષ પ્રમાણે શોક કરવો ઘટતો નથી હવે ભગવાન્ પોતાની ક્રીડા સિદ્ધ કરવા માટે જગત્ કરે છે એવો પક્ષ સ્વીકારીએ તો તેમાં ભગવાન્ પોતાની ક્રીડા સિદ્ધ થવા માટે કાંઇ કાર્ય કરતા હોય તેમાં શોક કરવો એ અયોગ્ય ગણાય. ભગવાન્ બીજાને માટે જગત્ કરે છે તે પક્ષ સ્વીકારતાં પોતાના પુત્રનો નાશ થાય ઇત્યાદિક કાર્યોમાં ભગવાને

આપણું હિત કર્યું એમ કેમ સમજાય એમ શંકા કરવી નહિ, કારણ કે મમતાના સ્થાનકરૂપ જે પુત્રાદિક હોય છે તેને દૂર કરીને ભગવાન્ મમતા નિવૃત્ત કરે છે તે હિત જ કરે છે, જેથી સર્વ જગત ભગવાનને અધીન હોવાથી પોતાનો તેમ જ બીજા કોઇનો પણ શોક કરવો નહિ, પરાર્થ માટે ભગવાન્ કોઇનો સંયોગ કે વિયોગ કરે છે તો હિત જ કરે છે અને પોતાની ક્રીડા સિદ્ધ કરતા હોય તો તેમાં આડે આવવું અયોગ્ય છે, એવી રીતે બન્ને પ્રકારે ભગવાન્ સર્વથા સર્વનું હિત કરે છે એમ જાણવું. (વધુ જિજ્ઞાસુએ પ્રથમસ્કંધ સુબોધિનીજી પાન. ૩૪૫ થી ૩૬૩ વાંચવા)

૧૧૫. પૂતના-વધ-તાત્પર્ય.—બાલકોને હણનાર દુષ્ટ પૂતના (અવિદ્યા) નો નાશ કરી ભગવાને પોતાનાં ષડૈશ્વર્ય બતાવ્યાં.

૧. નિર્દોષ પ્રાણિઓને હણનાર દુષ્ટ વ્યક્તિઓનો નાશ કરવો યોગ્ય છે. એમ બતાવી ભગવાને પોતાનું **ઐશ્વર્ય** પ્રકટ કર્યું.

૨. ઝેર જીરવવાનું પોતામાં સામર્થ્ય છે, તેથી ઝેરી પયનું પાન કરી પોતાનું **વીર્ય** દર્શાવ્યું.

૩. ભગવાન્‌ની વયનું બાલક જે કાર્ય કરી ન શકે તે કરીને ભગવાને પોતાનો **યશ** દર્શાવ્યો.

૪. કોઇપણ હથિયારથી અથવા બીજીરીતે ન મારતાં પૂતનાનું સ્તનપાન કરી એને મારી નાખી એથી **શ્રી** એટલે શોભા દર્શાવી.

૫. પૂતના દોષવાન્ હતી એમ જાણીને એને મારી તેથી ભગવાને **જ્ઞાન** બતાવ્યું.

૬ પૂતનાના મરણરૂપ કાર્ય ભગવાને રાગદ્વેષરહિત રીતે કર્યું તેથી એમના **વૈરાગ્યનું** સૂચન થાય છે.

એ ઉપરાંત ભગવાને **ધર્મી** સ્વરૂપથી એને મોક્ષ આપ્યો.

૧૧૬. ભગવન્નામ જપવા છતાં દોષયુકત કેમ ?— ભગવાન્‌નાં નામ ज्ञानपूर्वकं शुद्धभावेन वस्तुतत्त्वे ज्ञाते एव तद्बुद्धया उच्चरितानि જ્ઞાન-પૂર્વક, શુદ્ધ ભાવથી, વસ્તુતત્ત્વની માહિતી સાથે એટલે ભગવત્સ્વરૂપના જ્ઞાન-પૂર્વક ભગવદ્ બુદ્ધિથી લેવાં જોઇએ, અર્થાત્ ભગવાન્‌નું નામ ભગવાન્‌નું સ્વરૂપ ધ્યાનમાં રાખીને લેવું જોઇએ, કેમકે નામ સાથે રૂપનો સંબંધ છે, તેમ કરવામાં ન આવે તો, જેમ અગ્નિના નામમાત્રથી દાહ અથવા પાકક્રિયા થઇ શકતી નથી તેમ રૂપસંબંધને અભાવે વર્ણાત્મક ભગવાનનું નામ લેવાથી પ્રપંચની નિવૃત્તિ થતી નથી વર્ણાત્મક નામમાહાત્મ્યજ્ઞાનની સાથે જ રૂપનો સંબંધ છે. એ કારણથી માત્ર નામ જપનારામાં ચિત્તની શુદ્ધિ જોવામાં આવતી નથી. તેમાં નામનો દોષ નહિ સમજતાં, તેનો ઉચ્ચાર કરનારના ચિત્તનો દોષ સમજવો.

૧૧૭. અહંતા–મમતા શોકનું કારણ.—इन्द्रियाणां भगवदर्थसृष्टत्वात् तैर्भगवत्कार्ये क्रियमाणे स्वयं वृथाध्यासं (देहादिषु तत्सम्बन्धिषु च यथायथं अहन्तां ममतां च) कृत्वा शोको न कर्तव्यः। (सु १–१३–४२.) ઇંદ્રિયો ભગવદર્થ સૃજ્યેલી હોવાથી તેઓ ભગવત્કાર્ય કરે તેમાં વૃથા અધ્યાસ કરીને, દેહાદિમાં અહંતા અને સંબંધિઓમાં મમતા કરીને શોક કરવો નહિ.

૧૧૮. આશીર્વાદ કોના ફલે?—येऽसूयानृतदम्भेर्ष्याहिंसामानविवर्जिताः॥ न तेषां सत्यशीलानामाशिषो विफलाः कृताः। (શુકદેવજી. ભા ૧૦–૭–૧૩.) જેઓ ૧. અસૂયા (ગુણમાં દોષનો આરોપ કરવો) ૨ જુઠું બોલવું ૩. દંભ, ૪. ઇર્ષ્યા, ૫. અભિમાન, ૬. હિંસા અને માન એ અવગુણથી રહિત સત્ય સ્વભાવવાલા હોય છે, તેઓએ આપેલા આશીર્વાદ વ્યર્થ થાય જ નહિ.

૧૧૯. અસંભાવનાનું બલ.—અવિદ્યારૂપ પૂતનાને મારી, લૌકિક આસક્તિ ઉત્પન્ન કરે એવા વિષયોથી લધાયેલું ગાડું–સંસારરૂપ અથવા અહન્તામમતારૂપ શકટ–ભાગી નાખ્યું, મોહરૂપ તૃણાવર્તનો નાશ કર્યો તો પણ અસંભાવના મટી નહિ અને ભગવદાસક્તિ દઢ થઈ નહિ તેથી અસંભાવના મટાડવાને અને ભગવદાસક્તિ દઢ કરવાને માટે ભગવાને યશોદાજીને પોતાના મુખમાં બ્રહ્માંડનું દર્શન કરાવ્યું.

૧૨૦. મકરંદ (ભક્તિરસ).—પુરુષસુખ, બ્રહ્મસુખ અને અર્થસુખને આપે તે મકરંદ કહેવાય છે, તે કેવલ એક ભગવાનના ચરણારવિન્દમાં જ રહે છે. પ્રેમવડે ભગવાનની સેવા કરે ત્યારે તેમાં તેના સ્વરૂપનો આવિર્ભાવ થાય છે, કેવલ ભકતને જ તે ભોગવવા યોગ્ય છે અને વિશેષપણાથી તેમનું લક્ષણ કહી શકાતું નથી જે મકરંદના સ્વાદ માટે સમગ્ર ભકિતમાર્ગ અને શાસ્ત્ર છે તેવીરીતના સ્વાદને લેનારાની કથાવડે શાસ્ત્રના અર્થનું જ્ઞાન થાય છે.

૧૨૧. પ્રવાહી જીવનું જીવન.—मन्दस्य मन्दप्रज्ञस्य वयो मन्दायुषश्च वै। निद्रया ह्रियते नक्तं दिवा च व्यर्थकर्मभिः॥ (ભા. ૧–૧૬–૯) જેનું આયુષ્ય વ્યર્થ જાય છે તે પોતે આલસુ હોવાથી કાંઇ કર્મ કરી શકતો નથી, બુદ્ધિ મંદ હોવાથી જ્ઞાન નથી અને આયુષ્ય મંદ હોવાથી ભ[illegible] નથી એમ બતાવ્યું છે. તેવા પુરુષનું રાત્રિસંબંધિ આયુષ્ય નિંદ્રા વડે [illegible] છે અને દિવસસંબંધી આયુષ્ય વ્યર્થ કામોવડે હરાય છે; માટે સર્વ આયુષ્યનો બ[illegible] સ્થલમાં વિનિયોગ થવાથી મૃત્યુ નિવૃત્ત કરવાનું તેમનું સામર્થ્ય નથી. (સુબોધિનીજી).

શુદ્ધિ.

પાન ૨ અંક ૨ લીટી ૨. છે ને બદલે છો. પાન ૨૦ અંક ૬૦ લીટી ૨૨. તેને ને બદલે તેનો. પાન ૨૮ ,, ૮૩ ,, ૨૮. સવા ને બદલે સેવા. પાન ૨૯ ,, ૮૫ ,, ૧૨. मुख्या ने बदले मुखा. પાન ૩૨ ,, ૮૯ ,, ૭. અપરસરણ ને બદલે અપસરણું અને જે પ્રતમાં પાન ૭ અંક ૨૩ લીટી ૨ શુકલ ૧૪ હોય ત્યાં શુકલ ૧૨ તથા છાપતાં જ્યાં । ि ी े વગેરે જતાં રહેલાં હોય ત્યાં તે સુધારીને વાંચવું. (પ્રકાશકો)

પ્રથમ આવૃત્તિ સંપૂર્ણ.

શ્રીપુષ્ટિમાર્ગીય (સંયુક્ત) પુસ્તકાલયો.

(વ્યવસ્થાપક કમિટી શ્રીવૈષ્ણવસેવામંડલ.)

છુટથી વાચનનો લાભ લઇ શકાય તેમ પુસ્તકોનો દુરૂપયોગ થાય નહિ, તે માટે પુસ્તકાલયોની વ્યવસ્થા માટેની યોજનાનો ખરડો તૈયાર કરવામાં આવેલ છે. નીચે જણાવેલ નિયમે સભાસદો થઇ શકે છે.

કાર્યવાહક કમિટીના સભાસદ: રૂ. ૨૦૦) અગર વધુ સહાય કરે તે સભાસદ થઇ શકે છે.

પુસ્તકાલયના સભાસદ: પોતાને ત્યાં પુસ્તકો બિરાજતાં હોય તે નિયમ મુજબ વગર લવાજમે વાચવા આપી શકે તેવા ગૃહસ્થો થઇ શકે છે.

સહાયકારી સભ્ય: રૂ. ૫) અને તેથી વધુ રકમનાં પુસ્તકો અગર રોકડ ભેટ આપનારને સહાયકારી સભ્ય તરીકે ગણવામાં આવશે.

વાચનાર સભ્ય: રૂ. ૫) ડિપોઝીટ ભરી પુસ્તકો વાચવા માટે લઇ જવા ઇચ્છનાર વાચનાર સભ્ય તરીકે નામ નોંધાવી શકે છે.

વોલન્ટીઅર: પુસ્તકાલયોની વ્યવસ્થામાં જોઇતી સહાય આપનાર.

વધુ માટે લખો અગર મળો—**ચુનીલાલ પરીખ.**

ઓ. સે. શ્રીવૈષ્ણવસેવામંડલ.

૧૦૮, મીન્ટ રોડ, કોટ, **મુંબઇ.**

શ્રીવૈષ્ણવસેવામંડલ.

સલાહકાર: **મ. ગ. શાસ્ત્રી.** M. A. પ્રોફેસર, ડેક્કન કોલેજ **પૂના.**

વાડીલાલ ન. શાહ. B. A., LL. B.

પ્રમુખ: **ધીરજલાલ વ. સાંકળીઆ.** B. A., LL. B.

સેક્રેટરી: **ચુનીલાલ પરીખ.** મારબલ અને ગાઇલ્સના વેપારી.

સભાસદ જે તન મન ધનથી શ્રીનામસેવાપ્રીત્યર્થે સાંપ્રદાયિક સાહિત્યનો ફેલાવો કરવા ઇચ્છતા અને જરૂર પડે રૂ. ૫૦) સુધી વાર્ષિક ખર્ચ કરી શકે તેવા કોઇ પણ ભગવદીય કાર્યવાહક સભાસદ થઇ શકે છે.

મંડલ તરફથી ગયા વર્ષમાં શ્રીપુષ્ટિમાર્ગીય (સંયુક્ત) પુસ્તકાલયો માટેની યોજનાનો ખરડો તૈયાર કરવામાં આવેલ છે, જાહેર પત્રોમાં તેમ જ ધાર્મિક અને ઉપદેશાત્મક લખાણો દર્શાવતી પત્રિકાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે. તદ્દન લવાજમ વગર ફરતી લાયબ્રેરીની યોજના મુજબ પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરવાની ગોઠવણ ચાલુ છે. વધુ માહિતી માટે સેક્રેટરીને લખવું અગર મળવું. ૧૦૮, મીન્ટ રોડ, કોટ, મુંબઇ.

છાપનાર:-**ગોવિન્દજી ડાહ્યાભાઈ નાયક.**
છાપવાનું ઠેકાણું:-"શ્રી અનાવિલ બંધુ" પ્રીન્ટીંગ પ્રેસ. રાનપુરી ભાગળ-**સુરત.**
શ્રી વૈષ્ણવ સેવામંડળ તરફથી છપાવી પ્રકટ કરનાર
ચુનીલાલ પરીખ, ઓ. સેક્રેટરી. ૧૦૮, મીન્ટરોડ, કોટ,-મુંબઈ.